# મઝહબે સુન્નત વ જમાઅત

યા'ને

**મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.........**

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃاللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃاللہ علیہ

# બરકાતે ખ્વાજા (માસિક)

**"બરકાતે ખ્વાજા" (માસિક)**

**૧–એપ્રિલ–૨૦૦૪**

**સફરુલ્ મુઝફ્ફર–રબીઉલ અવ્વલ**

**હિ.સ. ૧૪૨૫**

**વર્ષ : ૦૧ અંક : ૦૪, સળંગ અંક : ૦૪**

**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**

**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**

**બરકાતે ખ્વાજા (માસિક)**

**C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા**

**તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦**

**ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨**

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦–૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦–૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15–00 |
| ★ પેટ્રન ફી | રૂા. | ૧૦૦૦–૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦–૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150–00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250–00 |

## ★ જશ્ને મીલાદ હમ મનાએંગે ★

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

જશ્ને મીલાદ હમ મનાએંગે
રબસે સદકા નબીકા પાએંગે
દૂર દિલકી સિયાહી કરનેકો
મેહફિલે નઅત હમ સજાએંગે
આજકી શબ હૈ રહમતોંકી શબ
રબકી રહમતમેં હમ નહાએંગે
માંગના હૈ તો મદીના માંગો
સદકએ મીલાદ વો બુલાએંગે
દેખકર કબ્રમેં હુઝૂરકો હમ
નઅતે સલ્લેઅલા સુનાએંગે
મુઝકો ઝાલિમ ન સમઝના બેબસ
મેરે આકા મુઝે બચાએંગે
અપની આંખોંકી હિફાઝત કરના
અપના જલ્વા તુમ્હેં દિખાએંગે
અપને કાનોંકી હિફાઝત કરના
મુઝદહ્ બખ્શિશકા વો સુનાએંગે
અપને હાથોંકી હિફાઝત કરના
જામ કૌષરકે વો પિલાએંગે
કાશ ! ફર્મા દે હશ્રમેં આકા
આ જા 'શાકિર' તુઝે નિભાએંગે

**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

નૂરાની આર્ટ, દયાદરા. ફોન : ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧



નોંધ : ગ્રાહક નંબર ....... આપનુ લવાજમ તા. ....... થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક) એપ્રિલ-૨૦૦૪

અંક : ૦૪ | સળંગ અંક : ૦૪


## અનુક્રમણિકા


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૧. | **તંત્રી લેખ** : દરબારની આ શાન છે તો સરકાર صلی اللہ علیہ وسلم નો આલમ શો હશે ?! | પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | લેખક : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યલય) | ૦૮ |
| ૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૧ |
| ૪. | શિફા શરીફ | લેખક : હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૫ |
| ૫. | ઈસ્લામ અને આધુનિક શોધો | લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની (ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૯ |
| ૬. | ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત | પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૨૨ |
| ૭. | કુફ્રનો મસ્અલો અને ઈમામ અહમદ રઝા | લેખક : હઝરત મુફતી શરફુલ હક્ક رحمۃ اللہ علیہ અનુવાદક : હાફેઝ મૂસા ઝંઘારવી | ૨૪ |
| ૮. | **બઝ્મે સહાબા** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીક رضی اللہ عنہ ની બહાદુરી | **અઝ** : હઝરત મૌલાના કલીમુલ્લાહ સાહબ નિઝામી *(સદર મુદર્રિસીન, દા.ઉ. ગુલશને અજમેર–ભરૂચ)* | ૨૭ |
| ૯. | લકબોની દુનિયામાં ડોકીયું ! | કાર્યાલય | ૩૧ |
| ૧૦. | ઈમાન અને અમલ | જનાબ હઝરત મૌલાના હસન આદમ કોલવનવી | ૩૫ |
| ૧૧. | સુન્નીઓ ઉઠો ! આવો ! કલમની તલવાર લઈએ ! | કાર્યાલય | ૩૭ |
| ૧૨. | આપણી નમાઝ | જનાબ હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી–આમોદ | ૪૦ |
| ૧૩. | ફતવા વિભાગ | મુફતી હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી | ૪૨ |
| ૧૪. | જસ્ટીસ પીરઝાદાનો પત્ર | કાર્યાલય | ૪૫ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | કાર્યાલય | ૪૬ |



# દરબારની આ શાન છે તો સરકારનો આલમ શો હશે ?

**તંત્રી લેખ**

| | |
|---|---|
| યે કિસ શહનશાહે વાલાકી આમદ હૈ<br>બોલો મરહબા ! બોલો મરહબા ! બોલો મરહબા ! | રોસુલ ઉન્હીં કા તો મુઝ્દા સુનાને આએ હૈં<br>ઉન્હીં કે આનેકી શાદી રચાને આયે હૈ |

–(હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہ)

૧૨ રબીઉલ અવ્વલ શરીફના મુબારક દિવસે દુનિયામાં કોણ તશરીફ લાવ્યું ! આ ઈમાનવાળા બંદાઓમાં ખુશીની બહાર શાની ખીલી ઉઠી છે ! એવું તો કોણ આવ્યું કે ચો તરફ રોશની સાથે "મરહબા ! મરહબા !"ની પુકારો ગુંજી રહી છે ?! અરે ! કરોડો વ્યક્તિઓ દુનિયામાં આવી અને ગઈ, આવો શોર તો કોઈના આગમન પર નથી જાયો ! છેવટે આ છે કોણ કે કાયનાતમાં હલચલ મચાવી દીધી છે !

### ★ ઈમાનવાળાઓ પર અલ્લાહનું એહસાન ★

તો સાંભળો ! આ તે મહાન હસ્તી છે જેના માટે આ શોર કેવળ મખ્લૂક જ નથી મચાવી રહી, બલ્કે રબ્બે કાયનાત પાક પરવરદિગાર ખૂદ કુર્આનમાં એલાન ફર્માવી રહ્યો છે કે :–

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ
اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ

**(અર્થ)** : "બેશક ! અલ્લાહ તઆલાએ ઈમાનવાળાઓ પર એહસાન કર્યું જયારે કે તેમનામાં એક "મહાનતાવાળો રસૂલ" તેમનામાંથી મોકલ્યો."

હે લોકો ! વિચારો આ દુનિયા કેટલી વિશાળ છે ? તેમાં કેટલી માલ મતા છે, ખજાનાઓ, કેટલી ખૂબસૂરતીઓ છે, કેવાં કેવાં સ્થળો છે ?! આવી મહાન જણાતી દુનિયા માટે પણ રબ ફર્માવે છે કે **"કુલ મતાઉદ્દુન્યા કલીલ"** આ દુનિયાને રબ મામૂલી જણાવે છે ! તો હવે વિચારો કે જેને રબ તઆલા **મહાન** બતાવે તેની મહાનતા તથા મર્તબાનો અંદાઝો કોણ લગાડી શકે છે ?!

### ★ બદ્બખ્તોની બોલી આવી હોય છે ! ★

છતાંય આ દુનિયામાં એવા બદ્બખ્તો પણ છે તથા કેટલાય એવા જહન્નમ રશીદ થઈ ગયા જેમનો અકીદો હતો કે, "હુઝૂર તો આપણી જેવા બશર છે." મઆઝલ્લાહ ! જેમ કે દેવબંદીઓના પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે કે :–

- "મખ્લૂક નાની હોય કે મોટી તે અલ્લાહની શાન આગળ ચમાર (મોચી)થી પણ અધિક નીચ છે." *(તકવિયતુલ ઈમાન)*
- "બધા અંબિયા તથા ઔલિયા તેના (અલ્લાહ) નજીક અલ્પ રજથીયે વધુ અશક્ત છે." *(તકવિયતુલ ઈમાન)*
- અને એ વાતમાં (ગયબ જાણવામાં) અવલિયા, અંબિયા તથા જિન તથા શૈતાન

તથા ભૂત અને પરીમાં કાંઈ ફરક નથી. *(તકવિયતુલ ઈમાન)* આ છે બદ્‌બખ્ત ! કે અવલિયા–અંબિયાને જિન, શૈતાન, ભૂત, પરી સાથે ખડા કરી દીધા!

ઉપરોક્ત કુર્આનનું એલાન જુઓ અને પછી આ દેવબંદી મોલ્વીનું લખાણ જુઓ અને વિચારો કે રબ તો પોતાના રસૂલને મહાનતાવાળા રસૂલ દર્શાવે છે, અને આ કહેવાતા મુસલમાન કેવા હલકા શબ્દો વડે આપની ઓળખ આપે છે ?! માટે એવા લોકોથી દૂર રહો, જેમની આ બોલી હોય અથવા આવું બોલનાર લખનારને તેઓ પોતાનો પેશ્વા ગણતા હોય, ભલે જાહેરમાં ગમે તેવા ઢોંગી અમલો હોય, કેમ કે તેમની નમાઝો, હજ્જો તથા સર્વ અમલો ધૂળમાં મળી ચૂક્યા છે.

## ★ જાન હૈ વો જહાન કી..... ★

અરે રસૂલે પાક ﷺ નો તો એ મર્તબો છે કે રબ્બે કાયનાત ફર્માવે છે કે :– لَوْلَاكَ لَمَا خَلَقْتُ الْاَفْلَاكَ એટલે કે "હે મહબૂબ ! જો તમને પેદા ન કરત તો દુનિયાને જ પેદા ન કરત."

રબ તઆલા તો ફર્માવે છે કે આખી સૃષ્ટિનું સર્જન હે મેહબૂબ ! તમારા ખાતર જ કર્યું છે, તમને પેદા ન કરત તો દુનિયાને જ પેદા ન કરત ! આટલી મહાનતા આપની દર્શાવી રહ્યો છે, તો કોઈ માનવી શું આપની હસ્તીની પ્રશંસા કરી શકે ?!

આવો દોસ્તો ! રબ્બે કરીમે આપની હસ્તીને કેટલી મહાનતા આપી છે તેને સમજવા કેવળ આપ જે જગાએ આરામ ફર્માવી રહ્યા છે તે શહેરનું શું મહત્વ છે કેવળ તેનો જ આજે અભ્યાસ કરી લઈએ અને ઈમાનને તાજગી બખ્શીએ.

## ★ મદીના પાકની ફઝીલત ★

મદીના મુનવ્વરાનાં ઘણાં નામો છે. નામોની અધિકતા જ જાહેર કરી રહી છે કે આ શહેર શરીફની કેટલી અઝમત છે. જેનાં નામો વધારે હોય તેની ઉચ્ચતા પણ વધારે હોય છે. પૃથ્વીના પટ પર કોઈ એવું શહેર નથી જેનાં નામો આટલી અધિક સંખ્યાએ પહોંચ્યાં હોય. અમુક ઉલમાએ કોશિશ કરીને લગભગ **૧૦૦** અને અમુકે એની આસપાસ એકત્ર કર્યા છે. અહીં અમુક જ નામો દર્શાવવામાં આવશે જે આ સ્થળની શરાફત તથા કરામત માટે ચમકતા સૂર્યની જેમ છે. જે નામ હુઝૂર ﷺ નું પસંદીદા તથા પ્રિય છે તે "તાબહ્" તથા "તય્‌બહ્" અને "તૈયબહ" આ નામોનું બોલવું તેની પવિત્રતાના કારણે છે, એટલા માટે કે શિર્કની ગંદકીથી આ ભૂમિ પાક છે તેમજ તેની આબોહવા અતિશય પાકીઝા છે.

## ★ મદીનાની માટીની ખૂશ્બૂ મુશ્ક–અંબરથી શ્રેષ્ઠ ★

શિબ્લી એક સાફ બાતિન અને અહલે દિલ ઉલમામાંથી છે તે ફર્માવે છે કે, "મદીના પાકની માટીમાં એક ખાસ ખૂશ્બુ છે જે મુશ્ક તથા અંબરમાં નથી જોવા મળતી અને આ કોઈ આશ્ચર્યની વાત નથી, એટલા માટે કે જ્યાં આગળ હુઝૂર ﷺ ના □સોની હવા પહોંચી હોય ત્યાં મુશ્ક તથા અંબરની શું હકીકત છે !

હદીષ શરીફમાં છે :–

اِنَّ اللّٰهَ اَمَرَنِیْ اَنْ اُسَمِّی الْمَدِیْنَةَ طَابَه

તર્જુમો : "અલ્લાહ તઆલાએ મને હુકમ આપ્યો છે કે હું મદીના તય્‌બહનું નામ "તાબહ" રાખું. વહબ ઈબ્ને મુનબ્બિહ ફર્માવે છે કે, "મદીનાનું નામ તૌરાતમાં "તાબહ્" તથા "તયબહ" તથા "તય્યબહ્" છે.

## ★ આ હતા ઈમાનવાળાઓ ! ★

ઈમામ માલિક رحمۃ اللہ علیہ જણાવે કે, "જે શખ્સ મદીના પાકની જમીનને અપવિત્રતા સાથે

નિસ્બત કરે અને તેની હવાને નાખુશ કહે તે શિક્ષાને પાત્ર છે, તેને કૈદ કરવામાં આવે ત્યાં સુધી કે તે સાચી તૌબા કરી લે." *(જઝબુલ કુલૂબ)*

આ ઈમામ માલિક رحمۃ اللہ علیہ કોણ છે ? સુબ્હાનલ્લાહ ! ફિકહના ચાર ઈમામો : ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ અહમદ ઈબ્ને હંબલ, ઈમામ શાફઈ તથા ઈમામ માલિક رضوان اللہ تعالیٰ علیہم اجمعین. ચાર ઈમામોનાં એક ઈમામ છે તે તો આટલી અદબ મદીના પાકની દર્શાવે છે અને ૧૫૦ વરસથી જન્મેલ વહાબી ફિર્કાના ચેલાઓ ખૂદ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝાતે પાકની જ તૌહન કરી, આપના વિશે હલકા શબ્દો કહી રહ્યા છે, તો તમે કોનું માનશો ? ૧૫૦ વરસથી નીકળેલ ફિર્કાનું કે ૧૩૦૦ વરસ પહેલાંનાં ઈમામોનું ?! તમે જ ખૂદ ફૈસલો કરી લો ! વહાબીઓ તો નબી વલીની તા'ઝીમના દરેક કાર્યને "શિર્ક ! શિર્ક !" કહીને ચિડાય છે, જ્યારે આ જ ઈમામ માલિક رحمۃ اللہ علیہ તો મદીના પાકની દરો દીવારને ચૂમતા હતા કે મારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની નજર અહીં પડી હશે ! મદીના પાકની એટલી તા'ઝીમ કરતા હતા કે કદી સવારી પર સવાર ન થતા, કઝાએ હાજતના માટે મદીનાની બહાર જતા રહેતા હતા. તો ઈમાનની સલામતીનો માર્ગ એ જ છે કે તા'ઝીમે રસૂલને અપનાવીએ અને દુશ્મને રસૂલ (વહાબી)ને ધૃત્કારીએ.

મૂળ વાત પર આવીએ તો, હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના તશરીફ લાવતાં પહેલાં મદીના શરીફને "યષરબ" કહેતા હતા એટલે "બીમારીઓનું ઘર" (અઝાબ પણ અર્થ દર્શાવ્યો છે) પણ આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આગમનથી "યષરબ" મટીને શિફા આપનાર બની ગયું. સુબ્હાનલ્લાહ ! ઈબ્ને જબાલા જે મદીનાના ઈતિહાસકારોના પેશ્વા માનવામાં આવે છે તથા ઈમામ માલિક رحمۃ اللہ علیہ ના સાથીઓમાંથી છે તેમજ અન્ય હઝરાતે પણ ઉલમાથી રિવાયત કરી છે કે, "મદીના મુનવ્વરાને યષરબ કહેવામાં ન આવે." ઈમામ બુખારી رحمۃ اللہ علیہ ની તારીખમાં એક હદીષ આવી છે કે, "જે શખ્સ એકવાર યષરબ કહે તો તેના માટે અનિવાર્ય છે કે તેની માફીના માટે દસવાર મદીના કહે." અને ઈમામ અહમદ અને અબૂ યઅલાએ રિવાયત કરી છે કે, "જો કોઈ શખ્સ મદીનાને યષરબ કહે તો તેણે જોઈએ કે રબ તઆલાની બારગાહમાં તૌબા કરે, કેમ કે એનું નામ "તાબહ્" છે. *(જઝબુલ કુલૂબ)*

મદીના શરીફનાં અન્ય નામોમાં "અર્દુલ્લાહ" તથા "અર્દુલ્ હિજરત" પણ છે, તે ઉપરાંત એનું એક નામ "ઈમાન" પણ છે. આ શહેર ઈમાનના અહકામનું મુકર્રમ મઝહર તથા મુઝહર છે અને એ જ ઈમાનનો સરચશ્મો (ઉગમ સ્થાન) છે.

## ★ હયા તથા ઈમાન મદીનામાં જમા ★

હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "ઈમાનનો ફરિશ્તો જે ઈમાનવાળાઓનાં દિલો પર ઈમાન ઈલ્કા તથા ઈલ્હામ કરે છે તે કહે છે કે હું મદીનાનો રહેવાસી છું અને હરગિઝ આ શહેરની બહાર જઈશ નહીં. જ્યારે આ વાતને હયાના ફરિશ્તાએ સાંભળી તો કહેવા લાગ્યો કે હું પણ તારી સાથે છું અને કદાપિ તારાથી અલગ થઈશ નહીં." સારી પેઠે સમજી લેવું જોઈએ કે હયા તથા ઈમાન બંને સિફતો (ખૂબીઓ) રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પાક શહેરમાં એકત્રિત છે અને એકબીજાના માટે અનિવાર્ય થઈ ગઈ છે. હદીષમાં છે : **અલ્ હયાઉ મિનલ્ ઈમાન.** (હયા ઈમાનનો ભાગ છે.)

એક નામ બલદ (શહેર) પણ છે. રબ ફર્માવે છે : لَآ اُقۡسِمُ بِهٰذَا الۡبَلَدِ એમાં રબ તઆલાએ કસમ યાદ ફર્માવી છે. એનાથી પણ કેટલાક

મુફસ્સિરોના કથનાનુસાર મદીના જ મુરાદ છે એટલા માટે કે હુઝૂર ﷺ જાહેરી હયાત સુધી ત્યાં જ મુકીમ રહ્યા અને પર્દો ફર્માવ્યા બાદ ત્યાં જ આરામ કરી રહ્યા છે જેથી આ શહેરને આ બુઝુર્ગી તથા શરાફતનો લિબાસ અતા થયો.

## ★ મદીનાની માટીમાં શિફા છે ★

"શાફિય્યહ્" પણ એનું નામ છે. હદીષ શરીફમાં આવ્યું છે કે, "મદીનાની માટી દરેક બીમારીના માટે શિફા છે." એટલે સુધી કે રક્તપિત્ત તથા કોઢના માટે પણ. મદીના મુનવ્વરાનાં ફળોથી શિફા પામવી સહીહ હદીષથી સાબિત છે તેમજ અમુક આગલા ઉલમાના જણાવ્યાનુસાર તાવના બીમારના માટે પણ સાજા થવાના બારામાં હદીષ આવી છે. અને દિલની બીમારીઓ તથા ગુનાહની બીમારીથી પણ શિફાયાબ થઈ શકાય છે.

શૈખ મુજદ્દીન ફીરોઝાબાદી ફર્માવે છે કે મેં ખૂદ અનુભવ કર્યો છે કે મારો એક ગુલામ એક વરસ સુધી સતત તાવની બીમારીમાં સપડાયેલો રહ્યો. મેં એ જગાની થોડી માટી લીધી અને પાણીમાં પલાળીને ગુલામને આપી દીધી તો એક જ દિવસમાં તે સાજો થઈ ગયો. અને શૈખ અબ્દુલહક્ક મોહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہ એ પણ અનુભવ્યું કે પગનો વરમ જે મટતો ન હતો તે મદીનાની માટીથી સારો થઈ ગયો. *(જઝબુલ કુલૂબ)*

હદીષ શરીફમાં આવ્યું છે કે ફર્માવે છે, "ખુદાની કસમ ! જેની કુદરતના કબ્જામાં મારી જાન છે ! મદીનાની માટી 'મો'મિન' છે." અને એ પણ રિવાયત છે કે તૌરાતમાં એનું નામ 'મો'મિના' છે. "મુબારકા" પણ આ શહેરનું નામ છે, સહીહ હદીષમાં આવ્યું છે કે હુઝૂરે અકરમ ﷺ એ મદીના અને તેની તમામ ચીજો માટે એટલે સુધી કે "મદ" તથા "સાઅ" (વજનનાં માપિયાં)ના વાસ્તે પણ આ દુઆ ફર્માવી છે કે હે ખુદા ! એની બરકતમાં વધારો કર ! જેવી કે મક્કામાં ખૈરો બરકત કરી છે.

હદીષ શરીફમાં આવ્યું છે કે, "મદીના પાકની ગલીઓના બંને છેડાઓ પર ફરિશ્તાઓ બેસીને તેની પાસબાની કરે છે. "મદીના પાકના નામ "મહરૂસા" તથા "મહફૂઝા" તથા "મહફૂફા" છે, આ હદીષ પરથી એના અર્થો જાહેર થાય છે. ઉપરાંત અન્ય મુબારક નામો છે જેની વિગત "જઝબુલ્ કુલૂબ"માં જોઈ શકાય છે.

## ★ મદીનાની જમીનનો એ હિસ્સો અર્શથી પણ અફઝલ ! ★

ઉલમાએ કિરામના ઈજમાએ એ સ્થળને ફઝીલત આપી છે કે હુઝૂર ﷺ ના શરીર મુબારક સાથે કબ્ર શરીફનો જે હિસ્સો સ્પર્શેલ છે તે પૃથ્વીના તમામ ભાગોથી અફઝલ છે, એટલે સુધી કે ખાનાએ કા'બાથી પણ અફઝલ છે, અને અમુક ઉલમાએ તો એટલે સુધી કહ્યું કે તમામ આસ્માનો એટલે સુધી કે "અર્શથી પણ અફઝલ છે." આસ્માન તથા જમીન આપની તશરીફ આવરીથી જ મોઅઝ્ઝઝ્ છે.

## ★ બે રકાત નમાઝ પઢો ને હજ્જનો સવાબ મેળવો ! ★

હદીષ શરીફમાં એ પણ છે કે, "જે શખ્સ રસૂલુલ્લાહ ﷺ ની મસ્જિદનો ઈરાદો કરે એટલા માટે કે બે રકાત નમાઝ અદા કરે તો કામિલ હજ્જનો સવાબ પામે છે અને જે મસ્જિદે કુબાનો ઈરાદો કરે અને ત્યાં પહોંચીને તેની અંદર બે રકાત નમાઝ પઢી લે તો ઉમરાનો સવાબ પ્રાપ્ત થશે.

## ★ મદીનામાં મૌતની તમન્ના કરો ! ★

હદીષે પાકમાં છે : ફર્માવ્યું કે, "જે શખ્સ મદીના પાકમાં ઈન્તેકાલ કરે તેના માટે કિયામતના દિવસે હું શફીઅ (શફાઅત કરનાર) બનીશ."

ઈબ્ને માજા તથા અબ્દુલ હક્કે આ હદીષને સહીહ કહી છે, અને આ શબ્દોમાં રજુ કરી છે; **(અર્થ)** : "જે શખ્સ મદીનામાં મરવાની શક્તિ ધરાવતો હોય તેણે જોઈએ કે તે ત્યાં જ મરે, તે શફાઅતના શરફ તથા મારી શહાદતની ખુશનસીબીથી શરફયાબ થશે." બીજી હદીષમાં છે કે, "મારી ઉમ્મતના જે લોકો સૌથી પહેલા મારી શફાઅતના શરફને પ્રાપ્ત કરશે તે મદીનાવાળાઓ છે, તેના પછી મક્કાવાસીઓ પછી તાઈફ વાસીઓ."

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ દુઆ કર્યા કરતા હતા કે, "હે ખુદા ! તારા માર્ગમાં મને શહાદત નસીબ કર અને મારું મૌત તારા રસૂલના શહેરમાં કર !"

ઈમામ માલિકે એકવાર હજ્જ કરી, ફરી હજ્જ અદા નથી કરી. જ્યારે ફર્ઝ હજ્જ અદા કરી ચૂક્યા તો ફરીવાર મદીના મુનવ્વરાથી મક્કા મોઅઝ્ઝમા એટલા માટે નથી ગયા કે, કદાચ મદીનાપાકના સિવાય અન્ય જગાએ મૌત આવી જાય ! મુદ્દતો સુધી મદીનામાં રહ્યા અને ત્યાં જ દફન થયા.

## ★ દજ્જાલ માટે નો એન્ટ્રી ! ★

મદીના મુનવ્વરાની એક ખૂબી એ પણ છે કે આ શહેર દજ્જાલના પ્રવેશથી તથા તેની નાપાકીથી મેહફૂઝ રહેશે. સહીહૈન (બુખારી તથા મુસ્લિમ)ની રિવાયતથી એ સાબિત છે કે એ જમાનામાં મદીના મુનવ્વરાની દરેક ગલી પર ફરિશ્તાઓની એક જમાઅત નિયુક્ત થશે કે તેની રક્ષા કરે અને દજ્જાલને પ્રવેશવાથી રોકે.

હદીષમાં એ પણ છે કે મસ્જિદે નબવી શરીફમાં કબ્ર શરીફથી મિમ્બર શરીફ વચ્ચે જેટલી જગા છે તે જન્નતના બાગોમાંથી એક બાગ છે. અને ઓહદ પહાડ જન્નતના પહાડોમાંથી છે જે હબીબે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખૂબ જ મહબૂબ છે.

## ★ દરબારની આ શાન છે તો શહનશાહનો આલમ શું હશે ?! ★

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! આ સંક્ષિપ્ત વર્ણન મદીના પાકની શાન દર્શાવતું આપની સમક્ષ છે એને વારંવાર વાંચો અને વિચારો કે મદીનાની માટી, મદીનાની ધૂળ, મદીનાના ગુબારનો જવાબ નથી ! મદીનાની હવાનો જવાબ નથી ! મદીનાના પહાડનો જવાબ નથી ! મદીનાની ગલીઓનો જવાબ નથી ! બલ્કે રસૂલે પાક صلی اللہ علیہ وسلم ના શરીર મુબારકને જે જમીન કબ્રે પાકમાં સ્પર્શેલ છે તે અર્શથીય અફઝલ છે અને મદીનાની માટી કે હવાની બેઅદબી માટે તૌબાના હુકમો આવેલા છે, જે દરબારમાં ઊંચા અવાજે બોલવા પર કુર્આને પ્રતિબંધ મૂક્યો છે ! અને આ અદબ ન જાળવનારના અમલ તથા ઈમાન ખતરામાં પડે છે ! (વાંચો સલ્તનતે મુસ્તફા) અરે ! ફરિશ્તાઓ રોઝએ રસૂલ પર સલામી માટે ૭૦ હજાર સવારે અને ૭૦ હજાર સાંજે બદલાતા રહે છે. એકવાર આવનાર ફરિશ્તો ફરી નથી આવી શકતો. અન્ય મસ્જિદોમાં જમણી બાજુની સફમાં અધિક ફઝીલત છે જ્યારે મસ્જિદે નબવીમાં કબ્રે પાકની નિકટતાના હિસાબે ડાબી બાજુએ નમાઝ પઢવામાં અધિક ફઝીલત ! આ બધું આપની કેવળ નિસ્બતના કારણે જ તો છે ! તો આપ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ફઝીલત તથા મહાનતાનો કયાસ કોણ કરી શકે ?! આપની શાનની ઉચ્ચતાને સમજવું માણસના વશની વાત જ નથી ! સાચુ કહ્યું છે હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ કે :–

*બઅદ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તર*

અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે :–

*લેકિન રઝાને ખત્મે સુખન ઈસપે કર દિયા*
*ખાલિક કા બંદા ખલ્ક કા આકા કહૂં તુઝે*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

કાર્યાલય

હપ્તો : ૦૪

**અઝ :** ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

وَالَّذِيْنَ يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ مِنْ قَبْلِكَ وَبِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ﴿۴﴾

اُولٰٓئِكَ عَلٰى هُدًى مِّنْ رَّبِّهِمْ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿۵﴾ اِنَّ الَّذِيْنَ

كَفَرُوْا سَوَآءٌ عَلَيْهِمْ ءَاَنْذَرْتَهُمْ اَمْ لَمْ تُنْذِرْهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿۶﴾ خَتَمَ

اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ وَعَلٰى سَمْعِهِمْ وَعَلٰٓى اَبْصَارِهِمْ غِشَاوَةٌ وَّلَهُمْ

عَذَابٌ عَظِيْمٌ ﴿۷﴾ وَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ اٰمَنَّا بِاللّٰهِ وَبِالْيَوْمِ

الْاٰخِرِ وَمَا هُمْ بِمُؤْمِنِيْنَ ﴿۸﴾ يُخٰدِعُوْنَ اللّٰهَ وَالَّذِيْنَ اٰمَنُوْا

અને તે જેઓ ઈમાન લાવ્યા છે[૮] એના પર (અય હબીબ ! صلی اللہ تعالیٰ علیہ وسلم) જે ઉતારવામાં આવ્યું આપના ઉપર અને જે ઉતારવામાં આવ્યું આપનાથી પહેલાં અને આખેરત ઉપર પણ તેઓ યકીન રાખતા હતા[૯] તે જ લોકો હિદાયત પર છે પોતાના રબ (ની તૌફીક)થી અને તેઓ જ બંને જહાનમાં કામયાબ છે[૧૦]. બેશક ! જેમણે કુફ્ર અપનાવી લીધું છે સરખુ છે તેમના માટે ચાહે તમે તેમને ડરાવો કે ન ડરાવો[૧૧] તેઓ ઈમાન લાવશે નહીં, મોહર લગાડી દીધી અલ્લાહ તઆલાએ તેમના દિલો પર અને તેમના કાનો પર[૧૨] પર્દો છે અને તેમના માટે મહાન અઝાબ છે અને કેટલાક લોકો કહે છે[૧૩] અમે ઈમાન લાવ્યા અલ્લાહ પર અને કિયામતના દિવસ પર, જો કે તેઓ મો'મિન નથી[૧૪] ધોકો આપવા ચાહે છે અલ્લાહને અને ઈમાનવાળાઓને[૧૫].

૮. એનાથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે તે લોકો જેઓ ઈન્સાની રુશ્દો હિદાયતના માટે આસ્માની વહીના માનનારા નથી બલ્કે પોતાની બુદ્ધિને જ પોતાની રહનુમાઈના માટે પૂરતી સમજે છે અથવા વહીના માનનારા તો છે પરંતુ અમુકને માને છે અને અમુકનો ઈન્કાર કરે છે તેઓ કુર્આની હિદાયતથી ફાયદો નથી ઉઠાવી શકતા. આ (મુનાફિકોની) **ચોથી નિશાની** છે. તેમજ આ આયતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અંતિમ નબી હોવાની ઉઘાડી દલીલ છે કેમ કે વહી જેના પર ઈમાન લાવવું જરૂરી છે તે ક્યાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર ના'ઝિલ થઈ અથવા હુઝૂરથી પહેલાં ના'ઝિલ થઈ. જો નબુવ્વતનો સિલસિલો ચાલુ રહેત તો હુઝૂર કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم પછી પણ વહી ના'ઝિલ થાત અને એના પર ઈમાન લાવવું જરૂરી થાત. એ સંજોગોમાં આયત આ પ્રમાણે હોત : وماانزل من قبلك وماينزل من بعدك

૯. આ આખેરતની જિંદગીને કેવળ માની લેવી જ પૂરતુ નથી બલ્કે એની સાથે "ઈકાન" જરૂરી છે. ઈકાન કહે છે ઈલ્મની તે પુખ્તગી જેમાં શંકા કુશંકાને અવકાશ ન હોય, અને જ્યારે કોઈ ચીજનો ઈલ્મ આટલો પુખ્તા થઈ જાય છે તો તે બુદ્ધિ, દિલ તથા ઈરાદાને તાબે કરી લે છે. ઈન્સાન એની વિરૂધ્ધ ન કાંઈ વિચારી શકે છે અને ન કાંઈ કરી શકે છે. જ્યારે બદલાના દિવસ (કયામત)ની સાથે કોઈનો ઈલ્મ તથા યકીન આ મર્તબાએ પહોંચી જાય છે તો અમલના ધોરી માર્ગે કોઈ ડગલુ ભરતાં પહેલાં તે એ પરિણામોનો અંદાઝો લગાડી લીધા કરતો હોય છે જે એના પર ઉપસ્થિત થનારાં છે. આપણને આપણી વાણી તથા વર્તનમાં જે અફસોસજનક વિરોધાભાસ જોવા મળે છે એનું કારણ એ છે કે આપણને કિયામત પર તે ઈકાન (યકીન) નથી જ પોતાની શક્તિ વડે આપણા અમલને આપણા કથન (વાણી)ના સમાન કરી આપે.

અલ્લાહ તઆલા આપણને કિયામતના દિવસ પર યકીન બખ્શે જેથી કરીને વાણી તથા વર્તનની આ ખેંચતાણ ખત્મ થાય જેણે આપણને બેઈજ્જતી તથા અધોગતિમાં ધકેલી દીધા છે અને આપણો તમાશો જોનારાઓને આશ્ચર્યના દરિયામાં ડૂબાડી દીધા છે.

**૧૦.** એ ગુણો વડે જેના વડે જે સજ્જ છે તેના વિશે અલ્લાહ તઆલા ફર્માવે છે કે તેઓ જ ભલાઈ (ફલાહ) પામનારા છે. ફલાહ કોઈ અધૂરી અથવા આંશિક કામયાબીને નથી કહેતા, બલ્કે ફલાહ તે મુકમ્મલ કામયાબીને કહેવામાં આવે છે જેના દામનમાં દુનિયા તથા આખેરતની સર્વ નેક નસીબીઓ તથા બરકતો સમેટાઈ આવી છે. લુગત (શબ્દકોશ)ના ઈમામોએ સ્પષ્ટતા કરી છે કે અરબી ભાષામાં ફલાહના શબ્દથી વિશેષ અન્ય કોઈ સોલીડ શબ્દ નથી જે દુનિયા તથા આખેરત બંનેની ખયરાત તથા બરકાત પર દલીલ પૂરી પાડતો હોય. હવે તમે **ઊલાઈક હુમુલ્ મુફ્લિહુન** (અને તેઓ જ બંને જહાનમાં કામયાબ છે)ની ખુશખબર પર ફરી વિચાર કરો.

**૧૧.** હક્કની દા'વત કબૂલ કરનારા ખુશનસીબોના ઉલ્લેખ પછી હવે તે બદનસીબોનો હાલ બયાન થાય છે જેમણે હક્કને કબૂલ કરવાથી ઈન્કાર કરી દીધો. આ પ્રસંગે અમુક લોકો વિના કારણે જબરદસ્તી વિશેની ચર્ચા છેડી દેતા હોય છે, કહે છે કે તે બીચારાઓનો શું વાંક ! જ્યારે અલ્લાહ તઆલાએ ફર્માવી દીધું કે તેઓ ઈમાન નહીં લાવે તો તેઓ ઈમાન કેમ કરીને લાવી શકે છે ! અને જ્યારે ખૂદ ખુદાએ તેમને ઈમાન લાવવાથી દૂર રાખ્યા તો પછી તેમને સજા શાથી અને શા માટે આપવામાં આવે છે ? કાશ ! આટલી મોટી હિંમત કરતાં પહેલાં તેઓ જબ્ર (જબરદસ્તી)ની હકીકત પર જ વિચાર કરતા કે જબરદસ્તી શું છે ? માણસની લાચારીની તે હાલત જેમાં તે કોઈ એક વાત કરવા માટે મજબૂર હોય અને તેને છોડીને બીજી અપનાવવા પર શક્તિમાન ન હોય. જો હુઝૂરે કરીમ ﷺ તશરીફ ન લાવત અને ઉઘાડી દલીલો અને રોશન મો'જિઝાઓ વડે હક્કને સ્પષ્ટ કરીને ન રાખી દેત અને કુર્આનની દિલ હલાવી દેનારી આયતો સંભળાવી સંભળાવીને હિદાયત તથા ગુમરાહીના માર્ગોને અલગ અલગ ન કરી આપત અને કોઈ માણસ વારસામાં મળેલા કુફ્ર તથા શિર્કમાં ડૂબેલો રહેત તો જબ્રની કોઈ વાત પણ હતી, પરંતુ હવે જ્યારે કે અલ્લાહની કિતાબની રોશનીમાં હક્ક અને બાતિલને તદ્દન અલગ કરી આપ્યું અને નબી ﷺ એ તબ્લીગનો હક્ક અદા કરી આપ્યો. પોતાના મો'જિઝાઓ અને પોતાની દલીલો વડે ગલતફહમીનો અંશ સુદ્ધાં નથી છોડયો, એના પછી પણ જે બાતિલને છોડીને હિદાયતને કબૂલ કરવા માટે તૈયાર ન થયો અને ગુમરાહ જ રહ્યો તો બાતિલ સાથે ચીપકી રહેવા માટે મજબૂર ન હતો, બલ્કે સર્વ કાંઈ સમજી લીધા પછી જાણીબુઝીને તેણે હક્કને ન સ્વીકાર્યું અને બાતિલથી મોઢું ન ફેરવ્યું. એવા લોકોને અધિક સમજાવવા ખરેખર નિરર્થક છે કેમ કે સમજાવવામાં તો તેને આવે જે સમજતો ન હોય. અને જે સમજી ચૂક્યો હોય અને છતાં કુફ્ર પર હઠે ચઢે તે લાઈલાજ બીમાર છે તે શિફા મેળવી શક્તો નથી. આ આયતે કરીમામાં અલ્લાહ તઆલાએ કાફિરોના આ ખાસ ગિરોહ (ગ્રુપ)ની માનસિક હાલતનું વિશ્લેષણ કર્યું છે જે કેવળ પૂર્વગ્રહ તથા હઠધર્મીના કારણે જાણીબુઝીને કુફ્રની રાહ પર દોડતા ચાલ્યા જઈ રહ્યા હતા. અહીં જબ્ર (જબરદસ્તી)ને અવકાશ જ નથી જેથી એ બહષમાં ઉલઝવામાં ન આવે.

**૧૨.** અહીં પણ અમુક લોકોને એવું કહેતાં સાંભળવામાં આવ્યા છે કે અલ્લાહ તઆલાએ તેમનાં દિલો અને કાનો પર મોહર લગાડી દીધી અને આંખો પર પર્દા નાખી દીધા તો બીચારા કેવી રીતે ઈમાન લાવતા ? તેમની ખિદમતમાં કેવળ એટલું જ કહેવું છે કે ઈન્સાનના અમલો પર કોઈ પરિણામ તથા અસર પડે છે કે નહીં ?

જો માણસ શારીરિક તંદુરસ્તીના નિયમોને સતત તોડતો રહે તો તેનું જે મળે તે સમાવતુ પેટ દરેક ચીજ હજમ કરી લેતુ હતું શું તે ખોરાક હજમ

કરવાથી લાચાર નહીં થઈ જાય ? શું એનું જિગર લોહી પેદા કરવાનું ત્યજી નથી દેતું ? જો એવું છે અને યકીનન એવું જ છે, તો રૂહાની તંદુરસ્તીના પણ અમુક નિયમો છે જેની પાબંદીથી રૂહાની શક્તિઓ ઉદ્‌ભવ પામે છે, અને જેના વિરૂધ્ધ સતત વર્તનથી તે શક્તિઓ નકામી બનીને રહે છે. દિલથી હક્ક તથા બાતિલમાં તફાવત કરવાની કાબેલિયત દૂર થઈ જાય છે. આંખો જુએ તો છે પરંતુ બોધગ્રહણ નથી કરતી. કાન સાંભળે તો છે પરંતુ નસીહત કબૂલ નથી કરતા. બસ આ જ કૈફિયતનું અલ્લાહ તઆલાએ આ આયતમાં વર્ણન કર્યું છે. આ કાફિરોની સતત નાફર્માનીઓથી હક્ક સમજી લેવા છતાં તેનાથી સતત ઈન્કાર કરવાને કારણે તેમનાં દિલો દિમાગ અને જોવા સાંભળવાની સર્વ શક્તિઓ નકામી બનીને રહી ગઈ છે. તો તેમની આ મેહરૂમીઓ તેમની સતત નાફર્માનીઓનું પરિણામ છે, અને તેમની હઠધર્મી તથા પૂર્વગ્રહની સ્વભાવિક અસર છે. અને એ અર્થ હરગિઝ નથી કે પ્રથમ ચીજ તેમને હોશ તથા સમજથી વંચિત કરી દેવામાં આવ્યા હતા જેથી તેઓ હક્કને ન સમજી શકે આ હકીકતને કુર્આને કરીમે વિવિધ ઠેકાણે એટલા પ્રમાણમાં સ્પષ્ટ કરી આપેલ છે કે ગલતફહમીનો સહેજેય અવકાશ છોડયો નથી. દા.ત. એક જગાએ . XFNODFI Mbبل طبع اللّٰه عليها بكفرهم એટલે કે, ''તેમના કુફ્ર તથા ઈન્કારના કારણે અલ્લાહ તઆલાએ તેમનાં દિલો પર મોહર મારી દીધી.'' એટલે કે પહેલેથી તેમનાં દિલો મોહર મારેલાં ન હતાં બલ્કે તેમના કુફ્ર તથા ઈન્કાર અને એના પર તેમના સખત અડી રહેવાના બદલામાં તેમને આ નેઅમતથી મેહરૂમ કરી દેવામાં આવ્યા. એક અન્ય જગાએ ઈર્શાદ છે કે : بل ران على قلوبهم ما كانوايكسبون એટલે ''જે કરતૂત તેઓ કર્યા કરતા હતા તેનો મેલ તેમનાં દિલો પર જામી ગયો છે અને તેમનાં દિલોનો રોશન આઈનો એટલા પ્રમાણે ખરાબ થઈ ચૂક્યો છે કે હિદાયતના સૂર્યનાં રોશન કિરણો એમાં ચમક પેદા નથી કરી શકતાં. અલ્લાહ તઆલા આપણને નેક અમલની તૌફીક આપે. (આમીન)

**૧૩.** અહીંથી મુનાફિકોનું વર્ણન શરૂ થાય છે, **મુનાફિક** તેને કહે છે જે જીભ વડે ઈસ્લામનો ઈકરાર કરે પણ દિલથી મુન્કિર હોય. ઈસ્લામની દિન પ્રતિ દિન પ્રગતિ જોઈને દુનિયાવી લાભો મેળવવા માટે કેટલાયે તકસાધુઓ પોતે પોતાને મુસલમાન કહેવા લાગ્યા હતા. તેમજ તે બદબાતિન ઈર્ષાળુઓ જેઓ ખુલ્લમ ખુલ્લા ઈસ્લામનો મુકાબલો કરવાથી લાચાર હતા તેઓ મુસલમાનોમાં સામેલ થઈને સાઝિશો (પ્રપંચો) અને ફિત્નાઅંગેઝીઓની જાળ બિછાવીને મુસલમાનોને પરેશાન કરવા ચાહતા હતા. હિજરતથી પહેલાં મુનાફિકોનું નિશાન નથી મળતું, કેમ કે તે વખતે મુસલમાન બનવું દરેક પ્રકારના જુલ્મો સિતમના નિશાન થવું હતું, એટલા માટે કોઈને શું પડી હતી કે એવા દીનના માટે મુસીબતોને નો'તરે જેના પર તેનું ઈમાન જ નથી. ત્યાં તો કેવળ તે લોકો જ ઈસ્લામ કબૂલ કરતા જે અલ્લાહ તઆલા અને તેના રસૂલે પાકના માટે જાન, માલ, ઔલાદ, સારાંશ કે સર્વ કાંઈ કુર્બાન કરવું પોતાની સૌથી મોટી ખુશનસીબી સમજતા હતા.

**૧૪.** અલ્લાહ તઆલાની નજીક મુસલમાન તે જ છે જે જીભના ઈકરારની સાથે દિલથી તસ્દીક (સમર્થન) પણ કરે. અને જે દિલથી સમર્થન ન કરે તે મો'મિન નથી થઈ શકતો, ભલે ઈમાન તથા ઈસ્લામના દા'વામાં ગમે તેટલો ચબરાક જીભવાળો ન હોય.

**૧૫.** તેઓ આ પ્રપંચ અલ્લાહ તઆલાથી ન કરતા હતા બલ્કે અલ્લાહના રસૂલ ﷺ થી કરતા હતા પરંતુ અલ્લાહ તઆલાએ તેમને બતાવી આપ્યું કે જેઓ અલ્લાહના રસૂલ ﷺ ની સાથે પ્રપંચ (ધોકો) કરે છે તે ખૂદ અલ્લ્લાહ તઆલાની સાથે ધોકો કરે છે અને એ ધોકાબાજીનો વબાલ તેમના ઉપર જ પડશે, તેઓ **ઈસ્લામ** અને અલ્લાહ તઆલાના રસૂલનું કાંઈ બગાડી શકશે નહીં, કેમ કે **આ તે નૂર છે જેને હમેશાં ચમકતુ રાખવાનો જિમ્મેદાર ખૂદ અલ્લાહ તઆલા છે.** *(ક્રમશઃ)*

(દર્સે હદીષે પાક)

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્કાત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان

(કાર્યાલય) હપ્તો : ૦૪

**હદીષ : ૭**

રિવાયત છે તેમનાથી (હઝરત અનસથી) જ. ફર્માવે છે : ફર્માવ્યું નબી صلى الله تعالى عليه وسلم એ કે જેમાં ત્રણ ખાસિયતો હોય તે ઈમાનની લિજ્જત પામશે[૧], અલ્લાહ તથા રસૂલ તમામ ચીજોથી પ્યારા હોય[૨], જે બંદા સાથે કેવળ અલ્લાહના ખાતર મહોબ્બત કરે[૩], જે કુફમાં પાછા ફરવું કે જયારે રબે તેને બચાવ્યો તેને એવું બુરુ જાણે જેમ કે આગમાં ફેંકવામાં આવે[૪].

★ **સમજુતી** ★

**૧.** જેવી રીતે શારીરિક ખોરાકમાં વિવિધ સ્વાદો છે એવી જ રીતે રૂહાની ખોરાકો ઈમાન તથા અમલોમાં પણ વિવિધ સ્વાદો છે અને જેવી રીતે તે ખોરાકનો ટેસ્ટ તે જ મહસૂસ કરી શકે છે જેના જાહેરી હોશ સલામત હોય. અને જેવી રીતે જાહેરી હોશ દુરુસ્ત કરવાની વિવિધ દવાઓ છે એવી જ રીતે આ હોશોને દુરુસ્ત કરનારી રૂહાની દવાઓ છે. આ હદીષમાં એ જ દવાઓનો ઉલ્લેખ છે. હુઝૂર જિસ્માની તથા રૂહાની હકીમે મુત્લક છે. જે ઈમાનની મીઠાશ પામી લે છે તે મોટી મોટી મુસીબતો ખુશીપૂર્વક વેઠી લે છે. શિયાળાની નમાઝ, જેહાદ ખુશ ચહેરે અદા કરે છે. કર્બલાનું મેદાન આ હદીષની જીવતી જાગતી તફસીર છે. એ લિજ્જત જ દરેક મુશ્કેલીને આસાન કરી દે છે, એટલા માટે રઝા બિલ્ કઝા નસીબ થાય છે.

**૨.** માલ તથા દૌલત બીવી, બચ્ચાં વગેરે તમામ દુનિયાવી નેઅમતો, એમાં કુર્આન, કા'બા તથા મદીના મુનવ્વરા વગેરે દાખલ નથી કે એમની મહોબ્બત ઐન અલ્લાહ વ રસૂલની મહોબ્બત છે. આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂરથી અલ્લાહવાળી મહોબ્બત હોવી જોઈએ. મહોબ્બતના ઘણા પ્રકારો છે : માં સાથે મહોબ્બત અલગ પ્રકારની છે, પત્નીથી મહોબ્બત અલગ ટાઈપની, ઔલાદથી અલગ પ્રકારની, બહેન ભાઈ સાથે અલગ રીતની હોય છે. હુઝૂર સાથે મહોબ્બત એ રીતની હોવી જોઈએ જે રીતની અલ્લાહ સાથે હોય. એટલે ઈમાની તથા ઈર્ફાની મહોબ્બત. **હુમા** ફર્માવવાથી માલૂમ થયું કે અલ્લાહ રસૂલથી એક ઝમીરે તષ્નિયહ્ આવી શકે છે. જ્યાં મનાઈ છે ત્યાં બરાબરીના અંદેશાના મોકા પર છે. જેથી હદીષોમાં ટકરાવ નથી. યાદ રાખશો કે અહીં

મહોબ્બતથી તબઈ મહોબ્બત મુરાદ છે ન કે કેવળ અકલી મહોબ્બત.

**૩.** એટલે બંદાઓ સાથે કેવળ એટલા માટે મહોબ્બત કરે કે રબ રાજી થઈ જાય, દુનિયાવી સ્વાર્થ તેમાં સામેલ ન હોય. ઉસ્તાદ, શૈખ ત્યાં સુધી કે માં, બાપ, ઔલાદથી એટલા માટે મહોબ્બત કરે કે એ રઝાએ ઈલાહી (રબને રાજી કરવાનો) ઝરીયો છે અને ઈસ્લામની સુન્નત છે. આ મહોબ્બત કાયમી છે. દુનિયાવી મહોબ્બતો જલ્દી તૂટી જનાર છે. રબ ફર્માવે છે :–

اَلْاَخِلَّاۗءُ يَوْمَىِٕذٍۢ بَعْضُهُمْ لِبَعْضٍ عَدُوٌّ اِلَّا الْمُتَّقِيْنَ

**૪.** એટલે કે કુફ્ર તથા કાફિરોથી તબઈ નફરત થઈ જાય, ઈસ્લામની તૌફીકને રબની નેઅમત જાણે, **કાફિરોથી એ રીતે બચે જેવી રીતે સાપથી કે સાપ જીવનો દુશ્મન છે અને આ ઈમાનનો દુશ્મન છે.**

**હદીષ : ૮**

અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ[૧] رضی اللہ عنہ થી રિવાયત છે : ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે તેણે ઈમાનની મજા ચાખી લીધી જે અલ્લાહના રબ હોવા, ઈસ્લામના દીન હોવા, મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ના નબી હોવાથી રાજી થઈ ગયો[૨].

**★ સમજુતી ★**

**૧.** આપ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હકીકી (સગા) કાકા છે, હુઝૂરથી ઉમરમાં બે વરસ વધારે હતા. કહેતા હતા કે મોટા તો હુઝૂર જ છે, હા ! ઉમર મારી વધારે છે. આપનાં માતાએ કા'બા મોઅઝ્ઝના પર પ્રથમ રેશમી ગિલાફ ઓઢાડયો. આપ ફીલ (હાથીઓ)ના પ્રસંગ પહેલાંથી પેદા થયા અને ૧૨–રજબ જુમ્આના દિવસે હિ.સ. ૩૨ માં ૮૨ વરસની વયે વફાત પામ્યા. જન્નતુલ બકીઅમાં દફન થયા. ફકીરે (લેખકે) કબ્રે અન્વરની ઝિયારત કરી છે. ઈસ્લામ પહેલાં લાવી ચૂક્યા હતા. બદરમાં મજબૂરન્ કાફિરો સાથે આવ્યા હતા. પોતાની હિજરતના દિવસે ઈસ્લામ જાહેર કર્યો, આપ અંતિમ મુહાજિર છે.

**૨.** અલ્લાહની રબૂબિયતથી રાજી હોવું એ છે કે રાઝી બ કઝા રહે. બીમાર વ્યક્તિ ડોકટરની કડવી દવા તથા ઓપરેશનથી પણ રાજી રહે છે. ઈસ્લામના દીન હોવા પર રાજી રહેવાનો મલતબ એ છે કે ઈસ્લામના હુકમો ખુશીપૂર્વક કબૂલ કરે, કોઈ હુકમ પર ટીકા માટે જીભ ન ખોલે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર રાજી હોવું એ છે કે આપની સુન્નતોથી મહોબ્બત કરે, આપની ઔલાદ, મદીના મુનવ્વરા બલ્કે જે ચીજને હુઝૂરથી નિસ્બત હોય તેનાથી મહોબ્બત કરે. આ હદીષ પાછલી હદીષની વિરૂદ્ધ નથી. જેને આ ત્રણ ખૂબીઓ નસીબ થઈ હશે તેને અગાઉ વર્ણવેલી ત્રણ ચીજો પણ મળી જશે.

**હદીષ : ૯**

અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે કસમ છે તેની જેના કબજામાં મારી જાન છે, આ ઉમ્મતમાંથી[૧] જે કોઈ યહૂદી ઈસાઈ મારું નામ સાંભળી લે પછી મને જે આપીને મોકલ્યો છે તેના પર ઈમાન લાવ્યા વિના મૃત્યુ પામે તો તે દોઝખી છે[૨].

**★ સમજુતી ★**

**૧.** ઉમ્મતથી મુરાદ "ઉમ્મતે દઅ્વત" છે, એટલે કે સર્વ માનવો યહૂદી ઈસાઈ એમાં આવે છે, મુશ્રિક વગેરે આપોઆપ એમાં દાખલ થઈ ગયા

કેમ કે જ્યારે યહૂદી તથા ઈસાઈ પર પણ ઈસ્લામ લાવવો અનિવાર્ય થયો જેઓ પહેલા પયગંબરો પર ઈમાન લાવી ચૂક્યા છે, તો પછી જેઓ મુદ્દલે કોઈ નબીને માનતા જ નથી તેમના પર યકીનન ! ઈસ્લામ લાવવો જરૂરી છે.

**૨.** આ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે તમામ મખ્લૂક પર હુઝૂરની ઈતાઅત (અનુસરણ) લા'ઝિમ છે, ચાહે તે ગમે તે દેશ, કોઈપણ કુટુંબ તથા કોઈપણ જમાનાનો હોય, ખુદાનો બંદો છે તેના પર હુઝૂર ﷺ ની ઈતાઅત જરૂરી છે. બીજુ એ કે જેને હુઝૂરની નબુવ્વતની ખબર ન પહોંચે તે મઅઝૂર છે, તેની નજાતના માટે કેવળ તૌહીદનો અકીદો પૂરતો છે. જેથી હુઝૂરના વાલિદૈન કરીમૈન મગફૂર તથા જન્નતી છે, કેમ કે તે હઝરાત મુવહ્હિદ હતાં અને હુઝૂરની નબુવ્વતથી પહેલાં વફાત પામ્યાં. આ મસ્અલાની સંપૂર્ણ તેહકીક અમારી ''તફસીરે નઈમી, પારા–૧''માં જુઓ.

**હદીષ : ૧૦**

અબૂ મૂસા અશ્અરી[1] رضی اللہ عنہ થી રિવાયત છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે ત્રણ વ્યક્તિઓ તે છે જેમને ડબલ સવાબ મળે છે : તે કિતાબી જે પોતાના નબી પર પણ ઈમાન લાવે અને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ઉપર પણ[2], ગુલામ માણસો જ્યારે અલ્લાહનો પણ હક્ક અદા કરે અને પોતાના માલિકોનો પણ[3], અને તે શખ્સ જેની પાસે લોંડી હતી જેનાથી સંભોગ કરતો હતો, તેને સારી અદબ આપી અને સારો ઈલ્મ શીખવાડયો પછી તેને આઝાદ કરીને તેનાથી નિકાહ કરી લીધા. તેના માટે ડબલ સવાબ છે[4].

## ★ સમજુતી ★

**૧.** આ પૂરાણા ઈસ્લામના સહાબી છે. આપનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને કૈસ છે, બની અશ્અર કબીલાથી છે. યમનથી મક્કા મુઝફ્ફર આવીને મુસલમાન થયા. પ્રથમ હબશા પછી મદીના મુનવ્વરા પ્રતિ હિજરત કરી, બસરાના હાકિમ રહ્યા. અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم એ આપને પોતાના પંચ બનાવ્યા. સુલહે અમીર મુઆવિયહ્ના પ્રસંગે હિ.સ. : ૨૫ માં મક્કા મોઅઝ્ઝમામાં વફાત પામ્યા. (رضی اللہ عنہ) આપની ઘણી ખૂબીઓ છે. નજફ અશરફમાં આપની કબ્રની ઝિયારત કરાવવામાં આવે છે, હું પણ હાજર થયો છું પણ એ (ત્યાં આપની કબ્ર હોવું) દુરુસ્ત નથી.

**૨.** એટલે અહલે કિતાબ જો હુઝૂર પર ઈમાન લઈ આવે તો તેમને પ્રથમ તો અહલે કિતાબ હોવાનો પણ સવાબ મળશે, ભલે એ હાલતમાં તેઓ પોતાના નબીઓ પર ગલત તરીકાથી ઈમાન લાવ્યા હતા કે ઈસાઈ હઝરત ઈસા મસીહને તથા યહૂદી હઝરત ઉઝૈરને ખુદાના પુત્ર કહેતા હતા, પણ કેમ કે તે નબીઓને સાચા, તેમની કિતાબોને બરહક્ક માનતા હતા તેનો સવાબ હવે મેળવી લેશે, જેમ કે અબ્દુલ્લાહ ઈબ્ને સલામ તથા કઅબ અહબાર. આ હુકમ કિયામત સુધી છે.

**૩.** એ રીતે કે અમુક માલિકોનો ભેગો ગુલામ હતો, તો તે સૌના હક્કો તથા સેવાઓ પણ કરતો રહ્યો અને ઈસ્લામના ફર્ઝો પણ બજાવી લાવતો રહ્યો. સારાંશ કે જેટલા પ્રમાણે દુનિયામાં ફસાએલો વધુ હોય એટલા પ્રમાણમાં ઈબાદત પર અધિક સવાબ મળશે.

**૪.** એક તો લોંડીને અદબ તથા તાલીમ આપવા તથા આઝાદ કરવાનો સવાબ, અને બીજો તેનાથી નિકાહ કરી લેવાનો.

## હદીષ : ૧૧

રિવાયત છે ઈબ્ને ઉમર رَضِیَ اللّٰہُ عَنۡہُمَا થી ફર્માવે છે કે ફર્માવ્યું, રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે મને હુકમ આપવામાં આવ્યો કે લોકોથી જંગ કરું ત્યાં સુધી કે ગવાહી આપે[૧] કે રબના સિવાય કોઈ મઅબૂદ નથી અને મુહમ્મદ અલ્લાહના રસૂલ છે અને નમાઝ કાયમ કરે, ઝકાત આપે[૨]. જ્યારે એ કરી લેશે તો મારાથી પોતાની જાન તથા માલ બચાવી લેશે[૩] સિવાય ઈસ્લામી હક્કના[૪] તેમનું એહસાન અલ્લાહના જિમ્મે છે[૫]. એમાં બુખારી તથા મુસ્લિમની સહમતિ છે પણ મુસ્લિમે ઈસ્લામી હક્કનો ઉલ્લેખ નથી કર્યો.

### ★ સમજુતી ★

**૧.** અહીં **હત્તા** એ **કય્** અર્થમાં છે જેમ કે **અસ્લમ્તુ અદખુલિલ્ જન્નહ્** અટલે મને અલ્લાહનો હુકમ છે કે બાદશાહી તથા માલદારીની નિય્યતથી જેહાદ ન કરું બલ્કે લોકોને હિદાયત આપવાની નિય્યતે કરું. આ સ્થિતિમાં હદીષ પર ન કોઈ વાંધો છે ન કુર્આની આયતોની વિરૂધ્ધ છે. **અન્નાસ**થી મુરાદ સર્વ કાફિરો છે જેથી આ **હત્તા** ઈન્તેહાનો નથી. યાદ રાખશો કે અરબના મુશ્રિકોના માટે જિઝિયાવેરો નથી, ક્યાં તો તેઓ ઈમાન લાવે અથવા કત્લ, કેદ કે ગુલામી વગેરે. રબ ફર્માવે છે:–

وَقَاتِلُوۡھُمۡ حَتّٰی لَاتَکُوۡنَ فِتۡنَةً

અરબના અહલે કિતાબ અને અજમના સર્વ કાફિરોના માટે ક્યાં તો ઈમાન ક્યાં તો જિઝિયાવેરો, નહીં તો કત્લ તથા કેદ વગેરે. રબ ફર્માવે છે:–

حَتّٰی یُؤۡتُوا الۡجِزۡیَةَ عَنۡ یَّدٍوَّھُمۡ صَاغِرُوۡنَ

મુર્તદના માટે ક્યાં તો ઈસ્લામ અથવા કત્લ છે, ન જિઝિયો ન કેદ. ફર્માવે છે :–

تُقَاتِلُوۡنَھُمۡ اَوۡیُسۡلِمُوۡنَ

બાગીઓના માટે ક્યાં તો કત્લ અથવા બગાવતથી તૌબા. રબ ફર્માવે છે :–

فَقَاتِلُوۡا الَّتِیۡ تَبۡغِیۡ حَتّٰی تَفِیۡٓءَ اِلٰۤی اَمۡرِ اللّٰہِ

જેથી આયતો તથા હદીષો એક બીજાને સમર્થન કરનાર (મુત્તફિક) છે.

**૨.** કેમ કે એ સમય સુધી રોઝા, જેહાદ વગેરેના હુકમો આવ્યા ન હતા એટલા માટે એનો ઉલ્લેખ ન થયો. જો કોઈ નમાઝ અથવા ઝકાતનો ઈન્કાર કરે તો કાફિર છે, તેની સાથે કાફિર જેવો જેહાદ થશે. નમાઝ તથા ઝકાતના ત્યજનારાને સજા કરવી પડશે.

**૩.** કેમ કે એ જમાનામાં ઈસ્લામમાં નવા ફિર્કા બન્યા ન હતા, કલ્મા, નમાઝ તથા ઝકાત ઈમાનની નિશાનીઓ હતી એટલા માટે ફર્માવ્યું કે જે આ ત્રણ કામો કરે તેનો જાન તથા માલ મેહફૂઝ છે. હવે ઘણા મુર્તદ ફિર્કાઓ કલ્મા, નમાઝ તથા ઝકાત પર અમલ કરનારા છે પણ મુર્તદ છે તેમની સાથે ઈર્તેદાદનો જેહાદ થશે, જેમ કે સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ મુસૈલમા કઝ્ઝાબના ચાહકો પર જેહાદ કર્યો. હજી પણ કાદયાનીઓ વગેરે મુર્તદો પર એ જ હુકમ છે.

**૪.** જો ઈસ્લામ લાવીને કત્લ, ઝિના, ડકૈતી વગેરે કરે તો કત્લના મુસ્તહિક થશે કે એ ઈસ્લામનો હક્ક છે એ કત્લ કુફ્ર ન થશે.

**૫.** એટલે કે જો કોઈ જાહેરી રીતે કલ્મો, નમાઝ, રોઝા તથા ઝકાત વગેરે અદા કરે તો આપણે એના પર જેહાદ કરીશું નહીં. જો મુનાફિકતથી આ કામ કરે છે તો રબ તેને સજા આપશે. ઈસ્લામી જેહાદ મુનાફિકો પર નથી. *(ક્રમશઃ)*

# શિફા શરીફ

# شفا شریف

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★
મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★
ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

### *(વિભાગ-૨)*

## ★ કુર્આનની આયતોમાં સરવરે દો આલમ ﷺ સત્ય હોવાની પુષ્ટિ અને સાક્ષી ★

ઈર્શાદે બારી તઆલા છે :–

يٰۤاَيُّهَا النَّبِيُّ اِنَّاۤ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا وَّدَاعِيًا اِلَى اللّٰهِ بِاِذْنِهٖ وَسِرَاجًا مُّنِيْرًا

**(અર્થ)** : અય ગૈબની ખબર કહેનાર ! (નબી) બેશક ! અમે તમને મોકલ્યા હાઝિર નાઝિર અને ખુશખબરી આપતા અને ભય સંભળાવતા (બનાવીને) અને અલ્લાહના હુકમથી અલ્લાહ તરફ બોલાવનાર અને ચમકાવી દેનાર સૂર્ય. *(સૂરએ અહઝાબ, આયત–૪૬)*

આ આયતે કરીમામાં અલ્લાહ عزوجل એ પોતાના હબીબના અઝીમુશ્શાન રુત્બાને અને ખૂબસૂરત ખૂબીઓની તા'રીફમાં ઘણી બધી વાતો એકઠી કરી દીધી છે. અલ્લાહ તઆલાએ ઉમ્મતના માટે આપને સાક્ષી બનાવી દીધા છે કે ખાલિક તથા માલિકના હુકમો ખુદાની મખ્લૂક સુધી પહોંચાડવાની આપની જવાબદારી હતી તે આપે પહોંચાડી દીધા છે. (પોતાની જવાબદારીની બજવણી પર ખૂદ આપના ખુદાની તરફથી સાક્ષી હોવું.) આ વાત નબીયે કરીમ ﷺ ની વિશેષતાઓમાંથી છે.

જે આપનું આજ્ઞાપાલન કરે તેમના માટે ખુશ ખબરી દેવાવાળા અને જે આપની નાફર્માની કરે તેને અલ્લાહના અઝાબથી ડરાવવાળા બનાવ્યા છે અને આપ તૌહીદ અને ઈબાદતની તરફ બોલાવવાળા છે અને આપને એવા ચમકદાર સૂરજ બનાવ્યા છે જેના વડે હિદાયતના રસ્તાનો પતો મળે છે.

અમારાથી હદીષ બયાન કરી અબૂ મુહમ્મદ અતાબે તેમનાથી અબુલ કાસિમ હાતિમ બિન મુહમ્મદ, તેમનાથી અબુલ હસન કાલ્સબીએ, તેમનાથી અબૂ ઝૈદ મરવઝીએ, તેમનાથી અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન યુસુફે, તેમનાથી બુખારીએ, તેમનાથી મુહમ્મદ બિન સનાને, તેમનાથી ફલીહે, તેમનાથી હિલાલે અતા બિન યસાર رحمۃ اللہ علیہ દ્વારા. તેઓ ફર્માવે છે કે, હું અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ رحمۃ اللہ علیہ થી મળ્યો અને તેમને કહ્યું કે, મને રસૂલુલ્લાહ ﷺ ની તા'રીફ (પ્રશંસા)માં કાંઈક સંભળાવો ! તેમણે મારી આ ઈચ્છાનું સ્વાગત કરતાં ફર્માવ્યું :–

وَاللّٰهِ عِنْدَهٗ لَمَوْصُوْفٌ فِي التَّوْرٰةِ بِبَعْضِ صِفَتِهٖ فِي الْقُرْاٰنِ يٰۤاَيُّهَا النَّبِيُّ اِنَّاۤ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا وَّحِرْزًا لِّلْاُمِّيِّيْنَ اَنْتَ عَبْدِيْ وَرَسُوْلِيْ سَمَّيْتُكَ الْمُتَوَكِّلَ لَيْسَ بِفَظٍّ وَّلَا غَلِيْظٍ وَّلَا صَخَّابٍ فِي الْاَسْوَاقِ وَلَا يَدْفَعُ بِالسَّيِّئَةِ

**(અર્થ)** : ખુદાની કસમ! તૌરાતમાં પણ આપના કેટલાક સદ્ગુણોનું વર્ણન છે જે કુર્આને કરીમમાં જણાવવામાં આવેલ છે. (તૌરાતમાં આ વિષય છે.) અય

ગૈબની ખબર દેવાવાળા ! બેશક ! અમે તમને મોકલ્યા છે હાઝિર નાઝિર ખુશખબરી દેવા અને ડર સંભળાવવા

وَلٰكِنْ يَعْفُوْا وَيَغْفِرُوْ لَنْ يَّقْبِضَهُ اللهُ حَتّٰى يُقِيْمَ بِهِ الْمِلَّةَ الْعَوْجَآءَ بِاَنْ يَّقُوْلُوْا لَآ اِلٰهَ اِلَّا اللهُ وَ يَفْتَحُ بِهٖ اَعْيُنًا عُمْيًا وَّاٰذَانًا صُمًّا وَّقُلُوْبًا غُلْفًا

અને આજ્ઞાનોનું રક્ષણ કરવાવાળા તમે મારા બંદા અને રસૂલ છો. મેં તમારું નામ મુતવક્કિલ રાખ્યું છે. તમે ન ખરાબ આદતોવાળા છો, ન પથ્થર દિલ (સખ્ત હૃદયવાળા), ન બજારોમાં બરાડા પાડનાર અને ન બુરાઈનો બદલો બુરાઈથી આપો છો બલ્કે માફ કરી દો છો. અલ્લાહ તઆલા તે સમય સુધી તેમની રૂહ કબ્ઝ નહીં કરી લે જ્યાં સુધી તેમના દ્વારા બગડેલી મિલ્લતને દુરુસ્ત (શુદ્ધ) ન કરી લે અને જ્યાં સુધી તેઓ આ ન કહેવા લાગે કે, **લાઈલાહ ઈલ્લલ્લાહ** અને તેમના દ્વારા આંધળી આંખોવાળા, બહેરા કાનવાળા અને ગાફિલ દિલને ખોલી ન દે.

હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને હઝરત કઅબ અહબાર رضی اللہ عنہما થી પણ આ પ્રમાણે જ દષ્ટાંત બયાન કરવામાં આવેલ છે અને કેટલાક બીજા તુરુક (રસ્તાઓ)માં પણ. ઈબ્ને ઈસ્હાકની રિવાયતમાં આ શબ્દો પણ છે :–

**(અર્થ)** : (મારો મહબૂબ !) બજારોમાં બરાડા પાડવાવાળો નથી. અને ન તે અશ્લિલતાને સજાવનાર છે, ન કોઈ વ્યર્થ વાત કહેવાવાળો, હું તેને દરેક ખૂબસૂરત વાણી તથા વર્તનથી સજાવીશ અને તેને ખલ્કે કરીમ (લોકો માટે મહેરબાન) અતા (અર્પણ) કરીશ. હું આરામને તેનો લિબાસ, ભલાઈને તેનો સ્વભાવ, તકવાને તેનું દિલ, હિકમતને તેનો ચહેરો, સચ્ચાઈ અને ઈમાનદારીને તેની તબીઅત (પ્રકૃતિ), ક્ષમા અને ઉપકારને તેનું નિર્માણ, ઈન્સાફને તેની સીરત (ચરિત્ર) અને હક્કને તેની શરીઅત બનાવીશ. હિદાયત તેમના આગળ છે, ઈસ્લામ તેનો દીન છે અને તેમનું મુબારક નામ અહમદ છે. ગુમરાહી પછી તેના દ્વારા મખ્લૂકને હિદાયત આપી. જેહાલત (અજ્ઞાનતા) પછી તેમના દ્વારા ઈલ્મ ફેલાવીશ. નીચતા પછી તેમના દ્વારા ઉચ્ચ કરીશ. ગુમનામી (અજાણતા)ના પછી તેમના દ્વારા (પ્રખ્યાત) કરીશ, અછતના પછી તેમના દ્વારા ખુશહાલ કરી દઈશ. વેરવિખેર થયા પછી લોકોને તેમના દ્વારા એકત્ર કરી દઈશ. વિખરાયેલા દિલ, અસ્ત વ્યસ્ત ઈચ્છાઓ અને ફિરકાઓમાં વહેંચાયેલી ઉમ્મતોને તેમના દ્વારા એકત્ર કરીશ અને તેમની ઉમ્મતને ખુદાની મખ્લૂકની ભલાઈ માટે સઘળી ઉમ્મતોથી શ્રેષ્ઠ બનાવીશ.

એક બીજી રિવાયતમાં છે કે, નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખબર આપી કે તૌરાતમાં આપની વિશેષતામાં એ પણ છે :–

**(અર્થ)** : મારો ખાસમાં ખાસ બંદો અહમદે મુખ્તાર છે તેમનું જન્મ સ્થળ મક્કા મોઅઝ્ઝમા, હિજરતની જગ્યા મદીના મુનવ્વરા અથવા તયબાહ છે તેની ઉમ્મત દરેક હાલતમાં અલ્લાહ તઆલાની ખૂબ જ હમ્દ કરવાવાળી હશે.

ઈર્શાદે બારી તઆલા છે;–

اَلَّذِيْنَ يَتَّبِعُوْنَ الرَّسُوْلَ النَّبِيَّ الْاُمِّيَّ الَّذِيْ يَجِدُوْنَهٗ مَكْتُوْبًا عِنْدَهُمْ فِي التَّوْرٰىةِ وَالْاِنْجِيْلِ يَاْمُرُهُمْ بِالْمَعْرُوْفِ وَيَنْهٰهُمْ عَنِ الْمُنْكَرِ وَيُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبٰٓئِثَ وَيَضَعُ عَنْهُمْ اِصْرَهُمْ وَالْاَغْلٰلَ الَّتِيْ كَانَتْ عَلَيْهِمْ فَالَّذِيْنَ اٰمَنُوْا بِهٖ وَعَزَّرُوْهُ وَنَصَرُوْهُ وَاتَّبَعُوا النُّوْرَ الَّذِيْٓ اُنْزِلَ مَعَهٗٓ اُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ۝ قُلْ يٰٓاَيُّهَا النَّاسُ اِنِّيْ رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ جَمِيْعَا الَّذِيْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ

**(અર્થ)** : તે જેઓ ગુલામી કરશે વગર પઢયે ગૈબની ખબરો આપનાર રસૂલની જેને પોતાની પાસે તૌરાત અને ઈન્જીલમાં લખેલું જોશે. તે તેમને ભલાઈનો હુકમ કરશે અને બુરાઈથી રોકશે અને સ્વચ્છ વસ્તુઓ તેમના માટે હલાલ કરશે અને ગંદી વસ્તુઓ તેમના પર હરામ કરશે અને તેમના પર જે વજન અને ગળાના ફંદા હતા તે ઉતારશે. તો જેઓ તેના પર ઈમાન લાવે અને

لَآ اِلٰهَ اِلَّا هُوَ يُحْيٖ وَيُمِيْتُ فَاٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهِ النَّبِيِّ الْاُمِّيِّ الَّذِيْ يُؤْمِنُ بِاللّٰهِ وَكَلِمٰتِهٖ وَاتَّبِعُوْهُ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ ۝

તેની તા'ઝીમ કરે અને તેને મદદ કરે અને તેની સાથે જે નૂર ઉતર્યું તેને અનુસરે તેઓ જ સફળ થયા. તમે ફર્માવો, અય લોકો ! હું તમારા સર્વ તરફ તે અલ્લાહનો રસૂલ છું કે આકાશો અને ધરતીનું રાજ્ય તેનું જ છે તેના સિવાય કોઈ મઅબૂદ નથી. જીવાડે અને મારે. તો ઈમાન લાવો અલ્લાહ અને તેના રસૂલ વગર પઢયે ગૈબ બતાવનાર પર કે (જેઓ) અલ્લાહ અને તેની વાતો પર ઈમાન લાવે છે અને તેમની ગુલામી કરો જેથી તમને (સત્ય) માર્ગ મળે. *(સૂરએ અઅ્રાફ, આયત–૧૫૭, ૧૫૮)*

અને અલ્લાહ તઆલાએ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગુણગાનમાં આ પણ ફર્માવ્યું છે :–

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَانْفَضُّوْا مِنْ حَوْلِكَ فَاعْفُ عَنْهُمْ وَاسْتَغْفِرْ لَهُمْ وَشَاوِرْهُمْ فِي الْاَمْرِ فَاِذَا عَزَمْتَ فَتَوَكَّلْ عَلَى اللّٰهِ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَوَكِّلِيْنَ

**(અર્થ)** : તો અલ્લાહની કેવી મહેરબાની છે કે અય મહબૂબ ! તમે એમના ખાતર નરમ દિલના બન્યા અને ચઢેલા દિમાગ અને સખ્ત દિલના હોત તો તેઓ જરૂર તમારી પાસેથી વિખેરાઈ જાત, તો તમે એમને માફ કરો અને એમની શફાઅત કરો અને કામોમાં એમનો અભિપ્રાય લો અને જો કોઈ કામનો પાકો નિશ્ચય કરી લો તો અલ્લાહ પર ભરોસો રાખો, બેશક ! તવક્કુલવાળા અલ્લાહને પ્યારા છે. *(સૂરએ આલે ઈમ્રાન, આયત–૧૫૮)*

ઈમામ અબુલ લૈષ સમરકન્દી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, આ આયતોમાં અલ્લાહ તઆલાએ પોતાની મખ્લૂકને આ એહસાન યાદ દેવડાવેલ છે કે તેણે પોતાના હબીબ એટલે સૈયેદના મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એવા બનાવ્યા છે કે તેઓ મુસલમાનો પર ઘણી જ મહેરબાની અને સહાનુભૂતિ ફર્માવવાવાળા છે અને દરેકના સાથે નરમીથી વર્તે છે. જો તેમને ખરાબ આદતવાળા અથવા સખત દિલવાળા બનાવવામાં આવતા તો ખરેખર લોકો તેમની આસપાસ એકત્ર ન થતા. બલ્કે ધૃણાવાળા બનીને દૂર રહેતા. પરંતુ તેઓને માફ કરવાવાળા, નરમ દિલ, ખૂબસૂરત, ખૂબ સદ્‌ગુણ, નેકી કરવાવાળા અને કૃપા કરવાવાળા છે. (આ આયતની તફસીરમાં) દહાક رحمۃ اللہ علیہ નું કથન આના જેવું જ છે.

અલ્લાહ عزوجل એ પોતાના હબીબની શાનમાં આ પણ ફર્માવ્યું છે :–

وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا ۝

**(અર્થ)** : અને વાત એમ જ છે કે અમે તમને બધી ઉમ્મતોમાંથી શ્રેષ્ઠ બનાવ્યા કે તમે લોકો પર ગવાહ બનો. અને રસૂલ તમારા નિગેહબાન તથા ગવાહ. *(સૂરએ બકરહ, આયત–૧૪૩)*

અબુલ હસન કાલ્બસી رحمۃ اللہ علیہ એ ફર્માવે છે કે : અલ્લાહ તબારક વ તઆલાએ આ મુબારક આયતમાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ફઝીલત અને ઉમ્મતે મુહમ્મદિયાની વિશિષ્ટતા બયાન ફર્માવી છે. બીજી આયતમાં આ કાર્યને આ રીતે સાફ સાફ બયાન કરેલ છે :–

هُوَ سَمّٰىكُمُ الْمُسْلِمِيْنَ مِنْ قَبْلُ وَفِيْ هٰذَا لِيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا وَتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ

**(અર્થ)** : અલ્લાહે તમારું નામ મુસલમાન રાખ્યું છે આગલી કિતાબોમાં અને આ કુર્આનમાં જેથી રસૂલ તમારા રક્ષક અને સાક્ષી બને અને તમે બીજા લોકો વિશે સાક્ષી આપો. *(સૂરએ હજ્જ, આયત–૭૮)*

આ શૃંખલામાં આ પણ ઈર્શાદે બારી તઆલા છે :–

فَكَيْفَ اِذَا جِئْنَا مِنْ كُلِّ اُمَّةٍ بِشَهِيْدٍ وَّجِئْنَا بِكَ عَلٰى هٰٓؤُلَآءِ شَهِيْدًا

**(અર્થ)** : તો કેવી થશે જ્યારે અમે દરેક ઉમ્મતમાંથી એક સાક્ષી લાવીએ અને

હે મહબૂબ! તમને એ તમામ પર સાક્ષી અને રખેવાળ બનાવીને લાવીએ. *(સૂરએ નિસાઅ, આયત–૪૧)*

ચર્ચેલી આયતમાં શબ્દ ''વસતન''થી મુરાદ અદ્‌લન જબ્બારન (પસંદ પામેલ ન્યાયવાન) છે. આ આયતથી એ અર્થ મુરાદ છે કે, જેવી રીતે અમે તમને હિદાયત દીધી છે એવી રીતે ખાસ ફર્માવ્યા અને તમામ ઉમ્મત પર ફઝીલત આપી છે. કેમ કે તમને શ્રેષ્ઠ તથા ન્યાયવાન ઉમ્મત બનાવ્યા છે. જેથી કે તમે અંબિયા علیہم السلام ની તે ઉમ્મતો વિરૂદ્ધ સાક્ષી બની જાવ અને તમારો અઝીમુશ્શાન રસૂલ તમારી પવિત્રતા અને સચ્ચાઈની સાક્ષી આપશે.

એક કથન એ પણ છે કે, જ્યારે અલ્લાહ عزوجل બીજા અંબિયાથી પૂછશે કે શું તમે મારા હુકમો મારી મખ્લૂક સુધી પહોંચાડી દીધા હતા ?! તો તેઓ હકારમાં જવાબ આપશે. તેમનામાંથી દરેકની ઉમ્મત કહશે કે અમારા પાસે તો કોઈ ખુશખબરી આપવાવાળો અને ડરાવવાવાળો (નબી) આવ્યો જ ન હતો ! તે વખતે ઉમ્મતે મુહમ્મદિયા બારગાહે ખુદાવંદીમાં અંબિયાએ કિરામના બયાનને સમર્થન આપશે. અને ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની ઉમ્મતની સાક્ષીને યોગ્ય ઠરાવી તમામ અંબિયાએ કિરામના દા'વાને (ઉપર જણાવેલ આક્ષેપ)થી પાક કરી દેશે. ચર્ચિત આયતના અર્થમાં એક કથન એ પણ છે કે, તમે પોતાના સર્વ વિરોધીઓના પર સાબિતી છો અને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم તમારા પર દલીલ છે. આ કથનની વાત અબૂ લયસ સમરકન્દી رحمۃ اللہ علیہ એ કરી છે. ઈર્શાદે બારી તઆલા છે :–

وَبَشِّرِ الَّذِيْنَ اٰمَنُوْا اَنَّ لَهُمْ
قَدَمَ صِدْقٍ عِنْدَ رَبِّهِمْ

**(અર્થ)** : અને ઈમાનવાળાઓને ખુશખબર સંભળાવો કે તેમના માટે તેમના રબ પાસે સત્યનું સ્થાન છે. *(સૂરએ યૂનુસ, આયત–૨)*

હઝરત કતાદહ્ (વફાત : હિ.સ. ૧૧૭) હઝરત ઈમામ હસન બસરી (વફાત : હિ.સ. ૧૧૦) અને ઝયદ બિન અસ્લમ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ **કદમ સિદ્‌કિન્**ની તફસીરમાં ફર્માવ્યું છે :–

**(અર્થ)** : તે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم જેઓ શફાઅત ફર્માવશે. *(પેજ–૨૧)* هُوَ مُحَمَّدٌ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَشْفَعُ

ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ નું આ તફસીરમાં એ કથન પણ છે કે, **કદમ સિદ્‌કિન્**થી મુરાદ તે આઘાત છે જે પ્રેમીઓને તેની જુદાઈમાં સહન કરવો પડે છે. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૭૪)થી રિવાયત છે કે, આ **કદમ સિદ્‌કિન્** શફાઅત છે જે આપણા નબી સૈયેદના મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવશે અને પોતાના રબ સમક્ષ સાચા શફાઅત[1] કરનાર છે. સહલ બિન અબ્દુલ્લાહ તસ્તરી رحمۃ اللہ علیہ નું કથન છે કે, તેનાથી મુરાદ તે રહમત છે જે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુબારક જાતમાં સોંપણી કરવામાં આવી છે. મુહમ્મદ બિન અલી તિર્મિઝી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૨૫૫)નું કથન છે : તેઓ સૈયેદના મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم છે જેઓ વફાદારોના ઈમામ, શફાઅત કરનારા અને સરદાર અને બારગાહે ખુદાવંદીના એવા સવાલ કરનારા છે જેમનો સવાલ જરૂર પૂરો કરવામાં આવે છે. તેમના આ કથનની સલ્લમી رحمۃ اللہ علیہ એ પણ વાત કરી છે. *(ક્રમશઃ)*

---

**૧.** *મુસલમાનોનો એ જ અકીદો છે કે નબીયે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم મુઝનબીન છે પરંતુ વહાબીઓના ઈમામ મૌલવી મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વી (કત્લ થયો : હિ.સ. ૧૨૪૬/સને ૧૮૩૧)એ પોતાની સમયની કુખ્યાત અને દીન અને ઈમાન વિરૂદ્ધ કિતાબ તકવિયતુલ ઈમાનમાં શફાઅતના અકીદાની મજાક ઉડાવતાં શાને રિસાલતમાં ઉદ્ધતાઈ ભરેલા શબ્દો લખતાં કહ્યું છે કે, શું તેઓ ચોરોના મદદગાર છે ! અલ્લાહ તઆલા આવા દુશ્મને રસૂલના ફિત્નાથી તમામ મુસલમાનોને સુરક્ષિત (મહફૂઝ) રાખે. –આમીન*

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો

અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફ્તી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

હપ્તો : ૦૪

## ★ સમયની શોધોના મુજબ સરવરે દો આલમનાં કથનો ★

નબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી એક હદીષ શરીફ છે જેમાં આપે તમામ આશ્ચર્યજનક શોધોના બારામાં જે વર્તમાનકાળમાં થઈ છે અથવા જે થઈ ચૂકી અથવા જે કાંઈ ભાવિમાં હોશ ઉડાવી દે એવા પ્રકારની ચીજો થનારી છે તેના વિશે જણાવ્યું છે. ઈર્શાદ ફર્માવ્યો :–

لا تقوم الساعة حتى تروا امورا عظا ما لم
تكونوا تـرونها ولاتحدثون بهاانفسكم

"કિયામત સ્થાપિત થતા પહેલાં તમે તે મહાન બાબતોને જોઈ લેશો જેને તમે ન કદી જોઈ છે અને ન તમે કદી એના બારામાં વિચાર્યું." *(અલફિતન)*

આ હદીષને ષુમરહ ઈબ્ને જન્દુબ رضی اللہ عنہ એ નઈમ ઈબ્ને હમ્માદે પોતાની મશહૂર તથા વિખ્યાત કિતાબ "અલ ફિતન"માં રિવાયત કરી છે. ઈમામ અહમદ, બઝ્ઝાર તથા તિબ્રાનીએ પણ કબીરમાં વિસ્તારપૂર્વક તેની રિવાયત કરી છે જેમ કે આગળ આવી રહ્યું છે. જો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી આ સિવાય કોઈ હદીષ આ વિષયમાં આવેલી નથી પરંતુ આ હદીષ સમૃધ્ધ છે કે એમાં દરેક તે ચીજ આવી ગઈ જે જાહેર થઈ ચૂકી છે અથવા જાહેર થશે. એવી નવી નવી શોધો જે પહેલાં ન કોઈએ જોઈ અને ન સાંભળી. બલ્કે એમાં મોટા ભાગની તે છે જે ત્યારના હિસાબે અશકય જણાતી હતી, જેમ કે વિમાન કે જે આજકાલ જોવા મળે છે, પાણી તળીયે સબમરીનોમાં મુસાફરી, દૂર દૂરના શહેરોમાં હોવા છતાં લોકોનું આપસમાં વાતચીત કરવું, પશ્ચિમમાં રહેનારા અવાજને પૂર્વવાળાઓનું સાંભળવું અને તસ્વીરોનું અવાજની સાથે એક જગાએથી બીજી જગાએ પહોંચવું, શહેરોમાં રોશનીનું થવું ભલે ગમે તેટલાં મોટાં હોય કે એ રોશની દૂર દૂરથી અને વિવિધ શહેરોએથી પહોંચે છે, આ રોશની (વીજળી)નું પાણીથી પેદા થવું કે જે આગની વિરોધાભાષી છે જ્યારે વીજળી આગનું કામ પણ કરે છે. એ ઉપરાંત અસંખ્ય ચીજો જે અજીબો ગરીબ તથા આશ્ચર્યમય છે. આજથી સો વરસ પહેલાં એ ચીજોની કલ્પના પણ અશકય હતી પરંતુ એ તમામ ચીજો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ કથન મુબારકમાં સામેલ છે કે حتى تروا الامورا العظام التى لم تكونوا ترونها તો એ આપ صلی اللہ تعالیٰ علیہ وسلم નું એક સમૃદ્ધ કથન તથા મુબારક મો'જિઝો છે.

જ્યારે આ મહાન બનાવો જાહેર થયા જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો હતો તો ઘણા બધા જ્ઞાનીઓ પૂર્વ તથા પશ્ચિમમાં પૂછવા લાગ્યા કે શું આલમની આ આ અજાયબીઓના બારામાં નબવી હદીષોમાં કોઈ નિર્દેશ મૌજૂદ છે ? મને પણ હિજાઝ, મિસર અને મરાકશના આલિમોએ એ જ પ્રશ્ન કર્યો અને તેમનું આ સવાલ કરવું પણ આ જ પ્રકાશમાંથી છે જેના બારામાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખબર આપી. (બઝ્ઝારે તથા તિબરાનીએ કબીરમાં સુમરહથી

રિવાયત કરી) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

ستـرون قبـل ان تـقـوم الساعةاشياء ستنكرونها
عـظـامـا تـقـلـون هل كنا حدثنا بهذا رأيتم ذالك
فـاذكـروا الـلـه تـعـلـىٰ واعلموا انها اوئل الساعة

"કિયામત રચાતા પહેલાં તમે એવી ચીજો જોશો કે જેનો તમે ઈન્કાર કરશો અને કહેશો કે શું એના બારામાં કાંઈક અમને વર્ણન કરવામાં આવેલ છે ? જ્યારે તમે એ જોશો તો અલ્લાહનો ઝિક્ર કરશો અને જાણી લેશો કે આ પણ કિયામતની શરૂઆત છે."

ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં અધિક સ્પષ્ટતા સાથે આ હદીષને વર્ણન કરી. તે ફર્માવે છે :

حـدثناابوكامل حدثنا زيرحدثنا الاسود
بن قيس حدثنا ثعلبه بن عبادالعبدى من
اهلبصرةعن سمرة بن جندب

"નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ હદીષમાં જેમાં કે દજ્જાલની ખાસિયતો વર્ણન કરી છે, એ પણ ફર્માવ્યું છે કે :–

ولـن يكون ذالك حتى تروا امورا يتفا قم
شـانهـا فيـنفوسكم وتساؤلون بينكم هل
كا ننبيكم ذكر لكم منها ذكرا

"અને એવું ત્યારે થશે કે તમે એવી ચીજો જોશો જેની કદર તમારી દૃષ્ટિ ખૂબ જ હશે અને તમે આપસમાં એ પ્રશ્ન કરશો કે શું નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમના બારામાં કાંઈક કહ્યું છે ?" *(મુસ્નદે ઈમામ અહમદ, પેજ–૧૬, અલ જુઝઉલ ખામિસ)*

ખુદાના સોગંદ ! આ જ પ્રમાણે લોકો મને વિવિધ મજલિસોમાં સવાલો કર્યા કરતા હતા અને એ કહેવામાં આવતુ હતું કે શું આ જમાનાની અજાયબીઓના બારામાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કાંઈક કહ્યું છે ? અથવા કોઈ હદીષમાં ક્યાંક આ ચીજોની તરફ નિર્દેશ મળે છે ? તો હું મારા ઈલ્મના આધારે તેમને જવાબ આપતો હતો.

## ★ રેલ્વે ટ્રેન, ટ્રામ અને એ પ્રકારની અન્ય ચીજો ★

આ બનાવોમાંથી જે ચીજોના બારામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે અમે નજીકમાં જ તેને જોશું તેમાં **ટ્રેન** (ઈ.સ. ૧૮૧૪ માં બ્રિટન નાગરિક સ્ટીફનસને તેની શોધ કરી) તથા **ટ્રામ, મોટરકાર** (ઈ.સ. ૧૮૮૬ માં મિ. ડેમરેલે શોધી.) **તથા એના જેવી અન્ય ચીજો** છે. તેના બારામાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ વિશિષ્ટ રીતે ખબર આપી છે. અને કુર્આને કરીમ તથા નબવી હદીષોમાં સ્પષ્ટ નિર્દેશ પણ આવ્યાં છે. કુર્આને કરીમની ત્રણ આયતો રજુ કરવામાં આવે છે :–

واٰ يةلهـم انـــا حـمـلـنـــا ذريتهم فـى الفلك
الشحون وخلقنا لهم منمثله مايركبون

"અને તેમના માટે એક નિશાની એ છે કે તેમને તેમના વડીલોની પીઠમાં અમે (સામાન વગેરેથી) ભરેલી કશ્તીમાં સવાર કર્યા. અને તેમના માટે એવી જ ચીજો બનાવી દીધી જેના પર તેઓ સવાર થાય છે." *(સૂરએ યાસીન, આ. ૪૧, ૪૨)*

એટલે કે ભરેલી કશ્તી જેવી અને તે સવારીઓ (વાહનો) બનાવી જેના પર તેઓ સૂકામાં ચાલે છે અને જાહેર છે કે જે ચીજ પોતાના સ્વભાર અને અધિક સામાન ઉઠાવવામાં ભરાયેલી કશ્તીની જેમ છે, તે રેલ ગાડી, બસો અને ટ્રક વગેરે છે જે ઘણા મુસાફરોને તેમના સામાન સહિત ઉઠાવે છે અને એ રીતે ચાલે છે કે બુલંદ તથા ઊંચો પહાડ જઈ રહ્યો છે. અલ્લાહ તબારક વ તઆલાએ સમુદ્રમાં ચાલનારી કશ્તીઓ (વહાણો)ને ઊંચા તથા બુલંદ પહાડોથી સરખામણી આપી છે, એ જ પ્રમાણે રેલગાડી વગેરે. બલ્કે એ તો તે ભરેલી કશ્તીઓ સાથે અધિક મળતાપણુ ધરાવે છે જે સમુદ્રોમાં ચાલે છે. એ એતબારથી તે મુફસ્સિરો જેમણે આયતે કરીમામાં "મિષ્લ"ની તફસીર ઊંટ સાથે કરી તેઓ લાચાર

હતા કેમ કે તેમણે પોતાના જમાનામાં કોઈ ચીજ ન પામી જે મુસાફિર અને સામનોને ઉઠાવવામાં કશ્તીની જેમ હોય. જેથી તેઓ મજબૂર થઈ ગયા કે આ આયતને ઊંટ માટે ધારે, જો કે તેમનું એ અર્થો મુરાદ લેવું હવે દુરુસ્ત નથી જણાતુ. એટલા માટે કે કશ્તીમાં તો ઘણા બધા માણસો સામાનની સાથે સવાર હોય છે અને તે ઉપરાંત વેપારનો માલ તથા શસ્ત્રો વગેરે પણ હોય છે અને એ પણ તે સમયની વાત છે. વર્તમાનળકામાં તો એક કશ્તીમાં સેંકડો લોકો મુસાફરી કરે છે. દરિયાઈ જહાઝોમાં હજારો વ્યક્તિઓ અને કેટલાયે ટન વેપારનો માલ હોય છે. વળી તેમના જમાનામાં આ દરિયાઈ જહાઝ અને કશ્તીઓ એટલા બોજ સાથે સાથે પણ સમુદ્રમાં ખૂબ તેજ ગતિએ ચાલતી હતી. જેમ કે ખૂદ અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો :–

وله الجوار النشأت فی البحر كالاعلام

"અને તેની છે તે ચાલવાવાળીઓ જે ઉઠેલી (ઉપસેલી) છે જેમ કે પહાડ." *(સૂરએ રહમાન, આયત–૨૪)*

અને એ તમામ ચીજો ઊંટના સ્થિતિઓથી તદ્દન વિરૂધ્ધ છે. કેમ કે ઊંટ ખૂબ જ સુસ્ત ગતિએ ચાલે છે અને તેના સામાન ઉઠાવવાને કશ્તીના સામાન ઉઠાવવા પર ધારી નથી શકાતુ. બલ્કે એક કશ્તીમાં તો એટલો સામાન આવે છે જેટલો સો ઊંટો ઉઠાવે. જેથી આયતની તફસીર ઊંટ સાથે કઈ રીતે કરી શકાય છે ? જેથી તે તફસીર તદ્દન સ્વીકાર્ય નથી."

હવે તે ચીજ છે **ફલક મશ્હૂન** (ભરેલી કશ્તી)ની સાથે સામાન ઉઠાવવામાં અને સૂકામાં એટલે જમીન પર તેજ ગતિએ ચાલવામાં પૂર્ણપણે સમાનતા ધરાવે છે તે રેલગાડી તથા તેની જેવા અન્ય વાહનો છે. જેથી આયતે કરીમામાં યકીનન એ જ મુરાદ છે. હઝરત ઈબ્ને અબ્બાસ, હસન તથા ઝહકા رضوان الله تعالیٰ علیهم اجمعین એ એ જ આયતના બારામાં તફસીરમાં જણાવ્યું કે :–

"એ કશ્તીઓની જેવી કશ્તીઓ બનાવી દીધી જેના પર તેઓ સવાર થાય છે." *(તફસીર)*


નહાસે કહ્યું કે એ જ અધિક સહીહ છે એટલા માટે કે તેની સનદ હઝરત અબ્બાસ رضی الله عنهما સુધી પહોંચી છે અને એ વાત હઝરત ઈબ્ને અબ્બાસ رضی الله عنهما ની તીવ્ર દષ્ટિ તથા એ વાત પર દલીલ પૂરી પાડે છે કે આપ કુર્આનેપાકના અર્થો કરવામાં ખુદા તઆલાના નૂરથી સહીહ ચિંતન મનન કર્યા કરતા. એમાં રસૂલુલ્લાહ صلی الله تعالیٰ علیه وسلم ની એ દુઆનું સમર્થન પણ છે જેમાં આપ صلی الله تعالیٰ علیه وسلم એ હઝરત ઈબ્ને અબ્બાસ رضی الله عنهما ના માટે ફર્માવ્યું કે, "હે અલ્લાહ ! એને દીનમાં ફકીહ બનાવ તથા તેને તાવીલ શીખવાડ." *(મુસ્લિમ, ભાગ–૨, પેજ–૨૯૮, બુખારી, ભાગ–૧, પેજ–૫૩૧)* કેમ કે કશ્તીનું વજૂદ જમીન પર ?! તેની ન તો કોઈ કલ્પના કરી શકતુ હતું અને ન તે સમયે કોઈ સમજદાર વ્યક્તિ એવી વાત કહી શકતો હતો. પરંતુ હઝરત ઈબ્ને અબ્બાસ رضی الله عنهما એ બારીક પર્દાથી ગયબની તરફ જોયું અને એ ફર્માવી દીધું જે તદ્દન સ્થિતિને અનુરૂપ તથા હકીકતના પ્રમાણે છે.

**બીજી આયત :–**

والخيل والبغال والحمير لتركبوها
وزينة ويخلق مالاتعلمون

"અને ઘોડા અને ખચ્ચર અને ગધેડાં કે તેના પર સવાર થાવ અને શોભાના માટે, અને તે પેદા કરશે જેની તમને ખબર નથી." *(સૂરએ નહ્લ, આયત–૮)*

એટલે કે એવી ચીજો જે સવારી તથા શોભા બંનેમાં ફાયદો આપે અને સામાન પણ ઉઠાવે, જેમ કે ઘોડા, ખચ્ચર તથા ગધેડાં સામાન વહે છે. જેથી આ આયત તમામ ચીજો બાબતે તદ્દન સાફ છે જે સામાન વહે છે, દા.ત. ટ્રક, બગી, મોટર, ઠેલા (લારી) તથા સાયકલ વગેરે. *(ક્રમશઃ)*



# ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત



હપ્તો : છેલ્લો

✍:પટેલ શબ્બીર અલી રઝવી

## ★ આ'લા હઝરત અને બંદાનવાઝ ગેસૂ દરાઝ ★

ઈમામે અહલે સુન્નત رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું કે, "હુઝૂર ! મોટા ભાગના વાળોને લાંબા રાખનારા હઝરત ગેસૂ દરાઝ બંદા નવાઝ رحمۃ اللہ علیہ ને દલીલ બનાવે છે. તેમના વિશે શો હુકમ છે ?"

આ'લા હઝરતે જવાબ આપ્યો કે, "જેહાલત છે ! નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પુષ્કળ હદીષોમાં એ પુરૂષો પર લઅનત ફર્માવી જેઓ ઔરતો સાથે મુશાબેહત (મળતાપણુ) પેદા કરે. અને તે સ્ત્રીઓ પર લઅ્નત ફર્માવી જે પુરુષો સાથે સામ્યતા ઉભી કરે. અને સામ્યતા (મુશાબેહત) ઉભી કરવા માટે દરેક વાતમાં સંપૂર્ણપણે દેખાવ બનાવવો જરૂરી નથી, એક જ વાતમાં મળતાપણુ પેદા થાય તે પૂરતુ છે.

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક સ્ત્રીને જોઈ કે પુરૂષો જેમ ખભા પર કમાન લટકાવીને જઈ રહી છે, એના માટે પણ એ જ ફર્માવ્યું કે તે સ્ત્રીઓ પર લઅ્નત જેઓ મર્દો સાથે સામ્યતા (મળતાપણુ) ઉભુ કરે.

ઉમ્મુલ મુઅ્મિનની આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ એક સ્ત્રીને પુરૂષો જેવા જોડા પહેરેલી જોઈ. તેના માટે પણ આ જ હદીષ રિવાયત કરી કે પુરૂષો સાથે સામ્યતા ઉભી કરનારી સ્ત્રીઓ મલઊન છે. જ્યારે કેવળ જોડા તથા કમાન લટકાવવામાં સામ્યતા લઅ્નતનો સબબ છે તો સ્ત્રીઓ જેવા વાળ લાંબા રાખવા એ તો એનાથી સખ્તતર લઅનતનો સબબ બનશે કે તે એક બાહ્ય ચીજ છે અને આ ખાસ શરીરના અંગમાંની છે જેથી ખભાઓથી નીચે વાળો રાખવા હદીષોના હુકમાનુસાર જરૂર લઅ્નતનો સબબ છે અને ચોટલો ગૂંથવો એથીયે અધિક લઅ્નતનો સબબ છે. અને એમાં વધારો કરવો એનાથીય અધિક લઅનતનો સબબ ગણાશે.

આપ ફર્માવે છે : હઝરત સૈયદ ગૈસૂ દરાઝ قدس سرہ એ મુશાબેહત (સામ્યતા) કરી ન હતી. એક ગેસૂ (વાળ) રાખ્યો હતો અને એના માટે ખાસ કારણ હતું કે આપ મહાન આલિમો તથા મહાન સાદાતોમાંથી હતા. યુવાનીની ઉમર હતી. સાદાતની જેમ ખભાઓ સુધી બે વાળો રાખતા હતા કે એ રીતે શરીઅતની રૂએ જાઈઝ બલ્કે સુન્નતથી સાબિત છે. એકવાર માર્ગમાં બેઠેલા હતા એવામાં હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ ની સવારી નીકળી. તો આપે ઉઠીને ઝાનૂએ (જાંગ) મુબારક પર બોસો આપ્યો. હઝરત ખ્વાજા નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, સૈયદ ! હજી નીચે બોસો આપો ! પગો મુબારક પર બોસો આપ્યો. ફર્માવ્યું ! સૈયદ ! ઔર નીચે ! તો આપે ઘોડાની ખરી પર બોસો આપ્યો. એક વાળ (ગેસૂ) પેંગડા મુબારકમાં ભેરવાઈ ગયો હતો તે ત્યાં જ ભેરવાયેલો રહ્યો અને આપ ઘોડાની ખરી સુધી પહોંચી ગયા.

હઝરતે ફર્માવ્યું, સૈયદ ! ઔર નીચે ! તેમણે હટાવીને જમીન પર બોસો આપ્યો. ગેસૂ (વાળ) મુબારકથી અલગ કરીને હઝરત તશરીફ લઈ ગયા. લોકોને આશ્ચર્ય થયું કે, "આવા મહાન સૈયદે આટલા મોટા આલિમની જાંગ પર બોસો આપ્યો છતાં હઝરત રાજી ન થયા ! અને ઔર નીચે બોસો આપવા હુકમ કર્યો ?! તેમણે પગો મુબારકનો બોસો આપ્યો તો ઔર નીચે હુકમ ફર્માવ્યો ! ઘોડાની ખરી પર બોસો આપ્યો તો ઔર નીચેનો હુકમ કર્યો એટલે સુધી કે જમીન પર બોસો આપ્યો !" આ વાંધો હઝરત સૈયદ ગેસૂ દરાઝે સાંભળ્યો તો ફર્માવ્યું કે, "લોકો નથી જાણતા કે મારા શયખે આ ચાર બોસાઓમાં શું અતા ફર્માવ્યું ?! જ્યારે મેં ઝાનૂ મુબારક પર બોસો આપ્યો તો આલમે નાસૂત જાહેર થઈ ગયો, જ્યારે મુબારક પગો પર બોસો આપ્યો તો આલમે મલકૂત જાહેર થઈ ગયો, ઘોડાની ખરી પર બોસો આપ્યો તો આલમે જબરૂત જાહેર થયો અને જ્યારે જમીન પર બોસો આપ્યો ત્યારે આલમે લાહૂત જાહેર થઈ ગયો. તે એક વાળ (ગેસૂ) જે આવી મહાન નેઅમતની યાદગાર હતો અને તેને આવી રહમતની તજલ્લીએ વધાર્યો હતો જેથી ન કતરાવ્યો. એને સ્ત્રીથી મુશાબેહત (મળતાપણા) સાથે શું સંબંધ ?! સ્ત્રીઓનો એક વાળ મોટો નથી હોતો ન આટલો લાંબો હોય છે, અને ન તેને મેહફૂઝ રાખવામાં આવું રાઝ હોય છે. એની સનદ (સહાબી) અબૂ મહઝૂરા رضی اللہ عنہ નો ફેઅલ છે.

જ્યારે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તાઈફ શરીફ ફતહ કર્યું અને અઝાન થઈ તો બાળકોએ એની નકલ કરી. એમાં અબૂ મહઝૂરા رضی اللہ عنہ પણ હતા, તેમનો અવાજ ઘણો સારો હતો. હુઝૂરે આપને બોલાવ્યા અને માથા પર હાથ મુબારક રાખ્યો અને તેમને મોઅઝ્ઝિન નિયુક્ત કર્યા. માંએ બરકતના માટે પેશાનીના તે વાળોને જેના પર દસ્તે અકદસ રાખવામાં આવ્યો હતો તેને મેહફૂઝ રાખ્યો. જે વખતે વાળો ખોલવામાં આવતા તો જમીન પર આવી જતા હતા. એને પણ (સ્ત્રીઓથી) મુશાબેહત સાથે કોઈ સંબંધ નથી. સ્ત્રીઓ કેવળ પેશાનીના વાળો નથી વધારતી. અને તેને મેહફૂઝ રાખવું બરકતના કારણે હતું........" *(મલ્ફૂઝાત શરીફ, પેજ-૨૫૫, ૨૬૬)*

દુનિયાનો કોઈ પણ માણસ આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી علیہ الرحمۃ والرضوان નું કોઈ એવું લખાણ કે એવું કથન રજુ નથી કરી શકતો જેનાથી અસ્લાફ તથા મશાઈખે અહલે સુન્નતની શાનને હલકી પાડવાનો અણસાર પણ નીકળતો હોય. તો પછી જે ઔલાદે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم માંથી હોય તેનો માન મર્તબો આ'લા હઝરતની દષ્ટિમાં કેટલો ઉચ્ચ છે તેનો અંદાજો કોણ લગાડી શકે છે ?! આપે ઉલમા તથા મશાઈખની અદબ તથા એહતેરામનો મુસલમાનોને જે શઉર (સમજ) બખ્શ્યો છે એનું દષ્ટાંત લાખ કોશિશ છતાં મળતુ નથી.

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરતના ખયાલોનો પ્રચાર અત્યંત જરૂરી છે અને એ વિચારશ્રેણીને ઘેર ઘેર પહોંચાડવાની દરેક શક્ય કોશિશ અમલમાં મૂકવી જોઈએ. પીરાને તરીક્ત તથા શરીઅતના ઈમામો પોતાના રાત દિવસના મા'મૂલાતમાં આ'લા હઝરતની કિતાબોને સામેલ રાખે અને પોતાના મુરીદો તથા ચાહકોને તેને પઢવા તથા તેના પર અમલ કરવાની તાકીદ કરતા રહે જેથી શંકા કુશંકાનું કોઈ વાતાવરણ ઉદ્ભવી ન શકે અને વિરોધીઓ પોતાના મકસદોમાં સફળ ન થઈ શકે.

રબ્બે કાયનાત આપણને ગુનેહગારોને ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ના નકશે કદમ પર ચાલવાની તૌફીક બખ્શે અને તેમના ઈશ્કે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم થી આપણને પણ કાંઈ હિસ્સો અતા ફર્માવે. -આમીન. *(કિતાબ ઈમામ અહમદ રઝા ઔર મશાઈખે ચિશ્તના હવાલાથી) (સંપૂર્ણ)*

# કુફ્રી મસ્અલો અને ઈમામ અહમદ રઝા

★ લેખક ★
ફકીહે આ'ઝમે હિંદ, શારેહે બુખારી હઝરત
અલ્લામા મુફતી શરીફુલ્ હક્ક رحمۃ اللہ علیہ
★ અનુવાદક ★
અલ્હાજ હાફેઝ મૂસા ઝંઘારવી *(પ્રેસ્ટન, યુ.કે.)*

હપ્તો : ૦૪

હવે આવો આ વિષયમાં દેવબંદી વિચારસરણી (અકીદા–માન્યતા) શી છે તે જોઈએ :–

## ★ નાનોત્વી સાહેબની કુફ્રી ઈબારત ★

મૌલ્વી કાસિમ નાનોત્વી દારુલ દેવબંદના સ્થાપક પોતાની કિતાબ તહઝીરુન્નાસમાં લખે છે કે :–

**''અવ્વલ માઅના ખાતેમુન્નબીય્યીન મા'લૂમ કરના ચાહિયે તા કે ફહમે જવાબમેં દિક્કત ન હો, સો અવામ કે ખયાલમેં તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કા ખાતિમ હોના બઈં માઅના હૈ કે આપકા ઝમાના અંબિયાએ સાબિક કે ઝમાને કે બાદ ઔર આપ સબમેં આખરી નબી હૈં, મગર એહલે ફહમ પર રોશન હોગા કે તકદ્દુમ વ તઅખ્ખુરે ઝમાનીમેં બિઝ્ઝાત કુછ ફઝીલત નહીં. ફિર મકામે મદ્હમેં વલાકિર્રસૂલલ્લાહ વ ખાતમન્નબિય્યીન ફર્માના ઈસ સૂરતમેં કયૂંકર દુરુસ્ત હો સકતા હૈ ? હાં, અગર ઈસ વસ્ફ કો અવસાફે મદહમેંસે ન કહિએ ઔર ઈસ મકામ કો મકામે મદહમેં મદહ ન કરાર દીજીએ તો અલ્બત્ત ખાતમિય્યત બ એ'તેબારે તઅખ્ખુરે ઝમાની સહીહ હો સકતી હૈ. મગર મૈં જાનતા હૂં કે એહલે ઈસ્લામ મેં સે કિસી કો યે બાત ગવારા ન હોંગી કે ઈસમેં એક તો ખુદા કી જાનિબ ઝિયાદહ્ ગોઈ કા વહમ હૈ. આખિર ઈસ વસ્ફમેં ઔર કદ્દો કામત વ શકલો રંગ વ હસબ વ નસબ સુકૂનત વગૈરહ્ અવસાફમેં જિનકો નબુવ્વત યા ઔર ફઝાઈલમેં કુછ દખલ નહીં કયા ફર્ક હૈ ! જો ઈસકો ઝિક્ર કિયા ઔરોં કો ન કિયા.**

**દુસરે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કી જાનિબ નુકસાને કદરકા એહતેમાલ હૈ, ક્યૂં કિ એહલે કમાલ કે કમાલાત ઝિક્ર કિયા કરતે હૈં. ઔર ઐસે વૈસે લોગોં કે ઈસ કિસ્મ કે અહવાલ બયાન કિયા કરતે હૈં. એ'તેબાર ન હો તો તારીખોંકો દેખ લિજીએ.**

**બાકી યેહ એહતેમાલ કે યહ દીન આખરી દીન થા ઈસ લીયે સદ્દેબાબે ઈત્તેબાએ મુદ્દઈય્યાને નબુવ્વત કયા હૈ જો કલકો જૂઠે દાઅવે કરકે ખલાઈક કો ગુમરાહ કરેંગે. અલબત્ત ફી હદ્દેઝાતેહી કાબિલે લિહાઝ હૈ.**

**પર જુમ્લા ''માકાન મુહમ્મદુન અબા અહદુમ મિર રિજાલિકુમ'' ઔર જુમ્લા ''વલાકિર રસૂલુલ્લાહિ વ ખાતમુન્નબિય્યીન''મેં કયા તનાસુબ થા ? જો એક કો દુસરે પર અત્ફ કિયા ઔર એક કો મુસ્તદરક મિન્હુ ઔર દૂસરે કો ઈસ્તિદરાક કરાર દિયા.**

**ઔર ઝાહિર હૈ કે ઈસ કિસ્મ કી બે રબ્તી બે ઈબારતી ખુદા કે કલામે મુઅજઝિઝ નિઝામમેં મુતસવ્વુર નહીં, ઔર સદ્દેબાબે મઝકૂર મંઝૂર હી થા તો ઈસ્કે લિએ બીસોં મૌકે થે, બલ્કે બિનાએ ખાતમિય્યત ઔર બાત પર હૈ જિસસે તઅખ્ખુરે ઝમાની ઔર સદ્દેબાબે મઝકૂર ખૂદ બ ખૂદ લા'ઝિમ આતા હૈ.''**

## ★ ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી નબી હોવાનો ઈન્કાર ★

અમે તહઝીરુન્નાસની સંબંધિત ઈબારત શબ્દસઃ પૂરેપૂરી નકલ કરી દીધી છે, વાંચકો એને ધ્યાનપૂર્વક વાંચે. ઈબારત ઘણી ગુઢ અને અટપટી છે એટલા માટે બની શકે છે કે એકવાર વાંચવાથી સમજાય નહીં તો વારંવાર વાંચો અને અરબી શબ્દોના અર્થ શબ્દકોષમાં જોઈ લો, અમે કોઈ ખુલાસો એટલા માટે નથી કર્યો કે, શક્ય છે કે નાનોત્વી સાહેબના કોઈ શ્રદ્ધાળુને એવું કહેવાનો મોકો મળી જાય કે, તહઝીરુન્નાસની ઈબારતનો મતલબ ખોટો તારવ્યો છે. તેથી એનો અર્થ કુફ્રી બની ગયો છે !

નાનોત્વી સાહેબે આ ઈબારતમાં ઘણા જ જોરશોરથી ભારપૂર્વક સાબિત કર્યું છે કે **ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી (છેલ્લા) નબી નથી, અને એ અર્થ કોઈપણ રીતે બંધબેસતો નથી. ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી નબી હોવાને તેઓએ સત્તર રીતે ખોટો ઠેરવ્યો છે.**

**પ્રથમ** : ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી છેલ્લા નબી હોવું એ ઓછી સમજના સામાન્ય લોકોનો ખ્યાલ છે.

**બીજું** : એને માત્ર એક ખયાલ ઠેરવ્યો, અકીદો કે માન્યતા નહીં. ખ્યાલનો અર્થ વહેમ, ગુમાન, અભિપ્રાય એવું થાય છે. હવે એનો મતલબ એ થયો કે ખાતમુન્નબિય્યીનનો અર્થ અંતિમ (છેલ્લા) નબી એ અકીદો નથી કે જે ચોક્કસ, અટલ વાત કહેવાય, બલ્કે અણસમજુ સામાન્ય માણસોનો ફક્ત ખયાલ છે, જે તેમણે પોતે વિચારી લીધું છે. કુર્આન, હદીષ કે પૂર્વજોના કથનોથી પુરવાર થએલ નથી.

**ત્રીજું** : અંતિમ છેલ્લા નબી હોવાને વખાણપાત્ર ગણીને તેની વાત કરવી એ ખરું નથી, જ્યારે કે આ આયત વખાણની જગ્યાએ આવી છે તેથી આ આયતમાં ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી ન હોઈ શકે એનો સાફ સાફ મતલબ એ થયો કે **આખરી છેલ્લા નબી હોવું એ કોઈ વખાણને પાત્ર બાબત નથી એમાં કશી જ મહાનતા જેવું નથી....** સ્વયં પણ નહીં અને બીજા કોઈ કારણસર પણ નહીં.

★ **નોંધ** : નબી બિઝ્ઝાતનો મતલબ બીજા પર આધારિત નહીં. નબી બિલ્ અર્ઝ એટલે બીજાના પ્રતાપે–બીજા પર આધારિત.)

**ચોથું** : આ આયતને વખાણ, માન, મર્તબાના વિષયમાં માનવામાં ન આવે, અને ખાતમુન્નબિય્યીનનો પણ વખાણપાત્ર માન–મર્તબાને માટે વપરાએલ માનવામાં ન આવે તો ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી નબી હોવું બરાબર થઈ શકે છે. પરંતુ આ આયત વખાણના સ્થાનમાં છે અને "ખાતમુન્નબિય્યીન" વખાણપાત્ર ગુણ છે, તેથી આ આયતમાં ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી નબી યોગ્ય ઠરી શકે નહીં.

**પાંચમું** : જો ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી–છેલ્લા નબી લઈશું તો અલ્લાહ પર બેહૂદુ અને અર્થહિન બોલનાર હોવાનો વહેમ કરાશે. એનો મતલબ એ થયો કે આખરી નબી હોવું બેહૂદુ, અર્થહિન ગુણ છે, જેમાં કોઈ જ ફઝીલત–શ્રેષ્ઠતા નથી, ન જાતિય રીતે કે બીજા કોઈપણ રીતે.

**છઠ્ઠું** : આખરી નબી હોવું વ્યક્તિના શારીરિક બાંધા વગેરે ગુણોમાં દાખલ છે જેનાથી કશી જ વિશેષતા કે શ્રેષ્ઠતા જણાતી નથી, એનો સ્પષ્ટ સાર એ નીકળ્યો કે આખરી નબી હોવામાં કશી જ ફઝીલત નથી, ન તો સ્વંય (બિઝ્ઝાત) ન બિલ્અર્ઝ (બીજા કોઈપણ કારણે, બીજાના પ્રતાપે, બીજાના તુફેલથી વગેરે...)

**સાતમું** : જો હુઝૂર صلی اللہ علیہ وسلم ને અંતિમ–છેલ્લા નબી માનીશું તો એનાથી હુઝૂરની કદર, માન, મર્તબો ઓછો થવાની શક્યતા છે અર્થાત એનો મતલબ એ થશે કે હુઝૂરનો મરતબો ઓછો છે. એનો સાર એ

નીકળ્યો કે આખરી નબી હોવું એ માન (મરતબા)ને ઘટાડનાર છે, જેમાં કશી જ ફઝીલત નથી, ન સ્વંય–બિઝ્ઝાત કે ન બિલ્અર્ઝ.

**આઠમું** : આખરી નબી હોવું એ ગમે તેવા ફાલતુ માણસોની વિશેષતા સમાન છે. એનો સાર પણ એ જ છે કે આખરી નબી હોવામાં કશી જ ફઝીલત નથી, ન સ્વંય ન બીજા કારણસર (ન બિઝ્ઝાત, ન બિલ્અર્ઝ)

**નવમું** : જો ખાતમુન્નબિય્યીનનો અર્થ નબીઓમાં આખરી–છેલ્લા નબી લઈશું તો આ આયતના આગલા વાક્ય સાથે એનો કશો જ સંબંધ રહેશે નહીં.

**દશમું** : એકનું અવલંબન બીજા પર રહેશે નહીં.

**અગ્યારમું** : એકનો અર્થ બીજાથી સમજી શકાશે નહીં.

**બારમું** : અલ્લાહના ચમત્કારિક કલામમાં અસંબંધિત વાક્યો (આયતો) હોવાનું પુરવાર થશે.

**તેરમું** : નબુવ્વતના જૂઠા દાવેદારોને અટકાવવા આ આયતમાં ખાતમુન્નબિય્યીન કહેવામાં આવ્યું નથી, જો એ આશય હોય તો ખાતમુન્નબિય્યીનનો અર્થ જરૂર આખરી નબી હોત, પણ એનો આ હેતુ–આશય નથી એટલે આ આયતમાં ખાતમુન્નબિય્યીનનો અર્થ અંતિમ આખરી નબી નથી.

**ચૌદમું** : આ સ્થાન એનું નથી એના માટે બીજાં કેટલાય સ્થાનો હતાં.

**પંદરમું** : છેલ્લા નબી હોવાનું એ અંતિમતાનો પાયો નથી એનો પાયો એક બીજી બાબત પર છે.

**''ખાતમુન્નબિય્યીન''**નો અર્થ **''છેલ્લા નબી''** નથી એ વિશે નાનોત્વી સાહેબે આરંભમાં જ એક સામટી પંદર દલીલો ઉભી કરી દીધી છે પણ એમના જેવા નુક્તેબાઝ, બારીકાઈથી ઊંડાણપૂર્વક તપાસ કરનારની કલમ એટલે જ અટકતી નથી પણ આગળ વધીને હજુ વધારે દોડે છે ! પેજ–૪ ઉપર કહે છે :–

**''સો ઈસી તૌર રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કી ખાતમિય્યત કો તસવ્વુર ફર્માઈયે યાઅને આપ મૌસૂફ બવસ્ફે નબુવ્વત બિઝ્ઝાત હૈં ઔર સિવા આપકે ઔર નબી મૌસૂફ બ વસ્ફે નબુવ્વત બિલ અર્ઝ. ઔરોં કી નબુવ્વત આપકા ફૈઝ હૈ, આપકી નબુવ્વત કિસી ઔર કા ફૈઝ નહીં.''**

હવે વાત તદ્દન સ્પષ્ટ થઈ ગઈ, ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી નબી નથી બલ્કે બિઝ્ઝાત નબી હોવું છે. ખાતમિય્યત (અંતિમતા)નો પાયો બિઝ્ઝાત (સ્વંય) હોવા પર છે.

**સોળમું** : એટલા માટે પેજ–૧૪ ઉપર તારણ કાઢતાં પોતે કહે છે કે, **''ગર્ઝ ઈહ્તેમામ અગર બઇં માઅના તજવીઝ કિયા જાએ જો મૈંને અર્ઝ કિયા તો આપકા ખાતિમ હોના અંબિયા ગુઝિશ્તા હી કી નિસ્બત ખાસ ન હોગા બલ્કે અગર બિલ ફર્ઝ આપકે ઝમાનેમેં ભી કહીં ઔર કોઈ નબી હો જબ ભી આપકા ખાતિમ હોના બદસ્તૂર બાકી રહતા હૈ.''**

**સત્તરમું** : વળી આગળ જતાં પેજ–૨૮ ઉપર વધુ તારણ કાઢતાં કહે છે કે :–

**''અગર બિલ ફર્ઝ બાદ ઝમાનાએ નબવી સલઅમ (صلی اللہ تعالیٰ علیہ وسلم ની જગ્યાએ સલઅમ લખવાની દેવબંદીઓની આદત મુજબ) કોઈ નબી પૈદા હો તો ફિર ભી ખાતમિય્યતે મુહમ્મદી મેં કુછ ફર્ક ન આએગા, ચેહ જાએ કે આપ કે મઆસિર કિસી ઔર ઝમીનમેં યા ફર્ઝ કિજીએ ઈસી ઝમીનમેં કોઈ ઔર નબી તજવીઝ કિયા જાએ.''**

આ કુલ સત્તર કારણો થયાં જેનાથી નાનોત્વી સાહેબે પોતે પોતાનો એ અકીદો સાબિત કર્યો છે કે ખાતમુન્નબિય્યીનનો અર્થ નબીઓમાં સૌથી આખરી નબી નહીં બલ્કે બિઝ્ઝાત નબી છે. વળી એ પણ સ્પષ્ટ કરી દીધું કે નબી બિઝ્ઝાત હોવાથી આખરી નબી હોવાનું કોઈ રીતે પુરવાર થતું નથી. *(ક્રમશઃ)*

અઝમે સહાબા

# હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીક رضی اللہ عنہ ની બહાદુરી

**અઝ** : હઝરત મૌલાના કલીમુલ્લાહ સાહબ નિઝામી *(સદર મુદર્રિસીન, દા.ઉ. ગુલશને અજમેર–ભરૂચ)*

જ્યારે આપણે ઈસ્લામી ઈતિહાસ પર દષ્ટિ ગુમાવીએ છીએ તો આપણને ઘણી મહાન તથા બાકમાલ હસ્તીઓની લાંબી યાદી જોવા મળે છે જેમાં કોઈ નિશ્ચયની અડગતા તથા ઈમાની શક્તિનો પહાડ છે તો કોઈ સંયમ તથા સહનશક્તિનું પૂતળુ છે વળી કોઈ હિંમત તથા બહાદુરીમાં અનેરો અજોડ છે તો કોઈ ઈસ્લામનો ઝંડાધારી છે અને કોઈ ખુદાની રાહમાં અલ્લાહના કલ્માના એલાનના માટે પોતાની જાનને કુર્બાન કરતો જોવા મળે છે તો કોઈ ખુદા વ રસૂલ (عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ)ની ખુશ્નૂદીના માટે પોતાનો માલ રાહે ખુદામાં લૂટાવતો જોવા મળે છે. સારાંશ કે ઈસ્લામી ઈતિહાસના દામનમાં આપણા મહાન પૂર્વજ બુઝુર્ગોની સોનેરી જિંદગીઓનાં સોનેરી વર્ણનો તેમની સીરત તથા જીવન ચરિત્ર તથા અનુપમ કિરદારની સાચી તસ્વીરો અમાનતરૂપે મેહફૂઝ છે.

ઈસ્લામ ધર્મના પ્રચાર તથા પ્રસારમાં આપણા પૂર્વજ બુઝુર્ગોએ એવી એવી કુર્બાનીઓ પેશ કરી છે જેનું દષ્ટાંત રજુ કરવાથી દુનિયા આ'જિઝ છે. ખાસ કરીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن એ જે જે તકલીફો અને મુસીબતો વેઠીને ઈસ્લામની તબ્લીગ તથા પ્રચાર કર્યો છે તે અવર્ણનીય છે. સહાબાએ કિરામે પોતાના પ્રાણોની બાજી, માલોની કુર્બાની ત્યાં સુધી કે પોતાનું તન, મન, ધન સર્વ કાંઈ ખુદાની રાહમાં કુર્બાન કરી આપ્યું. આમ તો સર્વ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن એ સર્વ કાંઈ સહન કર્યું પણ ઈસ્લામના પ્રચારમાં કોઈ કસર ન છોડી. એ જ સહાબાએ રસૂલમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીક رضی اللہ عنہ નું નામ મુબારક ઈતિહાસનાં પૃષ્ઠો પર સોનેરી અક્ષરોમાં લખવામાં આવેલું છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીક رضی اللہ عنہ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જાંનિષાર સહાબાઓમાંથી છે. આપને સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે એટલી મહોબ્બત તથા અકીદત હતી કે જો ક્યાંક જાન પણ જવાનો ભય હોય છતાં પણ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈશારા પર જાનની બાજી લગાડી દેતા અને જ્યાં સુધી તે કામને પરિપૂર્ણ ન કરતા ત્યાં સુધી દમ ન લેતા. આપની ઝાતે ગિરામીથી ઈસ્લામને એટલો ફાયદો હાંસલ થયો કે જેનું કોઈ દષ્ટાંત નથી. જ્યારે ક્યાંક જંગનો વારો આવતો તો આપ એમાં અગ્ર હરોળે જોવા મળતા. દુશ્મન પર હુમ્લો કરતા તો સફોની સફોને વેરવિખેર કરી નાખતા. આપની જાંબાઝીની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાયેલી હતી. અમે આગામી પૃષ્ઠોમાં તેમની જાંનિષારી તથા બહાદુરીના એક એકથી ચઢિયાતા દિલકશ પ્રસંગો રજુ કરી રહ્યા છીએ.

ઈસ્લામના સૂરજનો ઉદય થવાને હજી અધિક અરસો ગુજર્યો ન હતો. હુઝૂર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈસ્લામની તબ્લીગ તથા પ્રચારમાં રાત દિવસ વ્યસ્ત છે. આપના સહાબીઓ પણ એ કોશિશમાં સામેલ છે. જેમ જેમ ઈસ્લામનો સૂરજ વિ□ને રોશન તથા મુનવ્વર કરતો આગળ વધતો રહ્યો તેમ તેમ ઈસ્લામના દુશ્મનો અધિક સખત થતા રહ્યા એટલે સુધી કે ઈસ્લામના દુશ્મનો ઈસ્લામની જડને ઉખેડી ફેંકવાના માટે પોતાનું એડી ચોટીનું જોર ખર્ચી રહ્યા છે. દરેક મુશ્રિકની તમન્ના છે કે કઈ રીતે ઈસ્લામ

અને ઈસ્લામના બાની (સ્થાપક)ને ખત્મ કરી દેવામાં આવે. અને એના માટે જે પણ કુર્બાની પણ આપવાની નોબત આવે તેમાં પાછી પાની કરવામાં ન આવે. એ જ ઈસ્લામના દુશ્મનોમાં અબૂ રાફેઅ પણ હતો જેણે ઈસ્લામની દા'વતને અવરોધવાના માટે એડી ચોટીનું જોર અજમાવી દીધું હતું, જ્યાં પણ જરૂરત મેહસૂસ કરતો ત્યાં તુરત માલના દરિયા વહાવી દેતો. મુશ્રિકોને અને ખાસ કરીને ગુત્ફાન કબીલાને એટલા માટે માલ આપતો કે તે ઈસ્લામની વધતી જતી શક્તિ અવરોધવામાં સહાયક બને.

જેથી જ્યારે અબૂ રાફેઅની શરારત હદથી અધિક વધી ગઈ અને મુસલમાનોને સતાવવા તથા પરેશાન કરવામાં કોઈ કસર ન છોડી તો નબી અકરમ ﷺ એ એક દિવસે પોતાના બહાદુરોને એકત્ર કર્યા અને અબૂ રાફેઅને નેસ્તો ના'બૂદ કરવાના બારામાં મશ્વરો કર્યો. હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ જણાવે છે કે હુઝૂર સરકારે દો જહાં ﷺ એ અન્સારની એક જમાઅતને હઝરત અબ્દુલ બિન અતીકની સરદારીમાં રવાના કરી. આપે મુકમ્મલ ઈરાદો કરી લીધો હતો કે અબૂ રાફેઅનું કામ તમામ કરીને જ પરત થવું છે. જેથી પૂરા હોસલા સાથે પોતાના સાથીઓની સાથે અબૂ રાફેઅનું કામ પૂર્ણ કરવાના માટે સફર શરૂ કરી.

અબૂ રાફેઅ ખૈબરની નજીક એક કબીલામાં રહેતો હતો ત્યાં ઈસ્લામ જેવા પાકીઝા મઝહબની વિરૂધ્ધ એક પછી એક સાઝિશ રચ્યા કરતો હતો. જ્યારે અબ્દુલ્લાહ ઈબ્ને અતીક رضی اللہ عنہ કિલ્લાની નજીક પહોંચ્યા તો રાત થઈ ચૂકી હતી, સૂરજ પશ્ચિમમાં અસ્ત થઈ ગયો હતો. લોકો પોત પોતાનાં કામોએથી પરવારીને કિલ્લામાં પ્રવેશી રહ્યા હતા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીકે પોતાની સાથે આવેલા બહાદુરોને ફર્માવ્યું, જાંબાઝો ! અહીં જ રોકાઈ જાવ, હું અંદર જવાનો માર્ગ કાઢું છું. જેથી જ્યારે અબ્દુલ્લાહ ઈબ્ને અતીક કિલ્લાના દરવાજાની પાસે પહોંચ્યા તો પોતાના શરીરને પોતાનાં કપડામાં એ રીતે બનાવી દીધું કે જો કોઈ જુએ તો એવું સમજે કે કોઈ કઝાએ હાજતમાં મશ્ગૂલ છે. થોડવાર પછી કિલ્લાનો દરવાન બૂમો પાડવા લાગ્યો કે દરવાજો બંધ થવાની તૈયારી છે જેથી જે અંદર આવવા ચાહતા હોય તેઓ અંદર આવી જાવ ! હવે આવો બેહતર મોકો કિલ્લામાં જવાનો કયો હોઈ શકતો હતો ! હઝરત અબ્દુલ્લાહ મોકો ગનીમત જાણીને કિલ્લાની અંદર દાખલ થઈ ગયા.

હઝરત બરાઅની બીજી રિવાયતમાં એ પ્રમાણે છે કે કોઈ માણસનો ગધેડો ખોવાઈ ગયો હતો. લોકો આગ રોશન કરીને તે ગધેડાને શોધવા કિલ્લાની બહાર નીકળ્યા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીક ફર્માવે છે કે મને ડર લાગ્યો કે ક્યાંક લોકો મને ઓળખી ન લે જેથી મેં મારું માથુ અને પગો છુપાવી લીધા અને એ રીતે બેસી ગયો કે જો કોઈ જુએ તો એવું ગુમાન કરે કે કઝાએ હાજતમાં મશ્ગૂલ છું. પછી દરવાને અવાજ આપ્યો કે, જે શખ્સ અંદર આવવા ચાહે તે દરવાજો બંધ થતાં પહેલાં આવી જાય, એ અવાજ પર આપ અંદર દાખલ થઈ ગયા અને કિલ્લાની દીવાલની પાસે એક ગધેડાના વાડામાં છુપાઈ ગયા. જ્યારે દરવાને દરવાજાને બંધ કર્યો તો આપ છુપાઈને જોઈ રહ્યા હતા કે તે ચાવી કયાં રાખે છે. જેથી તે દરવાને દરવાજો બંધ કરીને તાળુ મારીને ચાવી ત્યાં જ કિલ્લાની દીવાલની પાસે એક ગોખલામાં રાખી દીધી. હવે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીકની બહાદુરી જુઓ !

આપ આપના નિશ્ચયમાં કેટલા પ્રમાણમાં પાકા હતા ?! જણાવે છે કે થોડીવાર પછી હું ઉઠયો અને જ્યાં ચાવી રાખી હતી ત્યાં પહોંચી ગયો અને ચાવીઓને લઈને સૌ પ્રથમ તે દરવાજાને ખોલ્યો કે જે મેઈન ગેટ હતો. અને અબૂ રાફેઅ જે પોતાના ઘરના ઉપલા માળે પોતાના સાથીઓ સાથે વાતચીતમાં મગ્ન હતો. જ્યારે રાતનો અમુક ભાગ

પસાર થઈ ગયો તો તેના સર્વ સાથીઓ પોતપોતાના આરામના સ્થાને જતા રહ્યા અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીક કે બહાદુરી તથા હિંમત તેમના દરની ગુલામ હતી ! તેમણે એક કિનારેથી સર્વ દરવાજાઓને ખોલવાનું શરૂ કર્યું, જેમ જેમ દરવાજો ખુલતો તેમ અંદર દાખલ થઈને તેને બંધ પણ કરતા જતા, એવું ગુમાન કરીને કે કોઈને મારા આવવાની જાણ પણ થઈ જાય તો જ્યાં સુધી હું મારું કામ પૂર્ણ ન કરી લઉં. લોકો મારું કાંઈ બગાડી શકે નહીં. હઝરત અબ્દુલ્લાહ ફર્માવે છે કે જ્યારે હું અબૂ રાફેઅની નજીક પહોંચી ગયો જે રૂમની અંદર તે સૂઈ રહ્યો હતો, તો મેં જોયું કે એ સાંકડો તથા અંધકારમય રૂમ છે જેમાં કાંઈ દેખાતુ નથી. ઈસ્લામનો દુશ્મન અબૂરાફેઅ પોતાના ઘરવાળાંઓ વચ્ચે આરામ કરી રહ્યો હતો. જ્યારે અબ્દુલ્લાહ ઈબ્ને અતીક رضي الله عنه પહોંચ્યા તો જોયું કે એટલા પ્રમાણમાં અંધારું છે કે પોતાનો હાથ પણ દેખાતો નથી. તો આવા સંજોગોમાં શું કરું ?! પણ એ બહાદુરના હોસલા પણ બહાદુર હતા. તેમણે એક તરકીબ કાઢી કે જે એમનું જ કામ હતું ! બહાદુરીપૂર્વક બોલ્યા, હે અબૂ રાફેઅ ! અબૂ રાફેએ જ્યારે આ સાંભળ્યું તો બોલ્યો, આ કોણ છે જે અત્યારે આવીને અહીં અવાજ આપી રહ્યું છે ?! જ્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીકે આટલું સાંભળ્યું તો અવાજની તરફ આગળ વધ્યા અને પોતાની તલ્વાર વડે તેના પર હુમ્લો કર્યો પણ અંધારું હોવાથી કેવળ એક અંદાજા પ્રમાણે આપે તલ્વાર ચલાવી હતી એટલા માટે પોતાનું કામ પૂર્ણપણે ન કરી શકયા. પણ આ હુમ્લાથી એટલુ જરૂર થયું કે તેના પર ભય છવાઈ ગયો, જેથી તેણે ચીસ પાડી. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીક જણાવે છે કે જ્યારે અબૂ રાફેએ ચીસો પાડવાનું શરૂ કર્યું તો હું તરત જ ભાગીને રૂમની બહાર આવ્યો અને થોડીવાર સુધી બહાર રોકાઈ રહ્યો. જ્યારે તેને કાંઈક સાંત્વન થયું તો પછી હું અબૂ રાફેઅની પાસે પહોંચ્યો અને અવાજ બદલીને એ પ્રમાણે બોલ્યો જેમ કે કોઈ નિકટનો સગો પોતાના સગાની ખબર પૂછે છે. જ્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીકે પૂછયું કે આ કેવો અવાજ છે ?! તો અબૂ રાફેઅને થયું કે આ કોઈ મારો હમદર્દ છે જે આ રીતે મારી ખબર લઈ રહેલ છે, જેથી તેણે જવાબમાં કહ્યું કે, "તારી માંના માટે હલાકત થાય ! હમણાં થોડીવાર પહેલાં કોઈ માણસે ઘરમાં આવીને તલ્વારથી વાર કર્યો. જ્યારે આટલી વાત હઝરત અબ્દુલ્લાહે અબૂ રાફેઅ સાથે કરી તો આપને એનું સ્થાન સારી રીતે જણાઈ ગયું. તો આપે તલ્વાર વડે એકવાર ફરીથી જબરદસ્ત હુમ્લો કર્યો પણ આ વાર પહેલીવાર જેમ બેકાર ન ગયો બલ્કે આ વખતે તે ઘાયલ થઈ ગયો, પણ હજી કત્લ થયો ન હતો. પણ હવે મોકાને હાથથી જવા દેવો સારું ન હતું એટલા માટે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીક પોતાની બહાદુરીનું જૌહર દેખાડતાં ફર્માવે છે કે જ્યારે બીજા હુમ્લામાં તે કેવળ ઝખ્મી થયો તો મેં મારી તલ્વારને તેના પેટમાં ખૂપી દીધી અને એટલા જોરથી દબાવી કે તે પેઠની તરફ નીકળી ગઈ. અને જ્યારે મને તદ્દન યકીન થઈ ગયું કે અબૂ રાફેઅ મરી પરવાર્યો છે તો મેં તુરત જ ત્યાંથી ભાગવાનું યોગ્ય જાણ્યું. એટલા માટે જલ્દી જલ્દી દરવાજાઓને ખોલવા લાગ્યો. જ્યારે સર્વ રૂમોથી બહાર આવ્યો તો એક આખરી રૂમ બાકી હતો ત્યાંથી દાદર ઉતરવા લાગ્યો. હું ગભરાયેલો હતો જેથી જલ્દી જલ્દી પગો મૂકી રહ્યો હતો. હજી કેટલાંયે પગથિયાં બાકી હતાં અને એવું ધાર્યું કે હું નીચે પહોંચી ગયો છું જ્યારે કે હું ઊંચાઈ પર હતો અને ખૂબ જ અંધારું હોવાના કારણે કાંઈ દેખાતુ પણ ન હતું જેના કારણે હું જમીન પર પડી ગયો અને મારી પિંડલી તૂટી ગઈ, તેને મેં મારો અમામો ઉતારીને બાંધી દીધી પછી ત્યાંથી ચાલી નીકળ્યો, પછી આવીને કિલ્લાના દરવાજા પર બેસી ગયો. મુસલમાનો ! કુર્બાન જાવ ! હઝરત

અબ્દુલ્લાહ ઈબ્ને અતીકના આ ફર્માન પર ! આગળ ફર્માવ છે કે મેં કહ્યું, હું રાતમાં જઈશ નહીં જ્યાં સુધી કે હું ન સાંભળી લઉં કે અબૂ રાફેઅને મેં કત્લ કર્યો છે.

અલ્લાહ ! અલ્લાહ ! સરકારે દો આલમ ﷺ ના દીવાનાઓની બહાદુરી તથા હિંમત તો જુઓ ! દુશ્મનના કિલ્લામાં દુશ્મનના માથા પર સવાર થઈને તેનું કામ તમામ કરી આપ્યું, પગની પિંડલી પણ તૂટી ગઈ, પળે પળ ખતરો છે ભય છે કે કોઈ જોઈ ન લે, કોઈ આવી ન જાય, કેમ કે જોઈ લેત તો ન જાણે શું થાત.

મુસલમાનો ! જરા વિચારો તો ખરા ! કોઈ દુશ્મનને મારવો તે પણ તેના કિલ્લામાં તેની આરામગાહમાં ! આ કોઈ મામૂલી વાત ન હતી ! પણ તે સૌના છતાં આપ ગેટની પાસે બેસી રહ્યા. સુબ્હ સાદિક તુલૂઅ થઈ તો અબૂ રાફેઅના મુનાદીએ કિલ્લાની દીવાલ પર ચઢીને આ પ્રમાણે એલાન કરવાનું શરૂ કર્યું કે;

અફસોસ ! અબૂ રાફેઅ હિજાઝવાસીઓનો વેપારી મરી ગયો, અફસોસ ! તેને કત્લ કરી દેવામાં આવ્યો, અફસોસ ! તે માર્યો ગયો.

અબ્દુલ્લાહ ઈબ્ને અતીકના કાનમાં જ્યારે અબૂ રાફેઅના મરવાના એલાનનો અવાજ આવ્યો તો બહાદુર ફાતેહની જેમ ઉઠયા અને થોડીવારમાં પોતાના સાથીઓની પાસે આવ્યા જેમને તેમણે ગઈ રાતે કિલ્લાની પાસે છુપાવી દીધા હતા, અને બોલ્યા, મારા સાથીઓ ! ચાલો, કામ અંજામ પર પહોંચી ગયું છે, અલ્લાહ તઆલાએ અબૂ રાફેઅને કત્લ કરી દીધો.

બહાદુર મુજાહિદ પોતાના સાથીઓ સમેટ બારગાહે રસૂલમાં હાજર થયા અને અબૂ રાફેઅના કત્લની કહાની બારગાહે રસૂલમાં અર્ઝ કરી આપી. જેનાથી સરકાર ﷺ ના ચહેરા પર ખુશીના ભાવો નજર આવવા લાગ્યા. સરકારે પોતાના બહાદુર મુજાહિદને ઈર્શાદ ફર્માવ્યો, અબ્દુલ્લાહ ! તમારો પગ લાંબો કરો ! પછી સરકારે પોતાનો દસ્તે મુબારક તૂટેલી પિંડલી પર ફેરવી આપ્યો એની બરકતથી પિંડલી ઠીક થઈ ગઈ અને એવું જણાવા લાગ્યું કે પિંડલીમાં ચોટ જ આવી ન હતી !

સુબ્હાનલ્લાહ ! આ આપણા આકા ﷺ નો એક અઝીમુશ્શાન મો'જિઝો છે. અહીં એ મુદ્દો પણ નોંધપાત્ર છે કે અલ્લાહ તઆલાએ સરકાર મુસ્તફા ﷺ ને એવી કુદરત અતા કરી છે કે જો તૂટેલી પિંડલી પર હાથ લગાડી આપે તો ઠીક થઈ જાય, ન કોઈ હકીમ પાસે જવાની જરૂર ન કોઈ ડોકટરને મળવાની જરૂરત.

ક્યાં છે તે લોકો જેઓ નબી સાથે બરાબરીનો દા'વો કરે છે, નબીને તદ્દન મજબૂર સમજે છે અને કહે છે કે, "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી." *(તકવિયતુલ ઈમાન, અઝ : ઈસ્માઈલ દહેલ્વી)* છે તેમના ગિરોહમાં કોઈ એવો જે એક હાડકુ શું એક મામૂલી સરખા તણખલાને જોડી આપે ?! તેઓ શું જોડશે ! જો કોઈ તૂટેલા હાડકા પર હાથ પણ લગાડી દે તો તેમના બદબૂદાર જંતુઓથી એવી બીમારી પેદા થઈ જશે જે લાઈલાજ હશે ?

જ્યારે નબી ﷺ ના એક મો'જિઝાની આ સ્થિતિ છે તો પછી આપની ઝાતેપાકનો શો આલમ હશે ! આપ સરાપા મો'જિઝો છે. કોઈ માનવ ગમે તેટલો મહાન હોય પણ તે આપણા આકાના બરાબર નથી થઈ શકતો.

ખુદા હક્ક બોલવા, હક્ક સમજવા તથા હક્ક માનવાની તૌફીક અતા કરે. –આમીન *(બુખારી શરીફ, જિલ્દ દોમ, પેજ–૫૭૭)*

આ સહાબાના જીવન પ્રસંગ પરથી મુસલમાનો કેવા બહાદુર તથા જાંબાઝ હતા એ પણ જાણવા મળે છે તથા દીનને ખાતર પોતાના જાનની પણ પરવા કર્યા વિના દીનની રક્ષા માટે કોઈ ખતરાને ગણકારતા ન હતા તથા કેવા યુક્તિબાઝ તથા બુદ્ધિશાળી તથા ધાર્યું નિશાન પર પાડનારા હતા. *(સંપૂર્ણ)*

# લકબોની દુનિયામાં ડોકીયું !

## વર્તમાન કાળમાં શખ્સિયતોનાં નામોની સાથે વપરાતા લકબો કેટલા સાચા કેટલા ખોટા ?!

(કાર્યાલય)

વર્તમાનકાળમાં કોઈ પ્રોગ્રામ હોય અથવા કોઈ પરચામાં કે કિતાબોમાં જ્યારે કોઈ હસ્તીનું નામ લખવામાં આવે છે તો પ્રથમ તો એક ટ્રેનના ડબ્બાઓ જેટલી સંખ્યામાં લકબો લખવામાં આવે છે ! "હઝરત અલ્લામા, મૌલાના, મુફતી" તો સામાન્ય થઈ ગયા છે ! ઉપરાંત એટલા લકબો લખવા (તથા બોલવા)માં આવે છે કે સ્થિતિ એ છે કે એ લકબો વચ્ચે નામ શોધવું ક્યારેક ભારે પડી જાય છે ! લકબો આપવામાં થતી આ અતિશયોક્તિ ખાસ કરીને જે તે આલિમ કે પીરના નિકટવર્તી વર્તુળના માણસો જ લગાડી દેતા હોય છે અને હવે તો જાહિલ પ્રકારના મુરીદો અથવા ખુશામદખોરી કરી પોતાનો રોટલો રળી લેવા માંગતા કહેવાતા ઈલ્મવાળાઓ પણ લકબોની ભરમાર કરી સામાન્ય પબ્લિકને જે તે હસ્તીથી આંજી દેવા ચાહતા હોય છે ! આવા કામોમાં લિલ્લાહિયત નહીં પણ ઉગ્રતા તથા બેકાબૂ જોશ જઝબાત કામ કરતો હોય છે. આવું થાય છે અને થઈ રહ્યું છે કે નહીં ?! છતાં આ સાચી વાત પણ ઘણા ભાઈઓને કડવી લાગશે !

પણ, અમારે સામાન્ય લોકોને સાચી સમજ આપવી છે જેથી કોઈના રાજીપા કે નારાજગીને ગણકાર્યા વિના આ ચર્ચા **"જામે નૂર"** (ઉર્દૂ માસિક)–દિલ્હીના ડિસે. ૦૩ ના અંકમાંથી અમે સાભાર રજુ કરીએ છીએ. જેને વાંચી ઉમ્મીદ છે કે લોકો તરંગોમાં રાચતા રહેવાને બદલે હકીકત તરફ દષ્ટિ કરશે. –*તંત્રી (બરકાતે ખ્વાજા)*

ઉપરોક્ત વિષય પર આપે લેખિત મંતવ્યની માંગણી કરી છે, જો કે ક્યારેક ક્યારેક આપણી કલમને હકીકત લખનાર બનાવવી એ ઘણુ જ મુશ્કેલ તથા સબ્રની પરીક્ષામાં ઉતરવા સમાન બની જાય છે ! અને આ સંબંધે કોઈ ખરેખર સત્ય મંતવ્ય આપવાથી શક્ય છે કે "આપણો ડંડો આપણા માથા પર પડે !" તેવું થવા સમાન છે. તા'રીફ તથા તૌસીફ અને લકબો તથા આદાબ પોતાના વાસ્તવિક અર્થના એ'તબારથી પ્રસંગને અનુરૂપ યોગ્ય હદ સુધી હોય તો યોગ્ય સ્થાને કહી શકાય છે, નહીં તો તારીફ તથા વખાણ સામાન્યતઃ અવાસ્તવિક હોય છે. કોઈનો ચહેરો ચાંદ જેવો અને કોઈના હોઠ ગુલાબ જેવા એ તેના વાસ્તવિક અર્થની દષ્ટિએ સરાસર જૂઠ છે, છતાં પણ આ જગતભરમાં કોણ છે જેને પોતાની તા'રીફ નથી ગમતી ! પોતે પોતાને જાણતા જ હોય છે કે ખૂદ શું છે ?! છતાં એવું થાય છે કે કોઈ મારા નામ સાથે જે રીતે ચાહે વખાણની વેલો બાંધતો રહે તો દિલના કોઈ નરમ ખૂણામાં એટલા પ્રમાણમાં ગલગલિયાં થતાં રહે છે ! પણ થોડીવાર પછી જ્યારે જઝબાતના વંટોળથી હટીને વાસ્તવિકતાની દષ્ટિએ

જોવામાં આવે તો આ ચીજો માન્ય હશે નહીં. ક્યારેક ક્યારેક તો આ વાસ્તવિકતા પ્રદર્શિત કરવા માટે કા'બૂ રાખવા છતાં ચહેરા પરથી નાપસંદીદગીના ભાવો જાહેર થઈ જાય છે પણ મસ્લહેતઅંદેશી કોઈ ઠોસ પ્રતિક્રિયા અમલમાં મૂકવાથી રોકે છે.

જેને સંબંધ નથી (યોગ્ય નથી) એવા લકબો તથા સંબોધનો તો એક બાજુ રાખો, પણ ખરેખર લાગુ થતા લકબો તથા સંબોધનો પણ માનવ ખૂબીઓના માટે સખત નુકસાનકારક છે. કોને ખબર નથી કે "સિતારોં કે આગે જહાં ઔર ભી હૈ !" દરેક નિષ્ણાત કરતાં મોટો નિષ્ણાત (માહિર) પેદા થઈ શકે છે, અને દરેક કાબેલિયતથી આગળ શકયતાઓ રહેલી છે. અને હદીષની રૂએ તા'લીમી જીવન પ્રગતિશીલ છે (એમાં પ્રગતિ થતી રહે છે) અને શીખવાની ઉમર કદી પૂરી નથી થતી. "માની ગોદથી કબરની ગોદ સુધી ઈલ્મ શીખો." *(હદીષ)* જાહેર છે ઈલ્મ તથા વિદ્યાના ચઢતીના કાળમાં અલ્કાબો તથા આદાબોની ગિઝા આપતા રહેવામાં આવે તો તૃપ્તાના ભાવો જાગૃત થવા લાગે છે, પછી શું જરૂરત કે દિલમાં અધિક મેળવવાની ઈલ્મી તલબ જાગે ?! એટલા માટે ફકીહો ફર્માવે છે કે, "જેવી રીતે પીઠ પાછળ અયબો બતાવવા હરામ છે એવી જ રીતે રૂબરૂમાં તા'રીફ કરવી પણ મના છે." *(બહારે શરીઅત–૧૬)*

પણ ઘણા જ આયોજન તથા બંદોબસ્તપૂર્વક આ જ કામ દિન પ્રતિ દિન વધી રહ્યું છે ! આજે આટલાથી તેટલા પ્રમાણમાં દરેક વ્યક્તિ ઈલ્મનો કિનારા વગરનો (અસીમ) સમુદ્ર તથા અઢળક ઈલ્મવાળો તથા અજોડ છે ! ભલે તેનામાં ઈલ્મનો છાંટો પણ ન હોય ! જાહેર છે કે નાના સરખા ખાડામાં કોઈ ભયાનક તોફાનની વાત છેડવામાં આવે તો ક્યાંથી ભરોસો બેસે ?! અને અલ્કાબો તથા ટાઈટલોના આધારે તેની ઈલ્મી માત્રા શી રીતે માપી શકાય ! હા ! પુષ્કળ લકબોની ભીડમાં, ગલત તથા અયોગ્ય તરકીબોને લીધે કમઈલ્મીની માત્રા જરૂર માપી શકાય છે.

એ પ્રશ્ન કે "અલ્લામા" શબ્દની હકીકી હેસિયત તથા તેને ઉપયોગ કરવાનો મોકો ક્યો છે ? અને હકીકતમાં કઈ શખ્સિયતોને એના લાયક ઠરાવવામાં આવી શકે છે ? અને આજે આ શબ્દનો વપરાશ સાચી રીતે કેટલા પ્રમાણમાં થાય છે ?

જયાં સુધી આ પ્રશ્નને સંબંધ છે તો "અલ્લામા" તો દૂરની વાત છે **આલિમ**નું જ સંબોધન મુશ્કેલીથી સાચુ ઠરશે. કેમ કે આલિમની વ્યાખ્યા આ'લા હઝરતે આ પ્રમાણે કરી છે : "તે વ્યક્તિ જે અકીદાથી સંપૂર્ણપણે માહિતગાર તથા સ્વનિર્ભર હોય અને કોઈની મદદ વિના પોતાની જરૂરિયાત (ના મસાઈલ)ને કિતાબમાંથી કાઢી શકે." *(અલ્ મલ્ફૂઝ)* કેટલીકવાર આપણા માટે આપણા ફકીહોનું લખાણ સમજવું ભારે પડી જાય છે અને મોટાઓ સમક્ષ જવામાં શરમ તથા નાનમ આવે છે કે મારો ઈલ્મી ભરમ ખુલી જશે ! રહી વાત શબ્દ "અલ્લામા"ની તો એ તેને કહેવામાં આવી શકે છે જે ઉલૂમે અકલિયહ્ તથા નકલિયહ્ (કુર્આન તથા હદીષના ઈલ્મથી) માહિર હોય. *(તઅ્રીફાત)* આ એ'તબારથી તો એ શબ્દ જેના માટે વાપરી શકાય એવી વ્યક્તિઓ અધિક દુર્લભ થઈ જશે. તેમ છતાં પણ આપણી વચ્ચે એવી વ્યક્તિઓ છે જેમને અલ્લામા કહેવું યોગ્ય સ્થાને છે. તેમને અલ્લામા કહેવામાં પણ આવે છે અને એવી વિદ્વાન ચિંતનમય વ્યક્તિઓ અલ્લામાની હેસિયતથી મશહૂર પણ થઈ જાય છે, તેમની ખરેખર હૈસિયત પણ એક અલ્લામાની હોય છે. હા ! કેટલાક લોકોને કદી કદી અને ખાસ ખાસ પ્રસંગોએ અલ્લામા કહેવામાં આવે છે તો આવું ખાસ સંજોગો અને મજબૂરી હેઠળ કહેવામાં આવે છે. નવી સ્ટાઈલની એનાઉન્સિંગ કલા હેઠળ આ કામ ફૂલી ફાલી રહ્યું છે. આ પ્રસંગે આ'લા હઝરતનું એક વાક્ય નકલ કરીએ છીએ જે દિલચસ્પ રહેશે :–

"અઝીઝો ! આ દર્સ કે જે શહેરોમાં ચાલે છે મૂર્ખ એને ઈલ્મની સીમા સમજે છે, ખરેખર તો એ પ્રારંભિક ઈલ્મ પણ નથી ! એનાથી કાબેલિયત (ક્ષમતા) આવવું મંજૂર છે, રહ્યો ઈલ્મ ! હાય ! અફસોસ ! હજી દિલ્હી દૂર છે !" *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૧, પેજ–૩૦૮)*

લકબો તથા ટાઈટલોના અયોગ્ય સ્થાને વપરાશથી સમાજ પર જે અસરો ઉપસ્થિત થઈ રહી છે તે યકીનન તકલીફદાયક અંધકારમય ભાવિની જિમ્મેદાર છે. જે લકબો વડે ઓળખ કરાવવામાં આવે છે તેને પબ્લિક એટલી જ વિ□સનીય માને છે, જેથી પછી તેમની ગલત વાતો પણ સનદવાળી (સ્ટાન્ડર્ડ) બની જાય છે. પણ જો વાસ્તવિક સ્થિતિ એ હોય કે "ખોદયો ડુંગરને નીકળ્યો ઉંદર !" તો એ ખયાલ ફેલાવા લાગ્યો કે, "આટલી મોટી હસ્તીનો જ્યારે આ હાલ છે તો બીજા બધાય એવા જ હશે !" લકબો આપવાની વર્તમાન રસ્મએ નાના મોટાનો તફાવત મિટાવી દીધો છે. અને પેમ્ફલેટોની દુનિયામાં ડીઝાઈનિંગની શોધે એને અધિક વિશેષ રીતે મૂર્ખાઓની જન્નત બનાવી આપેલ છે. પ્રથમ નામ જેટલા ફૂટ તથા ઈંચનું હશે એનાથી નીચલાં નામો ઓછાં રહી ગયાં તો સજાવટના નિયમની વિરૂદ્ધ ગણાશે ! પરિણામે પબ્લિકને ભારે શરીરવાળાની તલાશ શરૂ થઈ ગઈ ! પછી સાફ મેહસૂસ થવા લાગ્યું કે સ્ટેજ પર બિરાજમાન શખ્સિયતનું જેટલા પ્રમાણમાં ભારે શરીર થતું ગયું એટલા પ્રમાણમાં તેમની વાત વજનદાર બનતી ગઈ.

એમાં શંકા નથી પાછલી અમુક ફરિયાદોના લીધે ઉલમાની દરમ્યાન લકબોના ઉપયોગ બાબતે સાવચેતીની એક હલકી લહેર જાગૃત થઈ છે તેમ છતાં એ વિષય ચિંતનને પાત્ર છે કે "અલ્લામા ફહ્હામા" જેવા ભારી ભરકમ લકબોનો ઉપયોગ આટલા પ્રમાણે છૂટથી દરેક યોગ્ય અયોગ્યના માટે દુરુસ્ત છે કે નહીં ? હાલમાં વપરાતા લકબોના વપરાશ વિશે સમજવા કંઈક અંશે એના બેક ગ્રાઉન્ડને સમજવું જરૂરી છે.

વાસ્તવમાં આ લકબો એક એવા આર્ટિફિસિયલ સજાવટવાળા દૌરની ઉપજ છે જ્યારે આકર્ષક શબ્દોની એક પ્રકારની જાદૂમય વાણી વડે કામ લેવામાં આવતુ હતું અને આલિમો જિંદગીના અતિ લાભદાયી ઈલ્મો પ્રતિ ધ્યાન કરવાને બદલે શાબ્દિક જાદૂઈ વાણી વહેડાવવામાં વ્યસ્ત હતા. કદાચ તેનું એક મોટુ કારણ એ પણ હતું કે તે દૌર એક વ્યક્તિના રાજ (રાજાશાહી)નો દૌર હતો અને ખુશ કરી દેનારા લકબો તથા ટાઈટલો શહેનશાહોને ખૂબ ભાવતાં હતાં એટલે શહેનશાહોને ખૂશ કરવા માટે એ દૌરના લોકો લકબોનો સહારો લેવા લાગ્યા, અને આ રીતે ભારે ભરકમ લકબોનો ઉપયોગ શાહી દરબારની શાનો શૌકત અને ત્યાંના કલ્ચરનો અંશ બનતો ગયો. સમયની સાથે સાથે આ રસમ દરબારી ન રહેતાં સામાન્ય લોકો સુધી પહોંચી ગઈ અને તેણે એક સામાન્ય રિવાજનું રૂપ ધારણ કરી લીધું જેમ કે આ ચીજો તમને મુગલ શાશનકાળના છેવટમાં તથા અંગ્રેજી દૌરમાં લખનૌ તથા હૈદરાબાદના સમાજમાં સ્પષ્ટપણે જોવા મળશે. એમાં શંકા નથી કે પછીના યુગમાં જ્યારે વ્યક્તિગત સત્તાઓનો ખાત્મો થયો તો ક્રમે ક્રમે આ લકબો પણ ગાયબ થવા લાગ્યા અને રાજનૈતિક ફેરફારોની સાથેસાથે નવા લકબો તેના સ્થાને જગા પામવા લાગ્યા.

વર્તમાનકાળમાં લકબોના આધારે કોઈની ઈલ્મી કક્ષાનું માપ નથી કાઢી શકાતુ કેમ કે વર્તમાનકાળમાં લકબો એટલા આમ (સામાન્ય) થઈ ગયા છે કે દરેક લાયક ગૈરલાયક પર તે લાગુ થવા લાગ્યા. જલ્સા જુલૂસમાં લોકો **હઝરત અલ્લામા, મૌલાના મુફતી**થી ઓછા લકબ પર સંતોષ માનવા તૈયાર નથી. એટલા માટે આજે આ લકબોના આધારે કોઈ પણ વ્યક્તિની સાચી ઈલ્મી કક્ષાનો અંદાઝો પામવો મુશ્કેલ છે. અને વળી તેનો ઉપયોગ

હકીકતમાં કોઈ ખાસ ઈલ્મી કક્ષાને નિશ્ચિત કરવાના માટે થતો પણ નથી. કેટલીકવાર તો આવા લકબોથી એક પ્રકારની મજાકની ગંધ આવે છે ! સાચુ પૂછો તો આપણે લકબો થકી કોઈની ઈલ્મી કક્ષાનું માપ કાઢવું ન જોઈએ બલ્કે કોઈની ઈલ્મી કક્ષાના માપને નક્કી કરવા માટે તે વ્યક્તિના અમલ તથા કારનામાંઓ પર વિચાર કરવો જોઈએ.

વર્તમાન યુગમાં લકબોની ઉર્ફી હૈસિયત સલામત નથી કેમ કે વર્તમાન યુગમાં તેનો ઉપયોગ કોઈ ખાસ મર્તબાને પ્રદર્શિત કરવાને માટે નથી થતો અને ન તો તેનાથી કોઈ એવો ઈસ્તેલાહી અર્થ તરી આવે છે જે કોઈ ખાસ ઈલ્મી મર્તબા (Designation)ને પ્રદર્શિત કરવાના માટે નિશ્ચિત કરવામાં આવેલો હોય.

"અલ્લામા" શબ્દનો ઉપયોગ કોઈ ફાઝિલ ઈન્સાનના ઈલ્મને પ્રદર્શિત કરવાના માટે કરવામાં આવે છે જેનાથી કેટલીકવાર અતિશયોક્તિનો પણ હેતુ હોય છે. આ લકબોના ખરેખર કયા લોકો લાયક છે તે નક્કી કરવું મુશ્કેલ છે. હકીકતમાં આ લકબો જે દૌરમાં ઓળખ પામ્યા એ દૌરમાં અમલી કાબેલિયતના આધાર પર આલિમોની દરજાબંદી કરવામાં આવતી ન હતી, જેમ કે વર્તમાનકાળમાં ડોકટર, રીડર તથા પ્રોફેસર જેવા લકબો ખાસ ઈલ્મી મર્તબાઓને પ્રદર્શિત કરવા માટે થાય છે. આ શબ્દનો ઉપયોગ અરબો પણ કોઈ ખાસ ઈલ્મી મર્તબા (Designation)ને પ્રદર્શિત કરવાના માટે નથી કરતા, જેમ કે તે લોકો "મુહાદ્દિર" તથા "ઉસ્તાદ"ના શબ્દોનો ઉપયોગ રીડર, પ્રોફેસરના માટે કરે છે. લોકોએ આ શબ્દના ઉપયોગમાં એટલા પ્રમાણમાં અતિશયોક્તિથી કામ લીધું કે આ ઉર્ફી હૈસિયત ગાયબ થઈ ગઈ અને તેનો ઉપયોગ કોઈપણ મામૂલી વ્યક્તિના માટે વિના સંકોચે કરવામાં આવી શકે છે.

લકબોના અસ્થાને ઉપયોગથી બચવું જરૂરી છે જેથી કરીને કોઈ શબ્દ બોલવામાં આવે અથવા કોઈ લકબનો ઉપયોગ કરવામાં આવે તો તેનો સહીહ અર્થ સમજમાં આવે અને તેની તસ્વીર દિમાગમાં સ્પષ્ટ થઈ શકે. આજના સમાજમાં શબ્દો તથા લકબોના અયોગ્ય ઉપયોગે શબ્દોને વાસ્તવિક હૈસિયતથી મુર્દા કરી દીધા છે. આજે ઘણા બધા એવા શબ્દો આપણી સમક્ષ છે જેને સાંભળીને ખયાલ તે અર્થો પ્રતિ નથી જતો જેના માટે એ શબ્દો રચવામાં આવ્યા હતા. દા.ત. નાના સરખા મકતબને "દારુલ ઉલૂમ" તથા "જામિઆ" જેવા શબ્દોના ઉપયોગે આ શબ્દોને ઘણે ખરે અંશે અર્થહિન કરી નાખ્યા છે. આજે "દારુલ ઉલૂમ" તથા "જામિઆ" શબ્દો સાંભળીને દિમાગમાં કોઈ "જામિઆ" કે "યુનિવર્સિટી"નો ખયાલ ઉભરવાને બદલે કોઈ "મકતબ" કે "મદ્રસા" સુધી અટકી જાય છે, જેથી આ શબ્દોના હકીકી અર્થોને જીવંત રાખવા માટે આપણે આ શબ્દોની સાથે થોડો ઘણો તો ઈન્સાફ કરવો જોઈએ. *(સંપૂર્ણ)*


**બરકાતે ખ્વાજા (માસિક)નું મુંબઈમાં લવાજમ ક્યાં નોંધાવશો ?**

**જનાબ ઈરફાનભાઈ નમકવાલા**
*C/o.* નવયુગ પ્લાસ્ટીક્સ, ભાટ બજાર,
૧૯૩–નરસી નાથે સ્ટ્રીટ–મુંબઈ
ફોન નં. : ૨૩૭૧૫૦૯૫–૨૩૭૬૫૪૫૫

**અમેરિકામાં બરકાતે ખ્વાજાનું લવાજમ ક્યાં નોંધાવશો ?**

**Iqbal Langia**
**5455-North Sawyer Ave.**
**Chicago IL-60625 U.S.A.**
**(Ph. : 7734781906)**

# ઈમાન અને અમલ

★ અઝ ★

હઝરત મૌલાના

હસન આદમ કોલવનવી

(લેંકાસ્ટર, યુ.કે.)

હઝરત ઈમામ જા'ફર رحمۃ اللہ علیہ દ્વારા હુઝૂર رضی اللہ عنہ ની એક હદીષ વર્ણવાએલી છે જેનો સાર નીચે મુજબ છે :–

"ઈમાન નામ છે હૃદયની કબૂલાત, જીભના ઈકરાર, અને અરકાન એટલે કે ફરાઈઝ પર અમલ કરવાનું."

ઉપરની હદીષે મુસલમાનોને બે પ્રકારમાં વહેંચી નાખ્યા : એક તે લોકો જે હૃદયની કબૂલાત અને જીભના ઈકરાર સાથે ફરાઈઝને પણ અદા કરે છે, અને બીજા તે લોકો જેમનામાં પ્રથમ બે વાતો તો હોય છે પણ ત્રીજી વાતનો તેઓમાં અભાવ છે. અર્થાત ફરાઈઝને અદા કરતા નથી. પ્રથમ પ્રકારના લોકો "કામિલુલ્ ઈમાન" કહેવાય છે જ્યારે બીજા પ્રકારના લોકો "નાકિસુલ્ ઈમાન" છે અર્થાત તેમના ઈમાનમાં ઉણપ છે અને એ ઉણપ ફરાઈઝ અદા ન કરવાના કારણે આવી છે. આ વાત પ્રત્યેક મુસલમાને ગંભીરતાપૂર્વક વિચારવાની છે કે જે ઈમાન પર આખેરતમાં નજાતનો દારોમદાર છે જો તે ઈમાન જ ઉણપવાળુ હશે તો નજાતની આશા પણ ઉણપવાળી જ રહેશે.

જમીનમાંથી બે વૃક્ષો ઉગ્યાં અને બંનેને ત્રણ ત્રણ ડાળીઓ આવી. પછી એક વ્યક્તિ કૂહાડો લઈને એક વૃક્ષ પર ચઢી ગઈ અને તેની એક ડાળ કાપી નાખે, તો તે ઝાડ પેલા ત્રણ ડાળીઓવાળા ઝાડ સમક્ષ ઉણપવાળુ કહેવાશે. એવી જ રીતે દરેક મુસલમાનમાં ત્રણ વસ્તુઓ હોવી જોઈએ : **(૧) તસ્દીક** એટલે કે અલ્લાહના નબી અલ્લાહના દરબારમાંથી જે કંઈ લાવ્યા તે બધી જ બાબતો સત્ય હોવાની કબૂલાત હૃદયપૂર્વક કરવી. **(૨) ઈકરાર** એટલે કે તે બધી જ બાબતો સત્ય છે એવો એકરાર જીભ વડે કરવો. **(૩) અરકાન** પર અમલ કરવો એટલે કે તે બાબતો પૈકી જે ફર્ઝ છે તે બધા જ ફર્ઝોને અદા કરવા. હવે શૈતાન પોતાના ફરેબનો કૂહાડો લઈ કોઈના "અમલ બિલ અરકાન"ની ડાળને કાપી નાખે એટલે કે માણસ શયતાનના બહેકાવામાં ફસાઈને ફર્ઝ અદા ન કરે તો સ્પષ્ટ છે કે તેના ઈમાનના વૃક્ષની એક ડાળ કપાઈ ગઈ અને તેનું ઈમાન ઉણપવાળુ થઈ ગયું. આખેરતમાં ઉણપવાળુ ઈમાન લઈને અલ્લાહના દરબારમાં હાજર થવાથી કેવું પરિણામ આવી શકે છે તે દરેક મુસલમાને વિચારવું જોઈએ.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું બીજું ફર્માન છે :–

اَلْمُسْلِمُ مَنْ سَلِمَ اَلْمُسْلِمُوْنَ مِنْ لِسَانِهٖ وَيَدِهٖ

**અર્થાત** : કામિલ અને સંપૂર્ણ મુસ્લિમ તો તે છે જેની જીભ અને હાથથી બીજા મુસ્લિમો સલામત રહે. આ ફર્માનથી ફલિત થયું કે જેની જીભ અને જેના હાથના ત્રાસથી બીજા મુસલમાનો સલામત ન રહેતા હોય તેવો માણસ કામિલ અને સંપૂર્ણ મુસ્લિમ નથી. કારણ કે એક મુસલમાનની ઈજ્જત આબરૂ સાચવવી બીજા મુસલમાન પર ફર્ઝ છે, અને એ ફર્ઝ અદા નહીં કરવાના કારણસર તેના ઈમાનમાં ઉણપ આવી ગઈ. આ હદીષથી પણ એ વાત પુરવાર થાય છે કે ઈમાનને સંપૂર્ણ બનાવવા માટે ફરાઈઝની અદાયગી અનિવાર્ય છે. નહીં જેવા કારણસર કોઈ મુસ્લિમની ઈજ્જત આબરૂ પર હુમ્લો કરનાર મુસલમાનોએ ઉપરની હદીષના દર્પણમાં પોતાના ઈમાનને જોઈ લેવું જરૂરી છે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના એક ફર્માનનો સાર નીચે મુજબ છે :–

તમે જો કોઈ બુરાઈ એટલે કે ગુનાહિત કાર્યને જુઓ તો તેને પોતાના હાથ વડે એટલે કે તાકાતપૂર્વક અટકાવી દો. અને જો એટલું ન કરી શકતા હોઉ તો જીભ વડે તેની બુરાઈને જાહેર કરો, અને જો એટલું પણ ન કરી શકો તો દિલથી તેને બુરું સમજો.

وَهٰذِهٖ اَضْعَفُ الْاِيْمَانِ **અર્થાત** : આ ત્રીજો તબક્કો ઈમાનનો કમજોર તબક્કો છે.

ગુનાહિત કાર્યને પોતાની મર્યાદા મુજબ અટકાવવું પ્રત્યેક મુસલમાન પર ફર્ઝ છે, હાકિમ કે સત્તાધારી હોય તે તાકાતથી અટકાવે, આલિમો જીભથી અટકાવે અને જે એટલું પણ ન કરી શકે તે દિલથી તે કાર્યને ખરાબ સમજે. ત્રીજા તબક્કાનો માણસ જો દિલથી તે કાર્યને ખરાબ સમજશે તો તેણે પોતાની જવાબદારી અદા કરી દીધી ગણાશે, પણ ઉપલા બે તબક્કાના માણસો પોતાનો ફર્ઝ અદા કરવાના બદલે ત્રીજા તબક્કાના માણસો જેવું વર્તન કરશે અને માત્ર દિલથી ખરાબ સમજીને અટકી જશે, તાકાત કે જીભ વડે ગુનાહિત કાર્યને અટકાવવા પ્રયત્નો નહીં કરે તો પોતાનો ફર્ઝ ચૂકી જવાના કારણે તેમનું ઈમાન ઝઈફ એટલે કે અશક્ત ગણાશે. હુઝૂર ﷺ ના આ ફર્માનથી પણ સાબિત થયું કે ઈમાન કવી એટલે કે મજબૂત પણ હોય છે અને ઈમાન ઝઈફ એટલે કે કમજાર પણ હોય છે. આ ફમાન માત્ર ગુનાહિત કાર્યોને અટકાવવા પૂરતું જ નથી બલ્કે પ્રત્યેક ફર્ઝને કાયદો લાગુ પડે છે, કોઈ પણ માણસ શરીઅતે ફર્ઝ કરેલું કામ નહીં કરે તો તેનું ઈમાન કમજોર અને ઉણપવાળું ગણાશે.

સ્ત્રીઓની બાબતે હુઝૂર ﷺ નું એક ફર્માન છે કે : هُنَّ نَا قِصَاتُ الْعَقْلِ وَا لدِّيْنِ **અર્થાત** : તેણીઓની બુદ્ધિ અને તેણીઓનું દીન (ઈમાન) બંને અધૂરાં છે. સહાબાએ પૂછયું, યા રસૂલલ્લાહ ﷺ ! બુદ્ધિમાં ઉણપ હોય એ તો સમજાય છે પણ દીનમાં ઉણપ કેવી રીતે હોય શકે ? હુઝૂરે ફર્માવ્યું કે, તમે દેખતા નથી કે તેણીઓ માટે અમુક એવા દિવસો આવે છે જેમાં તેણીઓ નમાઝ, રોઝા અદા કરી શકતી નથી. નમાઝ, રોઝા જે ફર્ઝ છે તે અદા ન કરવાથી દીન એટલે કે ઈમાનમાં ઉણપ આવી ગઈ. પુરૂષો કરતાં તેમનું દીન નાકિસ (અધૂરૂં) ગણાયું. અને અહીં વિચારવા જેવી બાબત એ છે કે સ્ત્રીઓને નાપાકીના દિવસોમાં નમાઝ, રોઝા નહીં અદા કરવાની છૂટ શરીઅતે આપી છે, છતાં પણ તેણીઓના ઈમાનમાં એની ઉણપ રહી ગઈ, તો જે પુરૂષો કોઈ પણ જાતના શરીઅતે માન્ય રાખેલા કારણ વગર નમાઝ, રોઝા કે અન્ય ફર્ઝો અદા નથી કરતા તેમનું ઈમાન કેવી રીતે સંપૂર્ણ અને કામિલ ગણાશે ?

અલ્લાહ તઆલાનું એક નામ "મુઅ્મિન" છે અને મુસલમાન પણ "મુઅ્મિન" કહેવાય છે, પણ બંને શબ્દોનાં ક્રિયાપદો જુદાં જુદાં છે. અલ્લાહ તઆલાને જે "મુઅ્મિન" કહેવામાં આવે છે તો એ શબ્દ "અમાન"માંથી બન્યો છે, અર્થાત : કયામતના દિવસે ઈમાનવાળાઓને દોઝખના અઝાબથી અમાન આપનાર. અને મુસલમાનને જે "મુઅ્મિન" કહેવામાં આવે છે તો એ શબ્દ "ઈમાન"માંથી બન્યો છે, **અર્થાત** : ઈમાન લાવનાર. જે રીતે ઈમાનવાળાઓના બે પ્રકાર ઉપર વર્ણવાયા છે તે જ રીતે "નજાત" એટલે કે દોઝખના અઝાબથી "અમાન" અને છૂટકારાના પણ બે પ્રકાર હશે. પ્રથમ પ્રકાર "કામિલ નજાત"નો છે એટલે કે અલ્લાહ તઆલા તે બંદાને એક પળ માટે પણ દોઝખનો અઝાબ આપશે નહીં, હિસાબ વગર અથવા હિસાબ પછી તેને સીધો જન્નતમાં મોકલવામાં આવશે. જ્યારે "નજાત"નો બીજો પ્રકાર "નાકિસ નજાત"નો છે, અર્થાત : બંદાને ફરાઈઝ અદા નહીં કરવાના ગુનાહસર તેની સજા ભોગવવા જેટલી મુદ્દત અલ્લાહ તઆલા ઈચ્છશે તેટલી મુદ્દત સુધી તે બંદાને દોઝખનો અઝાબ આપવામાં આવશે. (અલ્લાહની પનાહ !)

આ બાબત કુર્આન અને હદીષના સ્પષ્ટ ફર્માનોથી સાબિત છે. માટે **હે ભાઈઓ ! જો તમે એવું ધારતા હોઉં કે તમારી ચામડી માંસ કે હાડકાંઓમાં દોઝખનો અઝાબ (ભલે થોડીવાર માટે હોય) સહી લેવાની શક્તિ છે તો જ તેની ફર્ઝ કરેલી બાબતો પ્રત્યે ઉદાસિનતા સેવો ! અને જો તમે એનાથી ઉલટુ સમજતા હોઉ તો આજે જ તૌબા કરો !** જે ફરાઈઝ છૂટેલા હોય તેની કઝા કરી લો અને ભવિષ્યમાં એક ફર્ઝ પણ છૂટે નહીં એવી પ્રતિજ્ઞા કરો. અલ્લાહ તઆલા તમામ મુસલમાનોને કામિલ મુઅ્મિન બનાવે. *(આમીન)*

# સુન્નીઓ ઉઠો ! આવો !

# કલમની તલ્વાર લઈએ !

(કાર્યાલય)

ઘણા જ અફસોસની વાત છે કે ઉર્દૂ સાહિત્ય પર નજર દોડાવો, ઉર્દૂ મેગેઝિન, મંથલીને હાથમાં લઈશું અને તેની અનુક્રમણિકા જોવામાં આવશે તો મોટા ભાગના લેખો લખનાર આલિમે દીન હશે અથવા અનુભવી સાહિત્યકાર વ્યક્તિઓ હશે, જ્યારે ગુજરાતી સુન્ની સાહિત્યમાં એ વાતની ખાસ કમી છે કે આલિમ તબકાની વ્યક્તિઓ કલમ ચલાવવામાં પાછળ રહે છે, (ઈલ્લા માશાઅલ્લાહ !) કોઈ ગુજરાતીની મહારત ન હોવાનું બહાનું દર્શાવે છે તો કોઈ સમય ન મળવાની વાતથી કામને ટાળે છે. ગુજરાતી ભાષી આલિમોએ જ્યારે ગુજરાતીઓની જ ખિદમત કરવાની છે અને ગુજરાતીમાં મહારત નહીં મેળવે તો કેમ કરીને કામિલ રીતે ખિદમત કરી શકશે ! માતૃભાષા ગુજરાતીમાં મહારત સહેજ જ કોશિશમાં લાગેલા રહે તો થઈ શકશે, જ્યારે તમે અન્ય ભાષાઓ ઉર્દૂ, અરબી શીખી શક્યા તો આ તો આપણી માતૃભાષા છે જે પેદા થતાં જ બોલતાં શીખો છો તો તેમાં માસ્ટરી નહીં મળે ! જરૂર મળશે, ઈન્શાઅલ્લાહ ! માટે મારી ગુઝારિશ છે કે ગુજરાતી ભાષી આલિમો વિના સંકોચે આ ક્ષેત્રે આગળ વધે અને કલામકારોની ફેહરિશતમાં પોતાનું નામ નોંધાવે. અને દીને હક્કના પ્રચાર તથા પ્રસારમાં ગુજરાતી સાહિત્ય થકી સેવા આપે, દારુલ ઉલૂમમાં પઢતા તલબા પણ અત્યારથી જ કોશિશમાં રહે .

જો ગુજરાતી સુન્ની સમાજની સેવા કાજે ગુજરાતી આલિમો ગુજરાતીમાં નિપૂણતા ન મેળવી કેવળ ઉર્દૂ અરબી સુધી જ રહીને અટકી જશે તો ગમે તેવા ઈલ્મથી સમૃદ્ધ હશે પણ પબ્લિક તેમનાથી જોઈએ તેવો લાભ મેળવી શકશે નહીં. એનું દષ્ટાંત તો એવું થશે કે, "એક ઝાડ ઉછર્યું, ખૂબ ઊંચુ થયું, ખૂબ ફળો લાગ્યાં, પાક્યાં અને જમીન પર વેરાયાં પણ આસપાસ કાંટાળી સજ્જ વાડ હતી જેથી તેને કોઈ મેળવી શક્યું નહીં ! તો તે ફળો ત્યાંને ત્યાં જ જમીન પર પડયાં રહ્યાં ને સૂકાઈને નાશ પામ્યા !" તમે તમારી પાસેના ઈલ્મને લોકો સુધી પહોંચાડવા લોકો સમક્ષ સાદી જબાનમાં, તેમની બોલીમાં રજુ કરવામાં આવે તો ઈલ્મ પ્રાપ્ત કરેલું સાર્થક થશે અને સુન્નિયત મજબૂત થશે. આજે તરહ તરહની ગુમરાહી દીન તથા શરીઅત વિરૂધ્ધ ફેલાવાનું એક કારણ એ છે કે લોકોને દીની ઈલ્મની શરીઅતની સમજ સમયસર તથા પૂરતા પ્રમાણમાં પહોંચી નથી અને હજીય ઢંકાયેલી છે અથવા તો અમુક સ્વાર્થીઓ ઢાંકવા પ્રયત્નો કરી રહ્યા છે. આલિમોથી પબ્લિકને દૂર રાખવા પ્રયાસો થાય છે. ઉઠો ! અને હક્ક વાતો લોકો સુધી હિકમતથી મહોબ્બતથી પહોંચાડો !

**ન તીર કમાનોંસે ખીંચો, ન તલ્વાર નિકાલો**
**જબ તોપ મુકાબિલ હો તો, અખ્બર નિકાલો**

કલમની એવી ધાક હોય છે કે અચ્છા અચ્છા ડિક્ટેટર પણ તેની અણીથી ધ્રુજી મરે છે ! નેપોલિયન કે હિટલરના મંતવ્યનો સાર અમે સાંભળ્યો હતો તે લગભગ આ પ્રમાણે હતો કે એક

અખ્બારમાં ચાલેલી કલમ તેના માટે હજાર તોપો કરતાં ભારી હતી. અને બાળપણથી સાંભળતા આવીએ છીએ કે "કલમની તાકાત તલ્વાર કરતાં ઘણી જ વિશેષ હોય છે." સમયના પ્રવાહની સાથે સાથે દુનિયામાં થયેલી શારીરિક તથા ચિંતનમય જંગોના ઈતિહાસના અભ્યાસ પરથી બૃદ્ધિજીવીઓ તથા ફિલોસોફરોએ તલ્વારની સરખામણીમાં કલમની મહાનતા તથા ઉચ્ચતાને સ્વીકારેલી છે અને તમામ ચિંતન તથા દષ્ટિવાળા લોકોએ ચાહે તે કોઈ પણ ધર્મનો હોય કે કોઈ પણ જાતીના હોય તેમણે કહી દીધું કે, "કલમની મજબૂતી વિના કોઈ વર્ગ (જમાઅત) પણ તોફાનનો સામનો નથી કરી શકતો." આ લેખનકાર્ય તથા કલમી શક્તિનો જ કરિશ્મો છે કે બાતિલ (જૂઠા) ખયાલોએ પોતાના બાતિલ હોવા છતાં ચોતરફ ઠેર ઠેર પોતાની જડો મજબૂત કરી લીધી છે. તેમનો ફિત્નો સવારે જન્મ લે છે બપોરે જવાન થાય છે અને સાંજ પડતાં સુધીમાં હક્કવાળાઓ માટે ચિંતાનો વિષય બની જાય છે. તેઓ પોતાના ગૃપના અસ્તિત્વને નષ્ટ થવાથી બચાવવા માટે પ્રેસ, લિટરેચરના થકી હક્ક મસ્લકની વિરૂધ્ધ પોતાની માન્યતા તથા વિચારોની જંગમાં કોઈ કસર છોડતા નથી. આપણે આપણા વજૂદ તથા અકીદાઓનો સંબંધ હિજાઝે અકદસ (મક્કા તથા મદીના શરીફૈન) તથા અકીદતોનાં કેન્દ્રો બુઝુર્ગોનાં ફયૂઝ વેરતાં સ્થાનોને નિશ્ચિત કરીને આખેરતની નજાત માટે ગર્વ તો લઈએ છીએ **પણ એ અકીદતો તથા અકીદાના પ્રચાર તથા તેની રક્ષા તથા મજબૂતીના માટે લેખન કાર્ય તથા કલમી હથિયારોના ઉપયોગને જરૂરી નથી સમજતા !** જ્યારે જે જમાઅતોએ થોડીક સદીઓ અગાઉ બાતિલ વિચારધારાની કૂખેથી જનમ લીધો આજે તેમણે ભૌગોલિક સરહદો પાર કરીને કલમના જોરે દુનિયાના દરેક પ્રાંતમાં પોતાના હમખયાલ પેદા કરી લીધા છે. અમને આશ્ચર્ય થાય છે અહલે સુન્નતના તે કહેવાતા રહબરો પર જેઓ દેશ પરદેશના સતત દૌરા કરતા રહે છે તેમ છતાં બદમઝહબોની વિશાળ વિચારશૈલી તથા તેમના પોતાના ખયાલોના પ્રચારની જંગના તરીકા અને નવી પેઢી પર તેમની પકડને જોઈને પણ તેઓ પોતાની જમાઅતના માટે "દુઆ ખ્વાની"થી વિશેષ કાંઈ નથી કરતા ! બલ્કે પોતાની અવામને આખેરતની ખુશ કિસ્મતીની પ્રાપ્તિના માટે "ઈસાલે સવાબ"નો જે ખયાલ પેશ કરે છે તેના વર્તુળમાં મદ્રસા તથા મસ્જિદો તથા જલસા–જૂલૂસ વગેરેના સિવાય કોઈ અન્ય ચીજના માટે સ્થાન નથી હોતું. તેમણે એહલે સુન્નતની મજબૂતીના માટે પોતાની કૌમને લિટરેચર (સાહિત્ય)ના વિકાસનો ખયાલ કેમ નથી રજુ કર્યો ?

ભૂતકાળમાં જમાઅત તથા કૌમના માટે પોતાના દિલોમાં દર્દ ધરાવનારા જે થોડાક જાગૃત દિલવાળા રહબરો જમાઅતની મજબૂતીના માટે કલમ તથા લેખનની પ્રતિ પોતાની કૌમનું ધ્યાન દોરતા રહ્યા એમનામાં રઈસુલ કલમ હઝરત **અલ્લામા અર્શદુલ કાદરી** عليه الرحمة والرضوان નું નામ અગ્રેસર છે જેમણે ચિંતનાત્મક મિજાઝના ઘડતરમાં કલમના મહત્વ તથા તેની લાભકારકતા સંબંધે હમેશાં મિલ્લતને ઝંઝોળી છે. પોતાના એક લખાણમાં તેઓ લખે છે કે :–

"એક અરસાથી ચીખી રહ્યો છું કે જીવતા રહેવું હોય તો વિચારવા વર્તવાનો અંદાજ બદલવો પડશે. ફૌલાદની તલ્વારનો જમાનો ખત્મ થઈ ગયો છે હવે કલમની તલ્વારથી જંગો જીતવામાં આવી રહ્યા છે, પહેલાં કોઈ સીમિત એરીયામાં કુફ્ર તથા ગુમરાહીના પ્રચાર માટે વરસોના વરસની મુદ્દતની જરૂર પડતી હતી અને હવે પ્રેસના થકી કેવળ થોડાક જ કલાકોમાં કમબખ્તીઓનું એક વિ□વ્યાપી પુર ઉભરાઈ શકે છે. **જરા આંખ ઉઠાવીને જુઓ! આજે હિંદુસ્તાનનો દરેક ફિર્કો કલમની શક્તિ અને પ્રેસના માધ્યમ થકી કેટલો શસ્ત્રસજ્જ થઈ ચૂક્યો છે,** એટલો શસ્ત્રસજ્જ કે આ

ઘમસાણમાં આપણા દીનની સલામતી ખતરા સાથે ટકરાતી જઈ રહી છે..... પણ આપણે ત્યાં જે કામને સૌથી વિશેષ મહત્વ આપવામાં આવે છે તે છે તકરીરો તથા સ્ટેજ ! આ ક્ષેત્રે આપણે લાખો લાખ રૂપિયા કશાય ખચકાટ વિના લૂટાવી દઈએ છીએ અને એમાં આપણને જરાય થાક પણ નથી લાગતો. અલ્બત્ત ! કલમના થકી ખિદમતના સવાલ પર ઢીલાપણાનો તમાશો જોવા જેવો હોય છે." *(જામે નૂર–દિલ્હીમાંથી)*

પણ ખાનકાહના આકાઓના તાલ પર રક્સ કરનારી કૌમે દુઃખી દિલની આ પુકારને પાગલનું પાગલપન સમજ્યું ! જમાઅતના પ્રચાર તથા મજબૂતીના બાબતે આપણી ચિંતનહિન, આયોજન વિનાની કાર્ય પદ્ધતિ અને નિષ્કાળજીઓના પરિણામે દેશવ્યાપી ક્ષેત્રે આજે આપણા વર્ચસ્વનું વર્તુળ ખત્મ થતુ જઈ રહ્યું છે, નવી પેઢી પર આપણી મસ્લકી પકડ ઢીલી પડતી જઈ રહી છે, એજ્યુકેટેડ વર્ગ તબ્લીગ તથા પ્રચારમાં આપણી અયોગ્ય પદ્ધતિઓથી સુગ પામતો જઈ રહ્યો છે, અકીદાના ક્ષેત્રે અસંખ્ય વિચારધારાવાળાઓ પ્રેસ તથા લિટરેચર (સાહિત્ય) થકી આપણા મસ્લકી રિવાજોનું ઓપરેશન કરી રહી છે અને મઝહબી ક્ષેત્રે સંઘી તોફાન આપણા મઝહબને નુકસાન પહોંચાડી રહેલ છે, પણ ચિંતન ખયાલના એક લેહાઝથી સંખ્યાબળમાં વિપુલતાનો આપણે રાગ આલાપવાવાળાઓએ આપણને પોતાને નાની નાની ટોળીમાં કાંઈક એ રીતે વહેંચી કાઢયા છે કે કોઈ વિશાળ મેદાનમાં કદમ રાખતાં આપણને ગભરાહટ મહસૂસ થવા લાગે છે.

આપણા કહેવાતા રહબરોએ (અમુક રિવાજ પામેલી પ્રવૃત્તિઓ સિવાય) કલમી કાર્યને મહત્વ ન આપતાં આપણે પોતાના જ પગ પર પોતે જ કૂહાડી મારી લીધી છે. જેમણે મસ્લકના પ્રચાર માટે કલમકારો પેદા કરવા અને સાહિત્યને ફેલાવવા માટે લોહો કલમની તર્બિયતગાહો તા'મીર કરવા ચાહ્યું તો તેમના મનસૂબા હજાર કોશિશો છતાં કાગળની દુનિયા પરથી જમીન પર ઉતરી (વાસ્તવિક રૂપમાં ન આવી) શક્યા. જેમણે પોતાની અંગત કાબેલિયતોના આધારે મઝહબી અદબ અને જમાઅતની પ્રગતિના માટે કિતાબો લખી દીધી તો તેમની ચિંતનમય કૃતિઓ કબાટોમાં બંધ ઉધઈઓના માટે મજાનો ખોરાક બની ગઈ ! જેણે રિસાલા તથા અંકો થકી મઝહબી લેખનકાર્યની કાંટાળી કેડીએ ચિંતન સાથે કદમ રાખવાનો પોતાનામાં હોંસલો પેદા કર્યો કે થોડાક દિવસોમાં કલમી ચળવળની આ સફરમાં મિલ્લતની સમજદાર, વિચારશીલ વ્યક્તિઓનો એક કારવાં અમારી સાથે હશે, પણ થોડેક જ દૂર પહોંચ્યા પછી તેમને એ એહસાસ થયો કે તે આ રાહમાં તદ્દન એકલો છે ! છેવટે સતત નિષ્ફળતાઓ તથા સૌના નિર્લક્ષ વલણના કારણે તે થાકીને બેસી ગયો. અને નિર્ધાર તથા હિંમતની આ ચળવળ પણ ત્યાં જ ખત્મ થઈ ગઈ. જો આપણે અહલે સુન્નતની રક્ષા ચાહીએ છીએ તો આપણે આપણી વિચારધારા બદલવી પડશે, નહીં તો આપણી બર્બાદીઓની કલ્પના કોણ કરી શકે છે ?

ઉપરોક્ત સ્થિતિ તો ઉર્દૂ સુન્ની સાહિત્ય ક્ષેત્રની છે તો ગુજરાતી સુન્ની સાહિત્યની તો વાત જ શું કરવી ? છતાંય હિંમત ન હારતાં ઉમ્મીદ છે કે ગુજરાતી ભાષી આલિમો આ ક્ષેત્રે ગંભીરતાથી વિચારીને કલમ ઉઠાવી પોતાનામાં રહેલી કાબેલિયતોને પ્રદર્શિત કરી અહલે સુન્નતની ભલાઈ કાજે થોડોક આરામ કુર્બાન કરીને દીને હક્કના માટે કાંઈક કરવાની ધગશ સાથે આગળ વધશે. ઈન્શાઅલ્લાહ !

Ô[S[V G[T[56 **કલમથી એ જ કામ કરશે જે મઝહબે હક્ક અહલે સુન્નતની ભલાઈનું હોય, મસ્લકે આ'લા હઝરતના પ્રચારનું રચનાત્મક હોય અને તેમાં કોઈ વ્યક્તિને નહીં પણ અલ્લાહ વ રસૂલને જ રાજી કરવાની નિય્યત હોય.** *(સંપૂર્ણ)*

# આપણી નમાઝ

**અઝ** : હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી–આમોદ
*(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)*

بسم الله الرحمن الرحيم

**અલ્લાહુ રબ્બુ મુહમ્મદિન સલ્લા અલૈહિ વસલ્લમા**
**નહ્નૂ ઈબાદુ મુહમ્મદનિ સલ્લા અલૈહિ વસલ્લમા**

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા દીવાનાઓ ! નમાઝ ઈસ્લામનો મહત્વપૂર્ણ રુકન છે. નમાઝ દરેક ઈબાદતોથી અફઝલ છે, નમાઝ જાને ઈબાદત છે, નમાઝ રૂહે ઈબાદત છે, નમાઝ મો'મિનની મેઅરાજ છે, નમાઝ પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની આંખોની ઠંડક અને નમાઝ હર બુરાઈ અને બેહયાઈથી રોકે છે. નમાઝ પઢવાથી બેશુમાર ફઝીલતો હાંસલ થાય છે જેનો શુમાર આપણાથી નામુમ્કિન છે. હદીષ શરીફની કિતાબોમાં નમાઝ પઢવાની ફઝીલત એટલી તફસીલથી બયાન કરેલી છે કે અગર એનું જ ઝિક્ર કરીએ તો એક અલગ કિતાબ બની જાય.

સવાલ એ છે કે નમાઝની ફઝીલત ક્યારે હાંસલ થાય ? જવાબ સાફ છે કે નમાઝોને ટાઈમસર અને સહીહ રીતે અદા કરવામાં આવે ત્યારે ! અગર નમાઝના નિયમોનો ખ્યાલ રાખ્યા વગર નમાઝ પઢી તો નમાઝની ફઝીલત હાંસલ થશે નહીં. અફસોસ ! કે ઘણા ખરો મો'મિનભાઈઓ નમાઝના મસાઈલથી અજાણ રહી નમાઝના અરકાન સહીહ અદા નથી કરતા, નતીઝો એ આવે છે કે ક્યાં તો નમાઝ અધૂરી રહે છે યા તૂટી જાય છે અથવા થતી જ નથી !

હે મો'મિન ભાઈઓ ! દુનિયા ઓખરતની ખેતી છે, અહીંયા જે વાવશો તે ત્યાં બેહતર પામશો. જે રીતે ખેતરોમાં એક દાણો નાખીને તેની માવજત કરો છો, સમય પર પાણી, ખાતર, નિંદામણ કરાવો છો, એની કાળજી રાખો છો તો પછી એકના બદલામાં ઘણા દાણા મળે છે. અને અગર કાળજી ન રાખી તો આખુ ખેતર બર્બાદ થઈ જાય છે અને ખોટ આવે છે.

આખેરતની ખેતીમાં સૌથી બેહતરીન પાક નમાઝ છે. એની માવજત લઈ સહીહ અરકાન સાથે જો મસાઈલ પ્રમાણે અદા કરવામાં આવે, કિરાઅત સહીહ, રુકૂઅ સહીહ, સજદા સહીહ હશે, આ માવજતથી નમાઝ અદા થશે તો બેશુમાર ફઝીલતો મળશે. નહીં તો ખેતીને જેમ જ એમાં પણ ખોટ આવશે. આપ વિચારશો કે નમાઝ પઢવામાં ખોટ ! હાં ! વુઝૂ, ગુસ્લ અને ફરાઈઝો નમાઝમાં સહી અદા ન કરવાથી સવાબની જગ્યાએ ગુનાહ હાથ લાગશે.

મો'મિનની નમાઝનો કુર્આન શરીફમાં આ પ્રમાણે ઝિક્ર આવેલો છે :–

قَدْ اَفْلَحَ الْمُؤْمِنُوْنَ ۙ الَّذِيْنَ هُمْ فِيْ صَلَاتِهِمْ خَاشِعُوْنَ

(પારા–૧૮, સૂ. મુ'મિનૂન, આયત–૧, ૨)

**તર્જુમો** : બેશક ! મુરાદ પામ્યા ઈમાનવાળાઓ જેઓ પોતાની નમાઝમાં કરગરે છે. *(કન્ઝુલ ઈમાન)*

**તફસીર** : તેમનાં હૃદયોમાં ખુદાનો ખૌફ હોય છે અને તેમનાં અવયવો (અંગો) શાંત હોય છે. અમુક તફસીરકારોએ કહ્યું કે નમાઝમાં કરગરવું એટલે કે તેમાં દિલ મગ્ન બનેલું હોય અને દુનિયા તરફથી ધ્યાન હટેલું હોય અને દૃષ્ટિ નમાઝની જગ્યાએથી ખસે નહીં. અને આંખના ખૂણાઓથી કોઈપણ બાજુ જુએ નહીં અને અર્થહીન કામ કરે નહીં અને ખભાઓ ઉપર કોઈ કપડું લટકાવે નહીં એવી રીતે કે એના બંને કિનારા લટકતા હોય અને

આંગળીઓના ટચકા ફોને નહીં અને આ જાતનાં કામોથી દૂર રહે. અમુકે કહ્યું કે ખુશૂઅ એ છે કે આસમાન તરફ નજર ન ઉઠાવે. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૭૮૫, ગુજરાતી)*

નમાઝને સહી તરીકાથી અદા કરવાની ઘણી તાકીદ હદીષ શરીફમાં આવેલી છે. થોડી અહીં રજુ કરું છું :–

**હદીષ** : ઈમામ અહમદ બઅસ્નાદ હસન વ અબૂ યઅ્લા રિવાયત કરે છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે મારા ખલીલ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ નમાઝમાં ત્રણ વાતોથી મના ફર્માવ્યું : **(૧)** મરઘીની જેમ ચાંચ મારવાથી **(૨)** કૂતરાની જેમ બેસવાથી **(૩)** શિયાળની જેમ આમ તેમ જોવાથી.

**હદીષ** : ઈમામ અહમદ હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ થી રાવી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, સૌથી મોટો ચોર તે છે જે પોતાની નમાઝમાં ચોરી કરે છે. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! નમાઝમાં કેવી ચોરી ?! ફર્માવ્યું, રુકૂઅ અને સિજદા પૂરા નથી કરતા.

**હદીષ** : ઈમામ અહમદે હઝરત મુત્લક બિન અલી رضی اللہ عنہ થી રિવાયત કરી કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા બંદાની તે નમાઝ તરફ તવજ્જોહ નથી કરતો જેમાં રુકૂઅ અને સુજૂદના વચ્ચે પીઠ સીધી ન કરે.

**હદીષ** : હદીષે કુદષી છે, દારમી હઝરત કા'બ બિન અઝહર رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે રબ્બે ઝુલ જલાલ ફર્માવે છે : જે નમાઝને એના સમય પર અને સહીહ સહીહ અદા કરે એના માટે મારો વાયદો છે કે એને જન્નતમાં દાખલ કરું અને જે સમય પર ન પઢે અને સહીહ અદા ન કરે એના માટે મારો કોઈ વાયદો નથી, ચાહું તો જન્નત આપું, ચાહું તો દોઝખમાં નાખી દઉં ! *(બહવાલા ફતાવા રઝવિય્યહ્, ભાગ–૨, પેજ–૩૧૪)*

આપણા ઘણા મો'મિન ભાઈઓ નમાઝ તો પાબંદીથી પઢે છે પરંતુ નમાઝના મસાઈલથી અજાણ છે ! નમાઝની શરતો, ફરાઈઝ, વાજિબાત, સુન્નતો અને મુસ્તહબો કયા છે ? કઈ વાતોથી નમાઝ તૂટી જાય છે ? સજદએ સહ્વ ક્યારે વાજિબ થાય છે ? નમાઝ કઈ વાતોથી મકરૂહે તહરીમી વાજિબુલ એ'આદા થાય છે ? વિવિધ જરૂરી મસાઈલથી ગાફિલ છે. (ઘણા લોકો તો એમ કહે છે કે અલ્લાહ તઆલા કબૂલ કરવાવાળો મહેરબાન છે ! ભાઈઓ ! એ છૂટી પડવાની વાતો નહીં ચાલે ! એ જ અલ્લાહ તઆલાએ અકલે સલીમ આપી છે, માટે નમાઝને સહીહ અદા કરવી જ રહી.) નમાઝના ફઝાઈલ (ફાયદ) પર ધ્યાન આપે અને મસાઈલ પર ધ્યાન ન આપો તો ફઝાઈલ હાંસલ થઈ શકતા નથી !

આપણા માસિક **"બરકાતે ખ્વાજા"**માં ઈન્શાઅલ્લાહ ! ક્રમ વાર નમાઝના જરૂરી મસાઈલ પેશ કરવામાં આવશે. દરેક મો'મિન ભાઈઓને ગુઝારિશ છે કે ખૂદ પણ વાંચે, ઘરવાળાઓને, દોસ્તોને પણ વંચાવીને સવાબે દારૈનના હક્કદાર બને અને પોતાની નમાઝોને દુરુસ્ત કરે.

## ★ નમાઝના મસાઈલ ★

નમાઝની શરતો છ છે : **(૧)** તહારત **(૨)** સતરે ઔરત **(૩)** ઈસ્તિકબાલે કિબ્લા **(૪)** સમય **(૫)** નિય્યત **(૬)** તકબીરે તેહરીમા

આ શરાઈતમાંથી એક પણ શર્ત બાકી રહેશે તો નમાઝ શરૂ જ નહીં થાય.

આ તે ફર્ઝ કામો છે જે નમાઝથી પહેલાં અને નમાઝની બહાર છે માટે તેને શર્તો કહે છે. આ શર્તોમાંથી એક પણ છૂટી જાય અથવા ચાલુ નમાઝમાં કોઈ એક નષ્ટ થઈ જાય તો પણ નમાઝ થતી નથી.

નમાઝની શર્તોની તફસીલ અને હુકમો આવતા અંકે વાંચશો (ઈન્શાઅલ્લાહ !)

# ફતવા વિભાગ



★ અઝ ★

હઝરત મુફ્તી મુહમ્મદ હારૂન રશીદ
કાદરી અમજદી કંબોલવી

**સવાલ** : શું ફર્માવે છે ઉલ્માએ દીન વ મુફતીયાને શરએમતીન નીચેના મસાઈલના બારામાં કે :–

### ★ સવાલ નં. ૧ ★

અગર કોઈ સુન્ની અકીદા પેશઈમામ આલિમ સુન્ની મુસ્લિમ યુવક કે યુવતીના નિકાહ બદ્‌મઝહબ, બદ્‌અકીદા, બાતિલ ફિર્કાવાળા યુવક કે યુવતી સાથે જાણતા અને અજાણતા એમ બંનેવ હાલતોમાં પઢાવે તો એ સુન્ની અકીદા પેશઈમામ આલિમ વિશે શરીઅતે મુતહ્‌હારા શું હુકમ ફર્માવે છે ? મઝકૂર બંનેવ હાલતોમાં અગર સુન્ની પેશ ઈમામ–આલિમ તૌબા કરવા ચાહે તો તે તૌબા કરવાની પદ્ધતિ વિગતવાર સમજાવશોજી.

### ★ સવાલ નં. ૨ ★

કોઈ સુન્ની મુસ્લિમ યુવક કે યુવતીના નિકાહ બદ્‌મઝહબ બદ્‌અકીદા ધરાવતા કોઈ યુવતી કે યુવક સાથે થયા છે. નિકાહ બાદ બદ્‌અકીદા યુવક કે યુવતીને તૌબા કરાવી, કલમો પઢાવી ફરીથી સુન્ની મૌલાના સાહેબ પાસે ફરીથી નિકાહ પઢાવે તો તે જાઈઝ છે ? નિકાહ બાદ યુવક કે યુવતીએ તેના બદ્‌મઝહબ, બદ્‌અકીદા મા–બાપ સાથે કેવો સંબંધ (વ્યવહાર) રાખવો તે શરીઅતની રૂએ તફસીલથી સમજાવશોજી.

### ★ સવાલ નં. ૩ ★

અગર મા–બાપ બદ્‌મઝહબ, બદ્‌અકીદા હોય પરંતુ તેનો પુત્ર કે પુત્રી સુન્ની અકીદા હોય તો તેમની કોઈ સુન્ની મુસ્લિમ યુવતી કે યુવકની સાથે નિકાહ થઈ શકે ?! નિકાહ બાદ બદ્‌મઝહબ, બદ્‌અકીદા મા–બાપ સાથે સંબંધ કેવો રાખવો એ શરીઅતની રોશનીમાં વિગતવાર સમજાવશોજી.

### ★ સવાલ નં. ૪ ★

બદ્‌મઝહબ, બદ્‌અકીદા, બાતિલફિર્કાવાળા શખ્સ પાસે જાનવર ઝુબહ કરાવવું અને તેના હાથનું ઝુબહ કરેલ જાનવરનું ગોશ્ત ખાવું ઈસ્લામી શરીઅતની રૂએ કેવું છે ? ઝુબહ કરાવનાર અને ખાનાર પર શું હુકમ લાગુ પડે છે ?

### ★ સવાલ નં. ૫ ★

કોઈ સુન્ની મુસ્લિમ ફાતિહા, દુરૂદ, ઉર્સ, નિયાઝ, દરગાહ શરીફ પર હાજરી મેહફિલે મીલાદ વિગેરે તમામ સુન્ની અકીદા ધરાવતી રસમો અદા કરે છે, પરંતુ તે બદ્‌મઝહબ, બદ્‌અકીદા, બાતિલફિર્કાવાળા પાછળ પંજગાના નમાઝ તેમજ નમાઝે જનાઝા પઢે છે, તો આવા સુન્ની મુસ્લિમ વિશે શરીઅતે મુતહ્‌હરા શું હુકમ સાદર કરે છે ? અને આવા સુન્ની મુસ્લિમ સાથે સલામ, કલામ, નિકાહ, નમાઝે જનાઝા વિગેરે પરિસ્થિતિઓમાં કેવો સંબંધ (વ્યવહાર) રાખવો જોઈએ ?

બરાએ કરમ, શરીઅતે મુતહ્‌હરાના કાનૂનોથી અજાણ, સહીહ સુન્ની ઈલ્મે દીનથી અજ્ઞાન મારા જેવા અસંખ્ય સુન્ની મુસ્લિમ બંધુઓની જાણકારી માટે ઉપરોક્ત મસાઈલમાં મુસ્તનદ કિતાબોના હવાલાઓ સાથે શરીઅતે મુતહ્‌હરાની રોશનીમાં, તફસીલવાર, વિસ્તૃત રીતે, સંતોષપ્રદ રહનુમાઈ ફર્માવીને શુક્ર ગુજારીનો મોકો મયસ્સર કરશોજી. ખુદા હાફિઝ

**લિ.** સગે બારગાહે ઉલમા વ અવલિયા,
જ્ઞાન પિપાસુ : **કે. એમ. રાજ,**
નર્મદા કોલોની, જંબુસર, તા. ૧૦–૨–૨૦૦૪

باسمہ تعالیٰ والصلاۃ والسلام علی رسولہ الاعلیٰ

★ જવાબ નં. ૧ ★

જો ઈમામે સુન્ની યુવક કે યુવતીના નિકાહ અજાણતામાં દેવબંદી સાથે પઢાવી દીધા હોય તો એ ઈમામ માટે જરૂરી છે કે તે હવે પછી તેહકીક કર્યા વગર નિકાહ ન પઢાવવાનો અવામ સામે નિશ્ચય કરે, અને એ નિકાહ બરાબર ન થવાનું એલાન કરે અને તે (દેવબંદી)ના નિકાહમાં મળેલ પૈસા પણ પાછા આપે. જો તે ઈમામ આવું ન કરે તો તેની પાછળ નમાઝ પઢવી જાઈઝ નથી.

અને જો તે ઈમામે જાણતામાં નિકાહ (જાઈઝ સમજીને) પઢાવ્યા હોય તો તેના માટે તૌબા, તજદીદે ઈમાન જરૂરી છે. એટલે કે અવામ સામે દેવબંદી ગુમરાહ ફિર્કાઓના નિકાહ પઢાવવાથી તૌબા કરી ફરીથી કલ્મો પઢે અને એ નિકાહ બરાબર ન થવાનું એ'લાન કરે કે જે મેં ફલાણાનો નિકાહ પઢાવ્યો હતો તે બરાબર થયો નથી. અને તેના પૈસા પણ પાછા આપે, તો ઈમામતની બીજી શરતો સાથે તેની પાછળ નમાઝ પઢવી જાઈઝ છે. આવી જ રીતે ફતાવા અફઝલુલ મદારિસ, ભાગ–૧, પેજ–૪૮ માં આપેલ છે. અલ્લાહ તઆલા બેહતર જાણનાર છે.

★ જવાબ નં. ૨, ૩ ★

હાં ! યુવક, યુવતી બંનેવ સાચા દિલથી તૌબા તજદીદે ઈમાન કરી ફરીથી નવી મહેર સાથે કોઈ સુન્ની સહીહુલ અકીદા પાસે નિકાહ પઢાવી શકે છે. નિકાહ પછી જેનાં મા–બાપ બદ્અકીદા હોય તેની સાથે કોઈ પણ જાતનો વ્યવહાર રાખવો જાઈઝ નથી. આવી જ રીતે ફતાવા ફૈઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૬૨૭ માં છે. અલ્લાહ પાક બેહતર જાણનાર છે.

★ જવાબ નં. ૪ ★

બદ્અકીદા, બદ્મઝહબ, બાતિલ ફિર્કાવાળાનું ઝબહ કરેલ જાનવર મુરદાર છે. તેને ખાવું નાજાઈઝ અને હરામ છે. હિદાયા, ભાગ–૪, પેજ–૪૩૪ માં છે :–

لاتوکل ذبیحۃ المجوسی والمرتد

"યા'ની મજૂસી અને મુર્તદનું ઝબહ કરેલ ન ખાવ." અને ફતાવા આલમગીરી, ભાગ–૫, પેજ–૨૮૫ માં છે :–

لاتوکل ذبیحۃ اھل الشرك والمرتد

"એટલે કે મુશ્રિક અને ગુમરાહનું ઝબહ કરેલ ન ખાવ !"

માટે બદ્મઝહબ પાસે જાનવર ઝબહ કરાવનાર અને એના ઝબહ કરેલ જાનવરનો ગોશ્ત ખાનાર પર તૌબા વાજિબ છે. અલ્લાહ પાક બેહતર જાણનાર છે.

★ જવાબ નં. ૫ ★

ફાતિહા, દુરૂદ, ઉર્સ, ન્યાઝ તથા દરગાહ શરીફ પર હાજરી વગેરે પર અમલ કરવો ફક્ત એ જ સુન્નિયત નથી. બલ્કે અકાઈદે એહલે સુન્નત પર અમલ કરી દરેક બદ્મઝહબ ગુમરાહથી બચી તેને કાફિર કહેવું જરૂરિયાતે દીનમાંથી છે જેની ઉપર અમલ કરવો જરૂરી છે.

માટે જે બદ્મઝહબો પાછળ નમાઝ પઢે અને તેઓની નમાઝે જનાઝા પઢે તે ગુમરાહ છે એના માટે તૌબા કરવી વાજિબ છે. અલ્લાહ પાકનું ફર્માન છે :–

وَلَا تُصَلِّ عَلٰیٓ اَحَدٍ مِّنْهُمْ مَّاتَ اَبَدًا
وَّلَا تَقُمْ عَلٰی قَبْرِهٖ ؕ اِنَّهُمْ كَفَرُوْا
بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَمَاتُوْا وَهُمْ فٰسِقُوْنَ

**અર્થાત** : "અને એમનામાંથી કોઈની મય્યત પર કદી નમાઝ પઢશો નહીં. અને ન તો તેની કબર પર ઉભા રહેશો. બેશક ! તેઓ અલ્લાહ અને રસૂલના મુન્કિર બન્યા અને નાફર્માનીમાં જ મરી પરવાર્યા." *(પારા–૧૦, સૂરએ તૌબા, આયત–૮૪)*

અને હદીષ શરીફમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :–

ایاکم وایاهم لا یضلونکم ولا یفتنونکم وان مرضوافلا تعودوهم ما توا فلا تشهد وهم وان لقیتموهم فلا تسلمو اعلیهم ولا تجا لسوهم ولا تشاربوهم ولاتواکلوهم ولاتناکحوهم ولاتصلوعلیهم ولا تصلوامعهم

**અર્થાત** : બદ્‌મઝહબોથી દૂર રહો અને એમને પોતાનાથી દૂર રાખો ક્યાંક એ તમને ફિત્નામાં નાખી ગુમરાહ ન કરી દે, જો એ બીમાર પડે તો એમની અયાદત ન કરો, જો એ મરી જાય તો એમની નમાઝે જનાઝા ન પઢો, જો તેનાથી મુલાકાત થાય તો તેને સલામ ન કરો, એમની સાથે ન બેસો, ન ખાવ, ન પાણી પીવો, એમની સાથે શાદી વિવાહ ન કરો, એમની નમાઝે જનાઝા ન પઢો અને એમની સાથે નમાઝ પણ ન પઢો. આ હદીષ મુસ્લિમ, ઈબ્ને માજા, અબૂ દાવૂદ, ઉકેલી અને ઈબ્ને હબ્બાનની રિવાયતોનો મજમૂઓ છે. *(અન્વારુલ હદીષ, પેજ–૧૦૩)*

માટે એવા માણસને સમજાવી તૌબા કરાવવી અને જો એ તૌબાથી ઈન્કાર કરે તો તેનો બોયકોટ કરી આપવો. ખુદાએ પાકનો ઈર્શાદ છે :–

وَاِنَّمَا یُنْسِیَنَّكَ الشَّیْطٰنُ فَلَا تَقْعُدْ
بَعْدَ الذِّ كْرٰی امَعَ الْقَوْمِ الظّٰلِمِیْنَ

**અર્થાત** : અને ક્યાંક તને શૈતાન ભૂલવી દે તો યાદ આવ્યેથી જુલ્મીઓ પાસે ન બેસ !'' *(પેજ–૭, સૂરએ અન્આમ, આયત–૬૮)* અલ્લાહ પાક બેહતર જાણનાર છે.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્** : મુફ્તી મુહમ્મદ કૌનૈન નૂરી*

## ★ ફતવો ★

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે દસ બીબીઓની કહાની, શહાદતનામા તથા અન્ય કહાનીઓની કિતાબો પઢવાની મન્નત માનવી કેવી છે ?! જો નહીં, તો કોઈ એવી તરકીબ બતાવો જેની બરકતથી તંગદસ્તી વગેરે સર્વ તકલીફોથી છૂટકારો મળી જાય. બૈયનૂ તુજરૂ. *[**પ્રશ્નકર્તા** : બાબુલ હુસૈન બરકાતી, પાંચ ડમ્ઠી થાના, ઈસ્લામપુર, દીનાજપૂર]*

**જવાબ** : હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ علیہ الرحمۃ والرضوان લખે છે કે, ''શહાદતનામા જેમાં તમામતર રિવાયતો સહીહ હોય તો તેને પઢવું સારું છે જેમકે આઈનએ કિયામત. અને જો ગલત તથા જૂઠી રિવાયતો પર આધારિત હોય તો તેને પઢવું સખ્ત બુરુ તથા નાજાઈઝ છે. *(ફતાવા મુસ્તફવિયહ્, પેજ–૫૨૬)* અને સોલાહ સૈયદોંકી કહાની, દસ બીબીયોંકી કહાની તથા અન્ય કહાનીઓની કિતાબોમાં ગલત રિવાયતો હોય તો તેને પઢવું પણ જાઈઝ નથી અને તેને પઢવાની મન્નતો માનવી જેહાલત છે. નમાઝ પઢવી, રોઝા રાખવા અને સદકા ખૈરાત કરવાની મન્નતો માનવી જોઈએ.

અને તંગદસ્તી વગેરે સર્વ તકલીફોથી નજાત પામવાના માટે પંજવક્તા નમાઝ બાજમાઅત મસ્જિદમાં અદા કરે, ઘરને ગાવા વગાડવાથી પવિત્ર રાખે અને ફોટાઓને તા'ઝીમની સાથે ન રાખે. અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી علیہ الرحمۃ والرضوان લખે છે કે, ''ઈશાની નમાઝ બાદ ઉઘાડા માથે એવી જગાએ કે માથા તથા આકાશની વચ્ચે છત કે ઝાડ વગેરે કોઈ આડ ન હોય, ૫૦૦ વખત દરરોજ પઢે : યા મુસબ્બિબલ્ અસ્બાબ ! અવ્વલ આખિર ૧૧–૧૧ વખતે પઢે. આ જેટલા દિવસ વધુ પઢશે એટલો અધિક લાભ થશે. ઈન્શાઅલ્લાહ ! વલ્લાહુ તઆલા અઅ્લમ.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્** : જલાલુદ્દીન અહમદ અમજદી*

# ★ ગુજરાત રાજ્ય વકફ બોર્ડના ચેરમેનને જસ્ટીસ પીરઝાદાનો પત્ર ★ (કાર્યાલય)

પ્રતિ જનાબ મોહંમદ યૂસુફ કુરૈશી, ચેરમેન ગુજરાત સ્ટેટ વકફ બોર્ડ અને વકફ બોર્ડના સભ્યશ્રીઓ, ઠે. જૂના સચિવાલય, ગાંધીનગર.

અસ્સલામુ અલૈકુમ, પાટણમાં આરામ ફર્માવતા ઉચ્ચ કોટીના ચિશતીયા સિલસિલાના ઔલિયાએ કિરામમાં દિલ્હીના હઝરત નિઝામુદ્દીન ઔલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ના અગ્ર ખુલ્ફામાંના એક હઝરત મૌલાના તાજુદ્દીન યાકૂબ જે મૌલાના મહબૂબ رحمۃ اللہ علیہ તરીકે જગ મશહૂર છે. જે પણ ચિશતીયા સિલસિલાના તમામ બુઝુર્ગોની જેમ એહલે સુન્નત વલ જમાઅત એટલે સુન્ની હન્ફી હતા અને હાલમાં પાટણમાં રહેતી એમની ઔલાદ પણ સુન્ની હનફી મઝહબ પર ચાલે છે જે હાલમાં મઝાર શરીફનો વહીવટ સંભાળે છે.

આ બુઝુર્ગ મૌલાના મહબૂબ સુન્ની વલી હોવા છતાં કેટલાક દસકાઓ પહેલાં શિયા મઝહબ પાળતા દાઊદી વહોરાઓએ મૌલાના મહબૂબ તેમના બુઝુર્ગ હોવાનો ખોટો દા'વો કર્યો હતો અને પાટણના સુન્નીઓ અને ખાસ તો તે વખતના સજ્જાદાનશીન સાથે કાનૂની વિવાદ પણ ઉભો કર્યો હતો. પરંતુ મુંબઈ હાઈકોર્ટ સુધી શિયા–દાઊદી વહોરા ભાઈઓને નાલેશી અને નામોશી મળી હતી અને તેમનો દરગાહ પરનો દા'વો રદ થયો હતો. જે પાટણના તમામ લોકોને વિદિત છે. કોઈ દાઊદી વ્હોરા ગ્રહસ્તે અથવા તેમના એટલે કે દાઊદીયોના હાલના દાઈએ એક કરોડ રૂપિયા અથવા તેથી વધુ રકમ આ મૌલાના મહેબૂબની દરગાહના કહેવાતા વિકાસ ડેવલપમેન્ટ માટે વકફ બોર્ડને આપવાની ઓફર કરી શાતેરાના ચાલ ચાલવાની શરૂઆત કરી છે. મને આ હકીકતની જાણ ત્રણેક મહિના પહેલાં થતાં મેં ચેરમેન જનાબ મો. યૂસુફ કુરૈશીને ફોન કરી આ ઓફર બાબત ચેતવણી આપતી વાત કરી હતી અને તેમણે આ બાબત તેઓ આગળ નહીં વધે તેમ કહેલું. તે જ રીતે વકફ બોર્ડના ઈન્ચાર્જ ચીફ એકઝીક્યુટીવ ઓફિસર શ્રી વ્હોરાને પણ હું રૂબરૂમાં મળેલો અને લંબાણથી તેમને સાચી હકીક્ત જણાવી હતી. પરંતુ શ્રી વ્હોરાના તેવર તે વખતે વિચિત્ર હતા અને દાઉદી વ્હોરાઓની મજબૂત હિમાયત તેઓ કરતા હતા. છતાં ચેરમેન જનાબ યૂસુફ કુરૈશી તથા બોર્ડના એક સિવાય બીજા તમામ સભ્યો સુન્ની છે જેમનામાં મને વિ□સ હતો કે તેઓ આ મહાન સુન્ની બુઝુર્ગના મઝાર ઉપર તથા વહીવટમાં દાઊદી વ્હોરાઓની દખલ સ્વીકારશે નહીં. પરંતુ મારા તેમની ઉપરના વિ□સને તા. ૧૭/૨/૦૪ના બનાવે ડગાવી દીધો છે. તેથી આ પત્ર લખવાની મને ફરજ પડી છે.

ઉપરના સંજોગોમાં એક શિયા દાઊદી વ્હોરા ગ્રહસ્થ/ગ્રહસ્થો જો મહાન સુન્ની વલીની દરગાહના કહેવાતા વિકાસ માટે હજારો રૂપિયા નહીં પણ કરોડ અને તેથી વધુ રકમનો દાન આપવા તૈયારી બતાવે તો નક્કી તેની પાછળ તેની અને તેના મળતિયાઓની ભેદી શાતેરાના ચાલ હોવી જોઈએ જે શ્રી વ્હોરાને તો કદાચ ખાસ કારણોસર ન સમજાતી હોય પણ બોર્ડના ચુસ્ત સુન્ની ચેરમેન તથા અન્ય સુન્ની સભ્યોને તો સમજાવી જોઈએ એમ હું માનું છું.

મૌલાના મહેબૂબની દરગાહના હાલના વહીવટ કર્તાની દરગાહની તથા તેની સાથેની મસ્જિદની સાફ સફાઈ બાબતની ગફલત કદાચ શ્રી વ્હોરા તથા ચેરમેન શ્રી અને બોર્ડના કેટલાક સભ્યોની એ દાઉદી વ્હોરા ગ્રહસ્તની ઓફરના અનુસંધાને પાટણની મુલાકાત વખતે ધ્યાન ઉપર આવી હશે, પરંતુ તે માટે વહીવટદારને ઠપકો આપી ભવિષ્યમાં તે આવી ગફલત ન વર્તે તેવી ચેતવણી અપાય પરંતુ તે માટે એવી ગફલતને કારણે મહાન સુન્ની બુઝુર્ગની દરગાહ શિયા કોમવાળાને સોંપવાનું બહાનું ન બનાવી શકાય. હું પોતે દરગાહના હાલના વહીવટદારને ઓળખું છું અને મને શ્રી વ્હોરાએ વહીવટદારની ગફલત બાબત જણાવતાં મેં તે વહીવટદારને તાકીદ કરી હતી, એટલું જ નહીં પણ મારી તથા અન્ય હિતેચ્છુઓની સલાહથી તેમણે તેમના પોતાના ખર્ચે દરગાહ શરીફને ફરતે કોટ બનાવ્યો છે. તથા પથ્થરો વગેરે જડી લગભગ દોઢ બે લાખ રૂપિયાનો ખર્ચ કરી, તાજેતરમાં દરગાહ તથા મસ્જિદમાં જરૂરી રીપેરીંગ પણ કરાવેલ છે. વધુ બે પાંચ લાખ રૂપિયા વિકાસ માટે ખર્ચવાની જરૂર હોય તો હું પોતે કેટલાક સુન્ની દોસ્તોની સહાયથી તે રકમ એકઠી કરી શકું છું અને દરગાહ શરીફમાં સુધારા વધારા કરી શકાય છે. પરંતુ મહેરબાની કરીને આ વિખ્યાત સુન્ની વકફને શિયા બિરાદરીને હવાલે કરવાની અશુભ ચેષ્ટા વકફ બોર્ડ ન કરે તે સમગ્ર મુસ્લિમ કોમના હિતમાં જરૂરી છે. સુન્ની વલીની દરગાહને થોડો વધુ ખર્ચ કરીને સગવડવાળી બનાવવી તે સારું છે પણ લાખ્ખો કે કરોડના ખર્ચે તેને ઉજાણી સ્થળ તરીકે તબદીલ કરવાથી તેનું ધાર્મિક મહત્વ પણ ખત્મ થઈ જશે. જેમ દાઊદી વ્હોરા કોમની અન્ય દરગાહો ઉજાણી સ્થાન બની રહી છે. દાનની ઓફર કરનાર દાઊદી વ્હોરા ગ્રહસ્થ ચાહે તો ૨ કરોડ રૂપિયાનું ખર્ચ કોઈ દાઊદી વ્હોરા કોમ સંચાલિત ધાર્મિક સ્થળમાં કરી તેને ઉજાણી સ્થળ બનાવશે તો કદાચ દાઊદી વ્હોરા બિરાદરીના દાઈ તેમને ઊંચો ખિતાબ પણ આપી શકશે.

આશા છે કે, મારા આ પત્રને સકારાત્મક પ્રતિભાવ (ઓબ્જેક્ટીવ રિસ્પોન્સ) મુસ્લિમ વકફ બોર્ડના ચેરમેન શ્રી તથા અન્ય સભ્યશ્રીઓ તરફથી મળશે અને વકફ બોર્ડ શિયા દાઊદી બીરાદરીના દાનનો સાભાર અસ્વીકાર કરી, સુન્ની બિરાદરીને ઉપકૃત કરશે અને સુન્ની બિરાદરીને કોઈ વિરોધી આંદોલન કરવાની ફરજ વકફ બોર્ડ નહીં પાડે.

**લિ.** આપનો વિ□સુ અને ઔલિયાએ કિરામની ચરણરજ

**શ. મ. પીરઝાદા** *[પાટણ દરગાહ બાબતે (નિવૃત્ત) જસ્ટીસ પીરઝાદા સાહેબે લખેલ પત્રનો ટૂંક સારાંશ અત્રે **"બરકાતે ખ્વાજા"** ના વાંચકો માટે રજૂ કરાયો છે.]*

# બરકાતે ખ્વાજાની ટપાલ

## વાંચકો લખે છે કે ......

અસ્સલામુ અલૈકુમ, ગિરામી કદર, મુશ્ફિક, મુહતરમ, જનાબ હાજી શબ્બીર સાહબ, માસિક ''બરકાતે ખ્વાજા'' કે મિમ્બરાન આપકો સદહા મુબારક બાદ !

માહનામા **''બરકાતે ખ્વાજા''** કા સરસરી નજરસે મુતાલેઆ કિયા, વાકઈ એક નઈ તહરીર કા આગાઝ ઔર એહલે સુનન કી પુકારમેં મજીદ ઈઝાફાકી દા'વતે સુખન હૈ, ખૂબ સે ખૂબતર યે માહનામા ફલે ફૂલે ઔર દુનિયા કે હર કૌને કૌને મેં ફૈલ કર એહલે સુન્નત કા ડંકા બનાએ. *(આમીન)*

લિ. **ગુલામ મોહ્યુદ્દીન ઈસ્માઈલ ''હાફિઝ''**
*(હન્ફી કિતાબ ઘર, અલ્વી કોલોની, નબીપુર)*

☆ ✪ ✪ ★

અસ્સલામુ અલૈકુમ, મોહતરમ જનાબ પ્યારા શબ્બીર અંકલ તથા સ્ટાફ, સલામ મસ્નૂન , બાદ જણાવવાનું કે **''બરકાતે ખ્વાજા''** માસિકનાં બંને અંકો વાંચ્યા. દરેક વિભાગો લાજવાબ છે. બેશક ! શહેનશાહે હિંદુસ્તાન, અતાએ રસૂલ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી, સંજરી رحمۃ اللہ علیہ નો ફયૂઝ દેખાઈ રહ્યો છે. અલ્લાહ તઆલા આપણા ''બરકાતે ખ્વાજા'' માસિકને બેહદ તરક્કી આપે. (આમીન) સુન્ની ભાઈઓને ખાસ અરજ કે બરકાતે ખ્વાજા માસિકનાં મહત્તમ ગ્રાહકો બનાવે અને સંસ્થાની હાજર સ્ટોક કિતાબોનો ફેલાવો કરે. શબ્બીર અંકલને દિલી મુબારકબાદી ! બસ એજ !

**લિ.** સગે દરે રઝા, હકીર ફકીર,
**ઈમ્તિયાઝ ડી. બાલા** *(કિલ્લા પારડી)*

**✪ મુબારકબાદ ! સદ્ મુબારક બાદ ! ✪**

સુન્ની સિદ્ધ હસ્ત લેખક બિરાદરે દીની મુહિબ્બે યકીની, જનાબ શબ્બીર અલી પટેલ સાહબ, આપના તરફથી છેલ્લા ત્રણ અંકો **''બરકાતે ખ્વાજા''**ના મળ્યા. વાહ ! માશાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! અંકો મોકલવા બદલ જઝાકલ્લાહ ! હું જ્યારે મદ્રસામાં પઢતો હતો ત્યારથી જ આપણો પત્ર વ્યવહાર અને પેઢીઓથી દરિયાઈ સાદાત હોવાના નાતે રૂહાની સંબંધ છે. આપની કલમથી કોણ અજાણ છે ! આપનાથી ઘણી જ નાની મોટી પુસ્તિકાઓથી લઈને દળદાર, ઈમાનવર્ધક, કુર્આનો હદીષથી લઈ બુઝુર્ગોની લખેલી મોટી મોટી કિતાબોનું અનુવાદ થયુ છે, આ વાત ઢાંકી છુપી નથી, જગ જાહેર છે. અલ્લાહ આપને તંદુરસ્તીભર્યું જીવન અર્પી સુન્નિયતની મહાન ખિદમાત કરવાની તૌફીક આપે. *(આમીન)*

માશાઅલ્લાહ ! આપના થકી આપની અંજુમન થકી ઈલ્મી માલૂમાતથી ભરપૂર માસિક ''બરકાતે ખ્વાજા'' પ્રસિદ્ધ થઈ રહ્યું છે તે ઘણી જ ખુશીની વાત છે, હું આવકારું છું અને સુન્ની ભાઈ બહેનોને અપીલ કરું છું કે આપણા સૌના ''બરકાતે ખ્વાજા'' (માસિક)ને હાથો હાથ ઉપાડી લઈ ઘરે ઘર, દરેક મદ્રસાઓ, તમામ મુસ્લિમ, સ્કૂલોમાં ખાનકાહો, મસ્જિદો તથા લાયબ્રેરીઓમાં પહોંચાડવાના કામે લાગી જાય. આપને અને કર્મચારીગણને મુબારકબાદ આપી વીરમું છું. ફક્ત વસ્સલામ.

**લિ.** હમદર્દે કૌમો મિલ્લત ગદાએ
ગૌષો–ખ્વાજા–દરિયાઈ
**પીર સૈયદ સફીયુલ્લાહ બાવા એફ. દરિયાઈ**
*(ખલીફએ દરિયાઈ વ બગદાદી અશરફી,*
*મુ. બીરપુર શરીફ, જી. ખેડા. ગુજરાત)*

☆ ✪ ✪ ★

અસ્સલામુ અલૈકુમ, મોહતરમ જનાબ હાજી પટેલ શબ્બીર અલી રઝવી સાહેબ, અલિયાબાડાથી લિ. અ. કાદિર હાજી દાઉદ રઝવીના સલામ બાદ જણાવવાનું કે **''બરકાતે ખ્વાજા''**નો પહેલો અંક ઉનાવા શરીફ ખાતે જોવા મળ્યો. વાંચી બેહદ ખુશી થઈ.

હજ્જ દરમ્યાન ત્યાંના નજદી ઈમામ પાછળ નમાઝ ન પઢવા વિશે પહેલા જ અંકમાં આપે જે રજુઆત કરી તે દાદને પાત્ર છે. હજ્જ વિશે ગુજરાતીમાં ઘણી બધી કિતાબો છપાઈ છે પરંતુ આ મહત્વની બાબત કોઈપણ લેખક સાહેબ જણાવતા નથી પરિણામે કહેવાતા સારા સારા સુન્ની ત્યાં નજદી ઈમામની પાછળ નમાઝ પઢતા નજર આવે છે.

એ સિવાય અંકના દરેક વિષયમાં જાન હતી. અલ્લાહ તઆલાથી દુઆ છે કે ગરીબ નવાઝના સદકામાં તમારી મેહનત કામ્યાબ થાય અને "બરકાતે ખ્વાજા" માસિક ચારો તરફ ખૂબ ફેલાય. *(આમીન)*

લિ. **અ. કાદિર હાજી દાઉદ રઝવી**
*(અલિયાબાડા, જામનગર)*

☆ ✪ ✫ ★

ભાઈ શબ્બીર ! સલામ વ રહમત અને "બરકાતે ખ્વાજા" માસિક શરૂ કરવા બદલ દિલીમુબારક બાદ ! માસિકમાં આજના દૌરને અનુલક્ષીને બહું જ સારા વિષયોની ચર્ચા કરો છો તે બદલ સર્વેને ફરીથી દિલી મુબારકબાદ !

લિ. **ખિઝર "નૂરી"** (ધોરાજી)

☆ ✪ ✫ ★

## ✪ દયાદરામાં રૂહાની જલ્સાઓ ✪

૯–મુર્હરમ શરીફના રોજ યાદે શોહદાએ કર્બલામાં અસર બાદ મસ્જિદમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો નૂરાની ઈજતેમા રાખ્યો હતો. જેમાં મુબલ્લિગ જનાબ ઈમ્યાઝભાઈ ભીવંડીવાળાએ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. ૧૦ મુર્હરમની રાત્રે જશ્ને શોહદામાં મોટા ચકલા પર જનાબ મૌલાના નાસિર રઝા નૂરીએ તથા ૧૪ મુહર્રમની રાત્રે જનાબ મૌલાના અન્સાર અહમદ (સૂરત) સાહબે જશ્ને મુફતીએ આ'ઝમમાં નૂરાની બયાન કર્યું હતું. તેમજ ૨૮ મુહર્રમે જશ્ને મખ્દૂમ સમનાની رحمۃ اللہ علیہ નિમિત્તે મોટા ચકલા પર હઝરત મૌલાના રઈસ કૌષરનું બયાન થયું હતું.

## ✪ મસ્જિદે અઝીમીના બાંધકામમાં સહાય કરો ✪

**હાલોલ** : જિ. પંચમહાલમાં ફેબ્રુઆરી–૨૦૦૨ માં કોમી રમખાણ દરમ્યાન હાલોલ વિસ્તારના આસપાસના ગામડાની વસ્તીએ હાલોલમાં પૂર્ણ વસવાટ કરી લીધો છે. જ્યાં મસ્જિદની ખૂબ જરૂરત હતી. સુન્ની બિરાદરોએ અઝીમી મસ્જિદનું નિર્માણ ચાલુ કરી દીધુ છે. જમાઅતખાનામાં ફીનિસીંગ કામ વગેરે મળી કુલ બે લાખનું કામ બાકી છે. સુન્ની મુફલીસ લોકોને ઈમદાદની સખત જરૂરત છે.

**લિ.** ટ્રસ્ટી મસ્જિદે અઝીમી,
***C/o.*** જનાબ મોગલખાન પઠાણ, મુહમ્મદી સ્ટ્રીટ,
મુા. હાલોલ, જિ. પંચમહાલ, પિન : ૩૮૯ ૩૫૦

**બાલાશિનોર** : દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ–બાલા શિનોરમાં આલિમ, હાફિઝ, કારીની તા'લીમની સાથેસાથ અંગ્રેજી વિષય ભણાવવાનું શરૂ કર્યું છે અને ભાવિ યોજનામાં ટેકનિકલ કલાસો, સિવણ વર્ગ પણ ચાલુ થશે એવું તેમની યાદીમાં જણાવાયું છે.

**તિલકવાડા** : થી હાજી આરિફ મુતવલ્લી સાહબ જણાવે છે કે આજ રોજ તા. : ૨૯–૨–૦૪ ના રોજ મદ્રસએ ગરીબ નવાઝ તિલકવાડા ખાતે ઈનામી જલ્સો થયો. કમિટી હઝરાતે મદ્રસાના તાલિબે ઈલ્મની પરીક્ષા લીધી. મદ્રસાના ઉસ્તાદ હાફેઝ મુબારક લુવારાવાલાએ મદ્રસાના તાલિબે ઈલ્મ પાછળ ઘણી જ મહેનત કરી છે. ૯૫ બાળકો મદ્રસાની હાજરીમાં હતા દરેક તાલિબે ઈલ્મનું પઢવાનુ ઘણુ સારું છે. આ ઉપરથી જાણ થઈ કે ઉસ્તાદની મહેનત ઘણી સારી છે. પરીક્ષા બાદ દરેક તાલિબે ઈલ્મને ઈનામ વિતરણ કર્યું. અલ્લાહ તઆલા એના હબીબે પાક صلی اللہ علیہ وسلم ના સદકામાં દરેક મદ્રસાના ઉસ્તાદને આવી જ રીતે સારી મહેનત કરવાની નેક તૌફીકે રફીક અતા ફર્માવે. *(આમીન)*

**લિ.** હાજી આરિફ મેમણ તેમજ
કમિટી હઝરાત તિલકવાડા

**કાવી** : જનાબ સુલેમાન દોલા માસ્તર તરફથી રૂા. ૫૦૦/– ઉશ્ર પેટે "મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ"ને મળ્યા છે. જઝકાલ્લાહ !

**કુરચણ** : હાજી અહમદ બાદશાહ (લંડન)ના માસી ફાતમાબેનના ઈન્તેકાલની ખબર મળતાં આમોદ મદ્રસામાં કુર્આન ખ્વાની કરાવવામાં આવી હતી. મૌલા કરીમ મર્હૂમાની મગફેરત ફર્માવે. વાંચકોને દુઆની અપીલ છે. *–(તંત્રી : બરકાતે ખ્વાજા)*

**દયાદરા** : મર્હૂમા બીબીબહેન મીનાવાલાનો ઈન્તેકાલ તા. ૧૯–૨–૦૪ જુમેરાતની રાત્રે ૧૧ઃ૩૦ કલાકે થયો હતો. એમની દફનવિધિ જુમ્આના સવારે ૧૦:૦૦ વાગે થઈ હતી. મૌલા તઆલા મર્હૂમાની મગફેરત ફર્માવે. મર્હૂમાના ઈસાલે સવાબ અર્થે મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આન ખ્વાની કરાઈ હતી.*–આમીન*

## ✪ વડોદરા–તાંદલજામાં લવાજમ નોંધાવવા મળો ✪

**જનાબ અમીર મિયાં કાઝી**
ઠે. ચિશ્તિયા જામેઅ મસ્જિદની બાજુમાં
ચિશ્તિયા *S.T.D.* તાંદલજારોડ–વડોદરા

☆ ✪ ✪ ★

## ✪ અમો એમના આભારી છીએ ✪

**"બરકાતે ખ્વાજા"** માસિકના ગ્રાહકો કરવા સહાય કરનારાઓ : –

- ★ **૧૧** પેટ્રન ગ્રાહક (ઈન્ડિયાના) : **જનાબ શફીક અસુરિયા (બોલ્ટન)** તરફથી
- ★ **૧૧** વાર્ષિક ગ્રાહક (ઈન્ડિયાના) : **હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચણવી (બ્લેકબર્ન)** તરફથી
- ★ **૧૧** વાર્ષિક ગ્રાહક (ઈન્ડિયાના) : **મૌ. ઈકબાલ મિસ્બાહી વો. સમનીવાળા તરફથી (બોલ્ટન)**
- ★ **૩૦** વાર્ષિક ગ્રાહકો (ઈન્ડિયાના) : **સગીર અલીભાઈ વરેડિયાવાળા તરફથી (પ્રેસ્ટન)**
- ★ **૧૧** વાર્ષિક ગ્રાહકો (યુ.કે. ના) **જનાબ હાફેઝ યૂસુફ મોરિશ દયાદરવી (બોલ્ટન)** થકી કરી આપવામાં આવ્યાં છે. અમો એમના આભારી છીએ. જઝાકલ્લાહ !

## ✪ મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદના હમદર્દો ✪

મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ જ્યાં દીનના મુબલ્લિગ બનવા ટ્રેનિંગ તથા તર્બિયત ચાલે છે. દીનના મુબલ્લિગ થવા માટે આવનારા યુવાનોને જરૂરી દીની ઈલ્મ શીખવાડવામાં આવે છે, સુન્નતોની તા'લીમ તથા ખિદમતે દીનો મિલ્લતનો જઝબો પેદા કરવામાં આવે છે તથા ઉમદા હાફિઝ કારી થકી હિફઝો કિરાઅતના વર્ગો ચાલે છે. આમોદ, જંબુસર, ભરૂચ, વાગરા ઉપરાંત વિવિધ ગામોમાં કાફલાઓ મોકલી સુન્ની ઈજતેમા કરવામાં આવે છે. તર્બિયતમાં તથા હાફિઝ–કારી થનારાઓને રહેવા, જમવાની, સગવડ રાખેલી છે. તો આ નેક કામમાં અમારી અપીલને માન આપી અમારા હમદર્દ **જનાબ મૌલાના ઈસ્માઈલ રઝવી–ખોજબલવાળા** થકી અમને આ મુજાહિદોએ સહકાર કર્યો છે :–

- ★ **જનાબ હાજી અહમદ બાદશાહ (લંડન)** એ મર્હૂમા હજીયાણી જુબદાબહેન અને હાજી અલી ઈબ્રાહીમના ઈસાલે સવાબ અર્થે....
- ★ **જનાબ સલીમ મુન્શી સાહબ (બ્લેકબર્ન)** તરફથી મર્હૂમ વાલિદ સાહબના સવાબ અર્થે....
- ★ **જનાબ મુહમ્મદ સલીમ હાજી હસન સાંસરોદવાળા (બોલ્ટન)** તરફથી મર્હૂમોના સવાબ અર્થે .... સહાયો મળી છે.

મૌલા તઆલા તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં તેમના મર્હૂમોની મગફેરત ફર્માવે તથા તેમને તેમની ઔલાદને ઈમાનની સલામતી સાથે બંને જહાનમાં આબાદ કરે. *(આમીન)*

**લિ. પટેલ શબ્બીર અલી રઝવી**
*(પ્રમુખ : મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ)*

## ✪ આંગડીયાથી ટપાલ મોકલવા માટેનું સરનામુ ✪

**શબ્બીર અલી રઝવી દયાદરવી**
*C/o.* ઈન્ડિયન ફૂટવેર, હોટલ પ્રેસિડન્ટ નીચે
રેલ્વે સ્ટેશન સામે, ભરૂચ, ફોન : (૦૨૪૨) ૨૬૪૫૬૦

## ૮૪૫ છે કોઈ આશિકે રસૂલ ! ૧૨
## જે સીરતે પાકની કિતાબ છપાવી આપે ?

અલ્હમ્દુલિલ્લાહ ! આપણે સવાદે આ'ઝમ (અહલે સુન્નત વ જમાઅત)માં છીએ, મસ્લકે આ'લા હઝરતના ઝંડાધારી છીએ, આશિકે રસૂલ હોવાનો આપણો દા'વો છે, આશિકે ઔલિયા હોવાનો આપણો દાવો છે.... પણ દિલ પર હાથ રાખીને કહેશો એ રસૂલે પાક ﷺ જેમને આપણે જાનથી અધિક ચાહવાનો દા'વો કરીએ છીએ તેમના જીવન ચરિત્ર, આપની સીરતે પાકની ગુજરાતીમાં આપણી પાસે કેટલી કિતાબો છે ?! કેટલાં ઘરો છે કે જેમની પાસે નબી કરીમ ﷺ ની સીરતની કિતાબ છે ? કદાચ જ મારા ધારવા પ્રમાણે કોઈ ઘર એવું મળે કે જ્યાંથી સીરતે રસૂલ ﷺ ની કિતાબ નીકળે ! એ જ પ્રમાણે બુઝુર્ગોના વિશે કિતાબો આપણે ત્યાં મળવી મુશ્કેલ ! અને મહોબ્બતના દા'વાઓનો શોર તો સૌ જોઈ જ રહ્યા છે ! હે ભાઈઓ તથા બહેનો ! જાગો ! અને ગફલત છોડી હુઝૂર ﷺ ના સીરતે પાકની તથા ઔલિયાના જીવન ચરિત્ર, તેમનાં ફર્માનોની કિતાબો ઘરોમાં વસાવો અને તેનો અભ્યાસ કરો તો ઘરનો માહોલ ઈસ્લામી રહેશે.

અમારી હાલ ગુઝારિશ એ છે કે ઘણા ગુજરાતી સુન્ની ભાઈઓ સીરત પર કિતાબ માંગતા હોય છે પણ હાલ ક્યાંય ઉપલબ્ધ ન હોવાથી અમોએ મુફતીએ કચ્છ હઝરત સૈયદ અહમદશાહ સાહબ (માંડવી)ની અનુવાદિત કિતાબ છપાવવા માટે પરમિશન મેળવી લીધી છે :–

**કિતાબ : સીરતે મુસ્તફા** *(લગભગ ૭૫૦ પેજીસ)*

**લેખક : ઉસ્તાઝુલ ઉલમા હઝરત અબ્દુલમુસ્તફા આ'ઝમી સાહબ** رحمۃ اللہ علیہ

**ગુજરાતી અનુવાદક : હઝરત સૈયદ અહમદશાહ વિંઝાણાવાળા (માંડવી)**

જેનો અંદાજિત ખર્ચ **૧૦૦૦** કોપી **રૂા. ૧,૦૦,૦૦૦/–** ( રૂા. એક લાખ) **લગભગ** થશે.

**આપનાં મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કિતાબના છાપકામમાં હિસ્સો લેશો અને સવાબે જારીઆના હક્કદાર બનશો** એવી નમ્ર અપીલ છે. સહાયકોની નામાવલિ પ્રસિદ્ધ કરવામાં આવશે. (ઈન્શાઅલ્લાહ !)

**સંપર્ક કરો**

**બરકાતે ખ્વાજા (માસિક) કાર્યાલય**
મુ. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨,
(**Mob.**) ૯૮૨૪૪૮૬૪૪૩

## આખેરતની ભલાઈ ચાહનારાઓને વિનંતિ

**"મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ"** ખાતે જગાની તંગી હોવાથી પહેલા માળે રૂમો બનાવવાનું શરૂ કરેલું જે નાણાની તંગીના કારણે અટકી ગયું. એક રૂમ તૈયાર કરવા માટે **"૧ લાખ રૂા."** લગભગની જરૂર પડે છે. તો સખી દાતાઓ પોતાના તરફથી ૧–૧ રૂમ બનાવી આ સવાબે જારીઆના કામમાં હિસ્સો લે તેવી દરખાસ્ત છે. અહીં તિલાવત, દુરૂદ, મેહફિલે નઅત, ઝિક્ર, ઈલ્મે દીનની તા'લીમ સતત થતી રહેશે. (ઈન્શાઅલ્લાહ !) *–લિ. (પ્રમુખ) પટેલ શબ્બીર અલી રઝવી*

## મૌલા તઆલા જઝાએ ખૈર આપે

બઝમે કાદરિયા, C/o. નૂરુલ ઈસ્લામ મસ્જિદ–બોલ્ટનથી જનાબ મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાળા થકી જામિઆ ખદીજતુલ કુબ્રા–ઈટોલા (તા. આમોદ) માં પઢતી આલિમા બહેનો માટે ઉર્દૂ–અરબી કિતાબો **રૂા. ૧૦,૨૦૦/–** ની પૂરી પાડવામાં આવીળ છે. ઉપરાંત અગાઉ **રૂા. ૧૦,૦૬૫/–** દસ આલિમાની માસિક ફી પણ આપી હતી. મૌલા તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદાકામાં સખી દાતાઓને રોજી રોજગારમાં બરકત આપે અને તમામ દુનિયાવી તથા ઉખરવી તકલીફો દૂર ફર્માવે અને બંને જહાનમાં તેમને તેમની ઔલાદને આબાદ કરે. *આમીન*

**–લિ.** (નાઝિમે આ'લા) મૌલાના અહમદ ઈટોલવાળા, ફોન : (૦૨૬૪૧) ૨૩૩૧૩૭

## ઈન્તેકાલ પુરમલાલ

**ચિકાગો** : થી જનાબ ઈકબાલ લાંગ્યા તથા મુહમ્મદ પટેલ હલદરવી જણાવે છે કે ગુજરાતી યંગ સુન્ની મસ્લિમ કમિટી–ચિકાગોના પ્રેસિડન્ટ તથા રૂહેરવાં વલીભાઈ સેક્રેટરી નૂરી કંબોલીવાળા ૨૮–ઝિલ હજ્જ હિ.સ. ૧૪૨૫, ૧૮–ફેબ્રુઆરી–૦૪ના રોજ મદ્રસાના તલબાના કલ્મા સાંભળ્યા પછી કિતાબ વાંચતાં વાંચતાં જ અચાનક હાર્ટ એટેકના સખત હુમલામાં અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન. આપ મસ્લકે આ'લા હઝરતના ઝંડાધારી પ્રખર સુન્ની હુઝૂર મુફતીએ આ'ઝમથી બયઅત પામેલા હતા. દીની પ્રોગામોમાં, મસ્જિદ મદ્રસાના કામોમાં અગ્રગણ્ય ભાગ ભજવતા હતા, રોજ મદ્રસાના બાળકોની તાલીમનું ધ્યાન આપતા, કલ્માં, દુઆ સાંભળતા. આપના દુનિયાથી જવાથી સુન્નીઓને ન પૂરાઈ તેવી ખોટ ઉભી થઈ છે. (મૌલા તઆલા તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, પાછળનાંઓને સબ્રે જમીલ આપે. *આમીન*

**ખોજબલ** : જનાબ મૌલાના ઈસ્માઈલ રઝવી (બોલ્ટન)ના ભાઈ વલીભાઈ ખોજબલ મુકામે અલ્લાહની રહમતે પહોંચી ગયા છે. મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આન ખ્વાની કરવામાં આવી હતી. મૌલા તઆલા મર્હૂમની મગફેરત ફર્માવે *(તંત્રી : બરકાતે ખ્વાજા)*